4BGB2

# ભલો ભરવાડ



લેખક
ા. ડૉ. આર. એમ. રાઠોડ

# ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકનું નામ | રકમ |
|---|---|---|
| | **જીવન ચરિત્રો** | |
| ૧ | વધસ્તંભ એજ સ્વર્ગ | ૨૦-૦૦ |
| ૨ | ગુરુને ચરણે | ૧૦-૦૦ |
| ૩ | સાચુ મોતી | ૧૦-૦૦ |
| ૪ | રેવ. થોમાભાઈ પાથાભાઈ | ૧૦-૦૦ |
| ૫ | ડી.એલ.મૂડી | ૧૦-૦૦ |
| ૬ | ડેવિડ બાઉમન | ૨૦-૦૦ |
| ૭ | વિલ્યમ કેરી | ૧૫-૦૦ |
| ૮ | જેમ્સ હડસન ટેલર | ૧૫-૦૦ |
| ૯ | પંડિતા રમાબાઈની સાક્ષી | ૨૦-૦૦ |
| ૧૦ | ડૉ.ઈ.સ્ટેન્લી જોન્સ | ૩૦-૦૦ |
| ૧૧ | ચાર્લ્સ સ્પર્જન | ૫૦-૦૦ |
| ૧૨ | સાધુ સુંદરસિંગ(ગ્રંથ) | ૧૨૫-૦૦ |
| ૧૩ | ડેવિડ બ્રેઇનર્ડ | ૨૦-૦૦ |
| | **મનન** | |
| ૧ | કૌટુંબિક વેદી | ૧૦-૦૦ |
| ૨ | જીવન સાફલ્ય ને મનન | ૬૦-૦૦ |
| ૩ | ટેકરીઓનો સાદ | ૧૨૫-૦૦ |
| ૪ | દૈનિક પ્રકાશ | ૭૫-૦૦ |
| ૫ | ઉપલીમેડી દૈનિક પ્રકાશ | ૩૦-૦૦ |
| ૬ | ઉપલીમેડી દૈનિક મનન | ૬૦-૦૦ |
| | **બાળકો** | |
| ૧ | બાલબલની સરળ વાર્તા | ૧૦-૦૦ |
| ૨ | વધામણીની વાતો | ૧૦-૦૦ |
| ૩ | ઝેરાહ | ૧૫-૦૦ |
| ૪ | સપના ઉકેલનાર યોસેફ | ૧૫-૦૦ |
| ૫ | વ્હાલા પંખીડા | ૧૫-૦૦ |
| ૬ | આઝાદીનો લડવૈયો | ૧૨-૦૦ |
| ૭ | વાટને વિસામે | ૪૦-૦૦ |
| ૮ | નાતાલની વાતો | ૧૦-૦૦ |
| ૯ | રાજાનો કેદી દાનીએલ | ૧૫-૦૦ |
| ૧૦ | ક્લરવ ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૧૧ | ક્લશોર | ૨૦-૦૦ |
| ૧૨ | ફૂલદાની | ૧૫-૦૦ |
| ૧૩ | સાચો મિત્ર | ૨૫-૦૦ |
| ૧૪ | બાઈબલ ક્વીઝ | ૩૦-૦૦ |
| ૧૫ | ક્લરવ | ૨૫-૦૦ |
| ૧૬ | બહાદુર ગોવાળિયો | ૩૦-૦૦ |
| ૧૭ | આવો ભૂલકા | ૫૦-૦૦ |
| ૧૮ | પતંગિયા | ૩૫-૦૦ |
| ૧૯ | ફૂલડાની ફોરમ | ૨૦-૦૦ |
| | **બાઇબલ સેમીનરી** | |
| ૧ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૧ | ૩૦-૦૦ |
| ૨ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૩ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૪ | ૩૦-૦૦ |
| ૪ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૫ | ૪૦-૦૦ |
| ૫ | ધર્મનું તત્વજ્ઞાન | ૪૦-૦૦ |
| ૬ | પવિત્ર શાસ્ત્રનો અભ્યાસી | ૬૦-૦૦ |
| ૭ | પિતૃઓના કૂવા | ૩૫-૦૦ |
| ૮ | રેલો અને ગીતો | ૩૫-૦૦ |
| ૯ | વધસ્તંભના સાત વચન | ૧૫-૦૦ |
| ૧૦ | ખ્રિસ્તી મંડળીનો ઈતિહાસ | ૫૦-૦૦ |
| ૧૧ | ગુજરાતમાં ખ્રિસ્તી મંડળીનો ઈતિહાસ | ૨૫-૦૦ |
| ૧૨ | ક્રોસ કથાના પાત્રો | ૧૦-૦૦ |
| ૧૩ | આત્મામાં સ્વપ્નો તથા સંદર્શનો | ૧૫-૦૦ |
| ૧૪ | ખ્રિસ્તી ઈશ્વર વિદ્યાના તત્વો | ૩૫-૦૦ |
| ૧૫ | પ્રબોધકો અને તેમના કાર્યો | ૨૦-૦૦ |
| ૧૬ | જૂનો કરાર તેની રચના તથા સંદેશા | ૬૫-૦૦ |
| ૧૭ | એ શી તરેહનું માણસ | ૩૦-૦૦ |
| ૧૮ | જન સામન્ય માટે બાઈબલ માર્ગદર્શિકા | ૪૦-૦૦ |
| ૧૯ | દાઉદ ભક્તના પસંદિત ગીતો આધારિત મનન | ૪૦-૦૦ |
| ૨૦ | પવિત્ર આત્મા વિષે સમજ | ૫૦-૦૦ |
| ૨૧ | નાઝરેથનો ઈસુ | ૧૫-૦૦ |

4BGB2 32

# ભલો ભરવાડ

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

: લેખક :

ડૉ. રેવ. રાયજી એમ. રાઠોડ

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

---

**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**

સાહિત્ય સેવાસદન

એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન નં. ૨૬૪૪૫૨૮૧

E-mail : gtbs_1852@yahoo.co.in

પ્રકાશક :

**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી,**
સાહિત્ય સેવાસદન
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

●

પ્રથમ આવૃત્તિ : ૧૯૮૪
પુનઃમુદ્રણ : ૧૯૮૮
પુનઃમુદ્રણ : ૧૯૯૩
પુનઃમુદ્રણ : ૨૦૦૬

●

**નકલ : ૧૦૦૦**

●

**કિંમત રૂા. ૨૦-૦૦**

●

મુદ્રક :
સ્ક્રીન ડોટ પ્રિન્ટર્સ
૪, દિવ્ય વસુંધરા કોમ્પલેક્ષ,
મિરઝાપુર કોર્ટ સામે,
મિરઝાપુર, અમદાવાદ.
ફોન : ૫૫૪૪૬૬૨૯

# સમર્પણ



**સ્વ. શ્રીમતી યરૂશાબહેન આર. રાઠોડ**
**જન્મ : તા. ૭-૨-૨૧ સ્વર્ગગમન : તા. ૨૯-૧-૮૨**

સ્વ. શ્રીમતી યરૂશાબહેન, જેમણે આડત્રીસ-આડત્રીસ વર્ષ ધર્મપત્ની તરીકે સુખ:દુ:ખમાં જીવનના તડકા-છાંયડામાં મારી પડખે રહી આંદ્રિયાની માફક પડદા પાછળ રહીને મારી ધર્મસેવામાં અમૂલ્ય ફાળો આપ્યો તે યાદ કરતાં આ નાનકડા પુસ્તકનું તેમની યાદમાં સમર્પણ કરું છું. અને તેમનાં જીવન તથા તેમની સેવા માટે ઈશ્વરપિતાનો હું આભાર માનું છું.

મારા શિરે મંડળીની તથા ડિસ્ટ્રિક્ટની અને કૉન્ફરન્સની ઘણી જવાબદારીઓ હતી. અખિલ ભારતની મેથોડિસ્ટ મંડળીઓમાં પણ અમુક જવાબદારી અદા કરી. આવી જવાબદારીઓને લીધે કુટુંબમાં હું બહુ ધ્યાન આપી શક્યો નહતો.

પરમેશ્વરે અમારા કુટુંબમાં પાંચ બાળકો આપ્યાં - ત્રણ દીકરા અને બે દીકરીઓ. યરૂશાબાઈએ આ બાળકોને પ્રભુમાં ઊછેર્યાં. આજે તેઓ બધાં જ ઉચ્ચ કેળવણી પામેલાં છે, કુટુંબવાળાં છે અને સૌથી મોટી વાત તો, બધાં જ પ્રભુમાં છે. ત્રણે ત્રણ દીકરા પૂર્ણસમયની ધર્મસેવામાં છે - પાળકો છે. આ બધામાં યરૂશાબાઈનો ફાળો મહાન છે. છેલ્લે કવિ કાન્તે તેમનાં પત્નીના મરણ બાદ પ્રભુનો આભાર માનતાં જે કાવ્ય લખ્યું છે, તેની અમુક પંક્તિઓ ટાંકીને હું વિરમું છું :

**"સખી આવી છે આપની પાસ પિતા,**
**એને સ્નેહ કરીને સાચવજો;**
**આપે જ આપી અને આપે જ લીધી,**
**આટલાં વર્ષ રાખી એ તો રહેમ કીધી."**

- આર. એમ. રાઠોડ

# બે બોલ

શું લખું? શું બોલું? હું નથી કોઈ મોટો કવિ, નથી સાક્ષર કે નથી કોઈ મોટો લેખક.

કેળવણી અને ગ્રામ સુધારણામાં પછાત ગણાતો એવો પંચમહાલ જિલ્લો, કાલોલ તાલુકો અને તેમાં રાબોડ નામનું નાનકડું ગામ. આવા ગામના ચાર ચોપડી ભણેલા એક સાધારણ ખેડૂતનો હું દીકરો. છતાં સંત પાઉલની માફક છાતી ઠોકીને કહી શકું છું કે, "હું જે કંઈ છું તે કેવળ તેની (પ્રભુ ઈસુની) કૃપાથી જ છું."

દાઉદ ભક્ત અને આમોસ પ્રબોધક, જેમનાં ચંપલની વાધરી છોડવા કે જેમનાં પગરખાં ઊંચકવા પણ હું લાયક નથી, છતાં તેમના જેવો હું પણ એક વખતે "ભરવાડ" હતો. અમારા કુટુંબની અસલ અટક "ભરવાડા" છે. દાઉદ અને આમોસને જેમ ઘેટાંબકરાં ચારતા હતા ત્યાંથી પ્રભુએ તેડ્યા તે જ પ્રમાણે પ્રભુએ તેમની અતિઘણી કૃપાથી મને પણ તેમની મહાન અને મહિમાવંતી સેવા માટે તેડ્યો. પ્રભુના નામને ધન્ય હો.

આમોસ કહે છે, "હું પ્રબોધક નહોતો તેમ જ પ્રબોધકનો દીકરો પણ નહોતો, પણ હું તો ગોવાળિયો, તથા ગુલ્લરવૃક્ષોનો સોરનાર હતો; હું ઘેટાંબકરાંની પાછળ ફરતો હતો. ત્યાંથી યહોવાહે મને બોલાવી લીધો...." આમોસ ૭ : ૧૪-૧૫

દાઉદ રાજા લખે છે : "યહોવા દરિદ્રીને ઉકરડા ઉપરથી ઉઠાવી રાજ્યાસન પર બેસાડે છે." પ્રબોધક શમૂએલ જ્યારે દાઉદનો રાજા તરીકે અભિષેક કરવા માગતો હતો ત્યારે દાઉદ તો તેના પિતાનાં ઘેટાં ચારવા ગયો હતો. આવું જ કંઈક મારા જીવનમાં પણ બન્યું છે.

ગામડાના સાધારણ ખેડૂતનો દીકરો અમેરિકાની વિશ્વવિખ્યાત પ્રિન્સટન યુનિવર્સિટીમાં શું અભ્યાસ કરી શકે? ઇંગ્લેન્ડ, આયર્લેન્ડ કેનેડા, જર્મની જેવા દેશોમાં જઈને શું સુવાર્તા પ્રગટ કરી શકે? અમેરિકા જેવા દેશમાં ચૌદ ચૌદ વખત જઈને તેનાં બાવીસ જેટલાં રાજ્યોમાં ફરીને શું

સુવાર્તા સંભળાવી શકે ? ના-મનુષ્યની દૃષ્ટિએ તદ્દન અશક્ય પરંતુ, પ્રભુ ઈસુએ તેઓની સામું જોઈને તેઓને કહ્યું કે, માણસોને તો એ અશક્ય છે, પણ દેવને સર્વ શક્ય છે" માથ્થી ૧૯:૨૬.

"આ કાર્ય યહોવાથી થયું છે; આપણી દૃષ્ટિમાં તે આશ્ચર્યકારક છે" ગી.શા. ૧૧૮:૨૩.

૧૯૮૩ માં ઓકલોહોમાં કૉન્ફરન્સે મને "મિશન ઈન્ટરપ્રીટર" તરીકે આમંત્રણ આપ્યું. ઓકલોહોમાં શહેરમાં આવેલી ઓકલોહોમાં સિટી યુનિવર્સિટીમાં રહેવા માટે મને બધી સુવિધા આપી. એ સમય દરમ્યાન ઘણા બધા દિવસો પ્રાર્થના, મનન અને ઉપવાસ સાથે પ્રભુની સંગતમાં ગાળ્યા અને પ્રભુએ આ નાનકડું પસ્તક લખવા પ્રેરણા આપી. મારા જીવનમાં કદાચ આ પ્રથમ અને છેલ્લું પુસ્તક હું ઈશ્વરની મહાન કૃપાથી લખી શક્યો છું તેથી તેમનો અંતઃકરણથી આભાર માનું છું.

મારા માતાપિતાએ મને પ્રભુમાં ઊછેર્યો, કેળવણી આપી, આથી તેમનો પણ હું ઋણી છું.

આ પુસ્તકની હસ્તપ્રત વાંચી, સુધારા વધારા કરી મને જે ઉત્તમ સલાહ અને દોરવણી આપ્યા તથા "આમુખ" લખ્યું તે માટે પ્રભુના માનવંતા રેવ. આર.બી.દેસાઈનો પણ હું અંતઃકરણથી આભાર માનું છું. આ પુસ્તકની હસ્તપ્રતની નકલ સારા હસ્તાક્ષરોમાં પ્રેસ માટે તૈયાર કરવા બદલ શ્રીમતી ગ્રેસબહેન એસ. ગોહિલનો પણ આભાર માનું છું.

જેમ ઈસ્રાયલી પ્રજાને ચાળીસ-ચાળીસ વર્ષ દરમ્યાન પ્રભુના બળવાન ભુજે દોરી, તે જ પ્રમાણે મને પણ છેલ્લા ચાળીસ-ચાળીસ વર્ષથી ધર્મસેવાના શ્રેત્રે આ મારા પાળક, મારા ભલા ભરવાડ, મને દોરી રહ્યા છે - તેમની જૂજ સેવા અને મહાન મહિમા માટે મારો ઉપયોગ કરી રહ્યા છે.

એ મારા પાળક છે. તેમને હું અંગત રીતે ઓળખું છું. એ તમારા પણ અંગત પાળક તથા દોરનાર બને એ જ આશા તથા પ્રાર્થના સાથે આ પુસ્તક વાંચકવર્ગના હાથમાં મૂક્તાં આનંદ અનુભવું છું.

**તા. ૨૬-૧-૧૯૮૪** ખ્રિસ્તના પ્રેમમાં

**સ્થળ : અમદાવાદ** (રેવ.) રાયજી એમ. રાઠોડ

## ● આમુખ

રેવ. રાઠોડે આ પુસ્તકનો હસ્તલેખ અમેરિકાથી મારા પર મોકલ્યો હતો. એને સળંગ વાંચી જવાથી મને ખાતરી થઈ કે, રેવ.રાઠોડનો આ વખતનો અમેરિકાનો પ્રવાસ એમને અનેક રીતે ખૂબ જ લાભદાયી બન્યો છે.

પાળક તરીકેના રેવ. રાઠોડના સંદેશા હંમેશા નવા કરારના "સુવાર્તિક" ની ઉષ્માથી ભરેલા હોય છે. સંદેશાને અંતે વેધક પ્રશ્નો પૂછીને શ્રોતાઓને આત્મખોજ કરવાની ફરજ પાડે છે. અને ઘણા બધાને એવી આત્મખોજ પછી પોતાની જાતનું પ્રભુ ઈસુ ખ્રિસ્તને સમર્પણ કરવામાં સહાયભૂત બને છે.

"સુવાર્તિક" નું હૃદય લાગણીથી ધગધગતું રહે છે. આવા લાગણીસભર હૃદયને જીવનસાથીની ખોટ ખૂબ જ સાલતી હતી, ત્યારે ઈશ્વરપિતાએ અદ્ભુત રીતે જે દિલોસા આપ્યો અને આશીર્વાદિત, ઉદ્યમી અને ઉપયોગી જીવન જીવવાનું સામર્થ્ય આપ્યું. તે અન્ય ઘણાંને પ્રેરક બને એવું આ પુસ્તક છે.

ડૉકટરોને અને મનોવિજ્ઞાનીઓને જેની સૂઝ પડી નહિ એવા દુ:ખદર્દનો ઈલાજ એક અનુભવી પાળકે પેલા કરોડપતિને સૂચવ્યો અને એનું પ્રિસ્ક્રિપ્શન લખી આપ્યું. એ પ્રિસ્ક્રિપ્શનના અમલથી એ કરોડપતિ

એની માનસિક માંદગીમાંથી મુક્ત થયો. એ જ કીમિયો રેવ. રાઠોડે પણ ઓકલોહોમાં સીટી યુનિવર્સિટીની ડોરમેટરીની ઓરડીમાં અજમાવ્યો અને જીવનસાથીની ખોટથી ઝૂરતા એમના હૃદયની વ્યથા દૂર થઈ. ભકત દાઉદનો 'પાળક' એમનો પણ 'પાળક' બન્યો... અને દરરોજ દિવસમાં સાત વાર એ 'પાળકગીત' ના ઓસડનું સેવન કરવાથી હૃદયમાં જે તાજગી અને બળ પ્રાપ્ત થયાં, તેમાંથી આ પુસ્કતનો જન્મ થયો.

ગીતના પ્રત્યેક શ્લોક પરના મનનને અંતે મળતા પ્રશ્ન અથવા અપીલ અથવા બોધ વાચકને જાગૃત કરે છે અને કંઈક રચનાત્મક પગલું ભરવાની પ્રેરણા કરે છે. આ તો નવા કરારના "સુવાર્તિક" ની એક વિશિષ્ટતા છે.

૨૩ મા ગીતનો "પાળક" રેવ. રાઠોડનો પણ "પાળક" છે એની પ્રતીતિ વાચકને થયા વગર રહેશે નહિ, અને તમામ વાચકો માટે મારી શુભેચ્છા છે કે તેઓ પણ એ "પાળક" ને અંગત રીતે ઓળખે અને તેમનાં જીવનોને લેખકની જેમ ઈશ્વરના મહિમાર્થે ખૂબ ઉપયોગી બનાવે.

**અમદાવાદ** **રેવ. આર.બી. દેસાઈ**

**તા. ૨૬-૧-૧૯૮૪**

□

# બે બોલ

રેવ. ડૉ. આર. એમ. રાઠોડ સાહેબ ગુજરાતી ખ્રિસ્તી સમાજમાં ખૂબ આદર સાથે લેવાતુ નામ છે. તેઓની ખ્રિસ્તી નેતાગીરીથી આપણે સહુ વાકેફ છીએ.

સાથે સાથે તેઓ પ્રખર ઉપદેશક પણ હતા. વળી તેઓએ વ્યસ્ત હોવા છતાં પણ લેખન કાર્ય દ્વારા સમાજની સેવા કરેલ છે. ગીતશાસ્ત્ર ૨૩ આધારિત આ પુસ્તક તેના વાંચકોને જરૂર ઉત્તેજન આપશે. જો કે ગીતશાસ્ત્ર ૨૩ પર અનેક પુસ્તકો લખાયા છે. પરંતુ ગુજરાતી ભાષામાં આ ગીત પરનું આ પ્રથમ પુસ્તક છે. પ્રભુના સેવકે તેમની આગવી શૈલીમાં તેને આપણી સમક્ષ મૂક્યું છે.

રેવ. ડૉ. રાઠોડ સાહેબ ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના પ્રમુખ તરીકે અને ૧૫૦ વર્ષની સંસ્થાની ઉજવણીના પ્રમુખ તરીકે પણ મહત્ત્વની સેવા બજાવી હતી. પ્રભુના સેવકની લાંબા વર્ષોની ખૂબ મહત્ત્વની સેવાઓ માટે પ્રભુનો જ આભાર માનીએ.

"ભલો ભરવાડ"ની ચોથી આવૃત્તિ તમારા હાથમાં મૂક્તા આનંદની લાગણી અનુભવુ છું. ચોથી આવૃત્તિ જ એ સાબિત કરે છે કે આ પુસ્તક લોકોને પ્રિય રહ્યુ છે. ચોથી આવૃત્તિ તેના વાંચકોને ઈશ્વરનો આશીર્વાદ પ્રાપ્ત કરાવવામાં મદદરૂપ બની રહે એ જ શુભેચ્છા તથા પ્રાર્થના છે.

આ પુસ્તકના પ્રકાશન પેટે શ્રી મંગળભાઈ કે. પરમાર તરફથી રૂા. ૧૦,૪૬૪-૦૦ તથા શ્રી કીરીટકુમાર આશીર્વાદ ફ્રેન્ક તરફથી સ્વ. માતા-પિતા શ્રીમતી માર્ગરિટબહેન આશીર્વાદ ફ્રેન્ક અને શ્રી આશીર્વાદ જેકબ ફ્રેન્કના સ્મણાર્થે આ પુસ્તકના ખર્ચ માટે રૂા. ૫૦૦૦/- દાન મળ્યા છે. જે બદલ સમગ્ર કુટુંબીજનોનો પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં આભાર માનુ છું.

પ્રેમભાવથી,<br>
**રેવ. હેમંતકુમાર જે. પરમાર**<br>
સેક્રેટરી

સાહિત્ય સેવા સદન,<br>
એલિસબ્રિજ,<br>
અમદાવાદ-૩૮૦૦૦૬

# આભાર

## કિરીટકુમાર આશીર્વાદ ફ્રેન્ક
## સ્વર્ગસ્થ માતા-પિતા
## શ્રીમતી માગરિટબહેન આશીર્વાદ ફ્રેન્ક અને
## શ્રી આશીર્વાદ જેકબ ફ્રેન્ક



શ્રી આશીર્વાદ જેકબ ફ્રેન્ક
જન્મ તારીખ : ૨૮-૦૮-૧૯૦૫
મૃત્યુ તારીખ : ૦૫-૦૩-૧૯૭૭

શ્રીમતી માર્ગારિટબહેન આશીર્વાદ ફ્રેન્ક
જન્મ તારીખ : ૧૮-૧૧-૧૯૦૮
મૃત્યુ તારીખ : ૧૧-૧૦-૧૯૯૪

## ● અનુક્રમણિકા ●


| | | | |
|---|---|---|---|
| ૧. | ગી. શા. ૨૩ | | ૧ |
| ૨. | ભજન સંગ્રહનું ગીત નં. ૧૮૬ | | ૨ |
| ૩. | ગી. શા. ૨૩ વિષે ટૂંક વિચારો | | ૩ |
| ૪. | ક - | યહોવા મારો પાળક છે. | ૫ |
| | ખ - | તેથી મને કશી ખોટ પડશે નહિ | ૧૦ |
| ૫. | ક - | તે લીલાં બીડમાં મને સુવાડે છે | ૧૩ |
| | ખ. - | તે શાંત પાણીની પાસે મને દોરી જાય છે. | ૧૫ |
| ૬. | ક - | તે મારા આત્માને તાજો કરે છે. | ૧૯ |
| | ખ - | પોતાના નામની ખાતર તે મને ન્યાયીપણાને માર્ગે ચલાવે છે. | ૨૨ |
| ૭. | ક - | જો કે મરણની છાયાની ખીણમાં હું ચાલું તો એ હું કંઈપણ ભૂંડાઈથી બીશ નહિ. કેમ કે તું મારી સાથે છે. | ૨૭ |
| | ખ - | તારી લાકડી તથા તારી છડી મને દિલાસો દે છે. | ૩૨ |
| ૮. | ક - | મારા શત્રુઓના દેખતાં તું મારે વાસ્તે ભાણું તૈયાર કરે છે. | ૩૬ |
| | ખ - | તેં મારા માથા પર તેલ ચોળ્યું છે. | ૩૮ |
| | ગ - | મારો પ્યાલો ઊભરાઈ જાય છે. | ૪૪ |
| ૯. | નિશ્ચે મારી જિંદગીના સર્વ દિવસો પર્યંત ભલાઈ તથા દયા મારી સાથે આવશે. | | ૪૭ |
| ૧૦. | અને હું સદાકાળ યહોવાના ઘરમાં રહીશ. | | ૪૯ |
| ૧૧. | “યહોવા મારો પાળક છે” (કાવ્ય) રેવ. સતિષ રાઠોડ | | ૫૪ |
| ૧૨. | ભજન સંગ્રહનાં કેટલાંક ગીતો વિષે ટૂંક નોંધ | | ૫૫ |

## [1]

## ગીતશાસ્ત્ર-૨૩

"યહોવા (પ્રભુ) મારો પાળક છે.
તેથી મને કશી ખોટ પડશે નહિ.
તે લીલાં બીડમાં મને સુવાડે છે;
તે શાંત પાણીની પાસે મને દોરી જાય છે.
તે મારા આત્માને તાજો કરે છે;
પોતાના નામની ખાતર તે મને
ન્યાયીપણાને માર્ગે ચલાવે છે.
જો કે મરણની છાયાની ખીણમાં હું ચાલું,
તોએ હું કંઈ પણ ભૂંડાઈથી બીશ નહિ;
કેમ કે તું મારી સાથે છે;
તારી લાકડી તથા તારી છડી મને દિલાસો દે છે.
મારા શત્રુઓના દેખતાં તું મારે વાસ્તે ભાણું તૈયાર
કરે છે;
તેં મારા માથા પર તેલ ચોળ્યું છે;
મારો પ્યાલો ઊભરાઈ જાય છે.
નિશ્ચે મારી જિંદગીના સર્વ દિવસો પર્યંત
ભલાઈ તથા દયા મારી સાથે આવશે;
અને હું સદાકાળ સુધી યહોવા(પ્રભુ)ના ઘરમાં
રહીશ."

□

## [2]

## ભજન સંગ્રહનું ગીત નં. ૧૮૬

આ ગીતના અર્થને બંધબેસતું જ ભજન સંગ્રહમાં મરહૂમ રેવ. કહાનજી માધવજી રત્નગ્રાહીનું ભજન પણ અહીં નોંધવા જેવું છે.

પ્રભુ પોતાના લોકનો છે પ્રેમી ઘેટાંપાળ, ધન ધન સંતોને રે-ટેક.

ઘેટાંને ચરાવતાં તે નિત રાખે સંભાળ. ધન ધન સંતોને રે-૧

નિરમળ પાણી પાય છે તે જીવન નદની માંય, ધન ધન સંતોને રે-૨

નિત નિત દોરી જાય છે જ્યાં લીલું ઘાસ જ થાય, ધન ધન સંતોને રે-૩

ટોળાંને ચરાવતાં તે આગળ આગળ જાય, ધન ધન સંતોને રે-૪

વાઘ, વરુ કે ચોરથી નવ હાનિ તો કંઈ થાય, ધન ધન સંતોને રે-૫

થાકે જો કોઈ ઘેટડું તો ઊંચકી લે છે નાથ, ધન ધન સંતોને રે-૬

માંદું જો કોઈ થાય તો તે સંભાળે દિનરાત, ધન ધન સંતોને રે-૭

ઉત્તમ પાળક ખ્રિસ્ત જેને સૌ ઘેટાંની જાણ, ધન ધન સંતોને રે-૮

ઘેટાંને બચાવવાને આપ્યો તેણે પ્રાણ, ધન ધન સંતોને રે-૯”

# [3]

## ગીતશાસ્ત્ર-૨૩ વિષે ટૂંક વિચારો

પ્રભુ ઈસુ ખ્રિસ્તે આપેલાં દૃષ્ટાંતોમાં "ભલા સમરૂની"ના દૃષ્ટાંતને "દૃષ્ટાંતોનું દૃષ્ટાંત"-શ્રેષ્ઠ દૃષ્ટાંત કહેવામાં આવે છે. એ જ પ્રમાણે દાઉદ ભક્તનાં પવિત્ર આત્માથી રચેલાં ગીતો પવિત્ર ધર્મગ્રંથ બાઈબલમાં ગીતશાસ્ત્રના નામે ઓળખાય છે. આ ગીતોમાં પણ ત્રેવીસમું ગીત તે "ગીતોનું ગીત"- શ્રેષ્ઠ ગીત તરીકે પ્રખ્યાત છે.

ઘણા મહાકવિઓએ તેને "નાઈટીંગેલ"નું નામ આપ્યું છે. કાળી અંધારી રાત્રે જે નાઈટીંગેલ પોતાના સુમધુર સૂરથી ગાય છે.

કેટલું ટૂંકું ! આપણે તેને અડધી જ મિનિટમાં સહેલાઈથી બોલી શકીએ છીએ. બાળપણથી આપણે તે શીખીએ છીએ. રવિશાળામાં ઘણી વખત આ ગીતને આપણે મુખપાઠ તરીકે બોલીએ છીએ.

બહુ જ સાદી અને સરળ ભાષા હોવા છતાં તેમાં કેવા મહાન અને ગૂઢ અર્થ સમાયેલા છે ! સદીઓથી માનવજાતે આ ગીતમાંથી પ્રેરણા-દોરવણી-દિલાસો મેળવ્યાં છે અને જ્યાં સુધી આ દુનિયા રહેશે ત્યાં સુધી મનુષ્યો આ ગીતના અખૂટ ભંડારમાંથી પ્રેરણા, દોરવણી ને દિલાસો મેળવતાં જ રહેશે.

આનું રહસ્ય એ જ છે કે દાઉદ ભક્તે ભરવાડ તરીકેના પોતાના અંગત અનુભવથી અને ઈસ્રાયલી લોકના રાજા બન્યા પછી પણ પ્રભુએ તેને જે અજાયબ રીતે સહાય કરી અને તેના આત્મિક જીવનની તેની જે સંભાળ રાખી, એ બધા અનુભવથી, હૃદયના ઊંડાણથી આ ગીત લખ્યું છે. આમ, આ ગીતમાં દૈહિક અને આત્મિક અનુભવનો સુમેળ સધાયો છે.

એક વખત એક ધનાઢ્ય વેપારી જીવનમાં હતાશ થઈ ગયો હતો, પોતે કરોડપતિ હતો છતાં જીવનમાં આનંદ નહોતો. એક દિવસે તે પોતાના પાળકને મળવા ગયો અને કંઈક માર્ગદર્શન માગ્યું.

પાળક સાહેબે આ ભાઈની વાત બહુ જ શાંતિથી અને ધીરજથી સાંભળી. પછી આ પ્રમાણે કહ્યું; "તમને દૈહિક માંદગી આવે અને તમે ડૉકટર પાસે જાઓ છો અને ડૉકટર જે દવા લખી આપે તેનો નિયમિત ઉપયોગ કરો છો. એ જ પ્રમાણે આજે હું તમારા જીવનને માટે આ દવા લખી આપુ છું. તેનો જો તમે વિશ્વાસુપણે ઉપયોગ કરશો તો હું તમને ખાતરી આપું છું કે તમને પંદર દિવસમાં શારીરિક, માનસિક અને આત્મિક સાજાપણું મળશે.

પ્રિસ્ક્રિપ્શન - દવા આ પ્રમાણે છે.

૧. દરરોજ સવારના નાસ્તા પહેલાં અને પછી પ્રાર્થના અને મનનપૂર્વક ગીતશાસ્ત્રનું ત્રેવીસમું ગીત વાંચો.
૨. બપોરના ભોજન લેતાં પહેલાં અને પછી એ જ દવા લો.
૩. રાતના વાળુ પહેલાં એ જ દવા લો.
૪. છેવટે રાત્રે સૂતાં પહેલાં અને પછી એ જ દવા લો.

આ પ્રમાણે કરવાથી તમારા જીવનનું ધ્યેય બદલાઈ જશે. તમારી વિચારશ્રેણી બદલાઈ જશે અને તમે નવી જ વ્યક્તિ બની જશો.

"છેલ્લા એક વર્ષથી હું આ "દવા"નો ઉપયોગ કરું છું અને જીવનમાં કદી પણ ન અનુભવી હોય તેવી આત્મિક તાજગી ને તંદુરસ્તી પ્રભુએ આપ્યાં છે."

વહાલા વાચક, તમને પણ મારી નમ્ર ભલામણ છે કે આ 'દવા' નો તમે તમારા અંગત જીવનમાં નિયમિત ઉપયોગ કરી અનુભવ કરી જુઓ.

"અનુભવ કરો ને જુઓ કે યહોવા (પ્રભુ) ઉત્તમ છે."

## (ક) "યહોવા (પ્રભુ) મારો પાળક છે"

દરેકને પોતાના જીવનમાં બીજી કોઈ વ્યક્તિની મદદની, દોરવણીની જરૂર પડે જ છે. પોતાના કરતાં ચઢિયાતી વ્યક્તિને તે પસંદ કરે છે. તેની આગળ તે ઘણી વખત પોતાના હૃદયનો બોજો ઠાલવે છે, અને એની સલાહ, દોરવણી પ્રમાણે પોતાનાં કાર્ય કરી જીવનમાં આગળ વધે છે.

ગી.શા. ૧૨૧:૧માં દાઉદ ભક્ત એક બહુ જ મહત્ત્વનો પ્રશ્ન પૂછે છે, લાખ રૂપિયાનો સવાલ ! "હું પર્વતો તરફ મારી આંખો ઊંચી કરીશ; મને ક્યાંથી સહાય મળે ?" લાખ રૂપિયાનો સવાલ છે, તો સવા લાખનો જવાબ પણ તે પોતે જ આપે છે. મને સહાય કરનાર તો પહાડો અને સમસ્ત સૃષ્ટિને ઉત્પન્ન કરનાર પરમેશ્વર છે. તેમના તરફ મેં તો સહાયને માટે મીટ માંડી છે.

યહોશુઆએ ઈસ્રાયલી લોકોને કહ્યું, "કોની સેવા તમે કરશો તે આજે જ પસંદ કરો... પણ હું ને મારા ઘરનાં તો યહોવાની જ સેવા કરીશું." યહોશુઆ ૨૪:૧૫.

**યહોવા :**

મુસાએ દેવને કહ્યું, અને તેઓ મને પૂછે, કે "તેનું નામ શું છે ? તો તેઓને હું શું કહું ?" અને દેવે મુસાને કહ્યું, "હું જે છું તે છું; "I am that I am" મતલબ કે હું અવિકારી દેવ છું, કદી જ બદલાતો નથી.

"ઈસુ ખ્રિસ્ત ગઈ કાલે, આજે તથા સદાકાળ એવો ને એવો જ છે." હિબ્રૂ. ૧૩:૮

"આકાશોને ઉત્પન્ન કરનાર, તેઓને પ્રસારનાર, પૃથ્વી તથા તેમાંથી જે નિપજે છે તેને ફેલાવનાર, તે પરના લોકોને પ્રાણ આપનાર

તથા તે પરના ચાલનારાને જીવન આપનાર હું યહોવા દેવ છું... એ જ, મારું નામ છે." યશાયા ૪૨:૫-૮.

"અનુભવ કરો અને જુઓ કે યહોવા ઉત્તમ છે."

ગી.શા. ૩૪:૮. વાંચો ગી. શા. ૩૪:૧-૧૦.

સંત પાઉલ કહે છે કે જો (આવો) "દેવ આપણા પક્ષનો છે જ તો આપણી સામો કોણ ?" રૂમી. ૮:૩૧.

કોઈક પ્રભુના સેવકે કહ્યું છે કે દેવ તો આપણા પક્ષનો છે જ, પરંતુ શું હું દેવના પક્ષમાં છું ?

જોન વેસ્લી લખે છે કે કાં તો તમે ખ્રિસ્તના પક્ષના છો કે તેમની વિરુદ્ધમાં છો. ખ્રિસ્તી જીવનમાં તટસ્થતાની નીતિ હોઈ શકે જ નહિ. There is no neutral ground in Christian life.

શું તમે યહોવાના પક્ષના છો. ?

**પાળક છે :** દાઉદ ભક્ત કહે છે આવા પરમેશ્વર તે પાળક છે. અંગ્રેજીમાં જે શબ્દ છે તેનો મૂળ અર્થ તો ઘેટાંપાળક થાય-ભરવાડ. તે ભલો ભરવાડ છે. વાંચો યોહાન ૧૦:૧-૧૬.

"હું ઉત્તમ ઘેટાંપાળક છું; ઉત્તમ ઘેટાંપાળક ઘેટાંને સારુ પોતાનો જીવ આપે છે."

"ઘેટાને બચાવવાને આપ્યો તેણે પ્રાણ, ઘન ઘન સંતોને રે."

પ્રભુ ઈસુ ઉત્તમ ઘેટાંપાળક છે. પ્રભુના એક સેવકે રમૂજમાં કહ્યું છે કે તો પછી શું તમે તેનું ઘેટું છો કે બકરું ?

જેમ ઘેટાપાળક ઘેટાંને બકરાંથી જુદાં પાડે છે, તેમ તે તેઓને એકબીજાથી જુદાં પાડશે. ઘેટાંને તે પોતાને જમણે હાથે પણ બકરાંને ડાબે હાથે રાખશે, ત્યારે રાજા પોતાની જમણી તરફનાંઓને (ઘેટાંને) કહેશે કે, મારા બાપના આશીર્વાદિતો આવો, જે રાજ્ય જગતનો પાયો નાખ્યા અગાઉ તમારે સારુ તૈયાર કરેલું છે તેનો વારસો લો."માત્થી ૨૫:૩૧-૩૪.

આ ઉપરથી જોઈ શકાય છે કે ઘેટું હોવું કેટલું બધું જરૂરી છે !

ભલો ભરવાડ કહે છે, "હું મારાં ઘેટાંને ઓળખું છું. હું તેમને નામ લઈને બોલાવું છું. તેઓ મારો સાદ ઓળખે છે."

અહીં હવે બીજો પ્રશ્ન થાય છે તે આ કે હું ઘેટું તો છું પરંતુ વાડામાં છું કે પછી વાડા બહાર છું ? ભટકેલું અને ખોવાયેલું ઘેટું છું ? વાંચો લુક ૧૫:૩-૭.

મારાં બીજાં ઘેટાં પણ છે, તેઓ આ વાડામાંના નથી; તેઓને પણ મારે લાવવાની જરૂર છે, અને તેઓ મારો સાદ સાંભળશે; અને એક ટોળું, એક ઘેટાંપાળક થશે.

ભલા ભરવાડના કાર્યનું વર્ણન યોહાન ૧૦:૧-૧૬ માં કરેલું છે. (વાંચો) માણસનો દીકરો ખોવાયેલું શોધવા તથા તારવા સારુ આવ્યો.

ઘેટાંપાળક પોતે ઘેટું બને છે, કેવું અજાયબ ! મહારાજા સયાજીરાવને માટે એવું કહેવામાં આવે છે કે પોતાની પ્રજાનું દુઃખ જાણવા ને તે દૂર કરવા ઘણી વખત તેઓ છૂપા વેશમાં પ્રજામાં ભળી જતા અને પ્રજાનું દુઃખ જાણીને તે દૂર કરતા. તેથી જ તેઓ કેટલા બધા લોકપ્રિય બન્યા હતા. !

આ જ પ્રમાણે ખોવાયેલાં ઘેટાંને શોધવા અને તારવા સારુ ઘેટાંપાળક પોતે નમ્ર ઘેટું બને છે. વાંચો યશાયા ૫૩. "તેના પર જુલમ ગુજારવામાં આવ્યો તો પણ તેણે નમ્ર થઈને પોતાનું મોં ઉઘાડ્યું નહિ; હલવાન વધ કરવા માટે લઈ જવામાં આવે છે તેના જેવો, અને ઘેટી પોતાના કાતરનારની આગળ મૂંગી રહે છે તેના જેવો તે હતો." યશાયાહ ૫૩:૭.

સંત યોહાન પ્રકટીકરણના પુસ્તકમાં લખે છે; "રાજ્યાસનની તથા ચાર પ્રાણીઓની વચમાં તથા વડીલોની વચમાં મારી નંખાયેલા જેવું એક હલવાન ઊભું રહેલું મેં જોયું." પ્રકીટ. ૫:૬.

"હલવાનનું જીવનપુસ્તક" હલવાનનું "લગ્નજમણ" વગેરે. હા, પોતાનાં ઘેટાંને શોધવા-તારવા-બચાવવા-ઘેટાંપાળક પોતે ઘેટું બને છે અને ક્રૂસ ઉપર દેવના નિષ્કલંક એબ રહિત હલવાન તરીકે પોતાનો પ્રાણ આપે છે. હાલેલૂયા !

**યહોવા પાળક છે,** પરંતુ દાઉદ ભક્ત કહે છે કે તે **મારો પાળક છે.**

**મારો પાળક છે.**

એક વખતે એક મહાન સંગીત પરિષદમાં એક જુવાન સંગીતકારે સુમધુર રાગથી ત્રેવીસમું ગીત ગાયું. સભાજનોએ તાળીઓના ગડગડાટથી તેને વધાવી લીધો.

ત્યાર બાદ પ્રભુના એક વયોવૃદ્ધ સેવક ઊભા થયા. લાકડીના ટેકે ટેકે તેઓ સ્ટેજ ઉપર આવ્યા અને આંખમાં આસું સાથે ધીમે ધીમે ત્રેવીસમું ગીત બોલવા શરૂ કર્યું અને તાળીઓનો ગડગડાટ શાંત થઈ ગયો. સર્વત્ર શાંતિ છવાઈ ગઈ. ઘણાં લોકો આંસુઓ સાથે પ્રાર્થના કરવા લાગ્યા.

આવા ગંભીર વાતાવરણમાં પેલો જુવાન સંગીતકાર ઊભો થયો. સભાજનોને સંબોધીને કહ્યું, "વહાલાં ભાઈ-બહેનો, અમારા બે વચ્ચેના તફાવતનું રહસ્ય જાણો છો ? રહસ્ય આ છે."

"I know the song, but he knows the Shepherd. હું ગીત જાણું છું, પરંતુ એ તો ભરવાડને જાણે છે, ઓળખે છે."

હા, દાઉદ ભક્ત પોતાના અંગત અનુભવથી કહી શકે છે કે યહોવા મારો-હા-મારો પાળક છે.

મોરેવીઅન મંડળીના પાળક પિટર બોહલરે જોન વેસ્લીને પૂછ્યું હતું. "શું પ્રભુ ઈસુ તમારા અંગત તારનાર છે ? તમે તેમને ઓળખો છો ?" આ પ્રશ્નથી જોન વેસ્લીનું હૃદય હચમચી ગયું હતું. મે ૨૪, ૧૭૩૮ ની રાતે લંડન શહેરમાં આલ્ડર્સગેટ રસ્તા પર તેનું બદલાણ થયું. પછી પોતાના જનરલમાં તે લખે છે : "હા, પ્રભુ ઈસુ મારા જોન વેસ્લીના-અંગત તારનાર છે."

થોમાએ કહ્યું, "મારા પ્રભુ અને મારા દેવ."

સંત પાઉલ લખે છે, "મારો દેવ પોતાના મહિમાની સંપત પ્રમાણે તમારી સર્વ ગરજ ખ્રિસ્ત ઈસુમાં પૂરી પાડશે." ફિલીપી ૪:૧૯. આ

બધામાં અંગત અનુભવની વાત છે. પરમેશ્વર પિતા સાથે અંગત સંબંધની વાસ્તવિકતા-હકીકત જોવા જાણવા મળે છે.

સુવાર્તાની શ્રેષ્ઠતા તો એ છે કે બાઈબલમાં જે ઈશ્વરની ઓળખ આપવામાં આવી છે તે personal God - માણસની સાથે અંગત સંબંધ રાખનાર પ્રભુ છે. તેઓ આપણામાં રસ લે છે. આપણી સંભાળ લે છે. તેને આપણી ચિંતા છે. "ઈસુ રડ્યા." આ શબ્દોમાં આ બધું જ આવી જાય છે.

ભારતની સર્વોચ્ચ ફિલસૂફી ઈશ્વર વિશે શું કહે છે ? "નેતિ નેતિ." પ્રભુ કેવા ? તો આના જેવા નહિ, તેના જેવા નહિ, Not this, Not that. હજુ પણ ગાવામાં આવે છે :

મને કહોને પરમેશ્વર કેવા હશે ?<br>
કેવા હશે ને ક્યાં રહેતા હશે ?<br>
મને કહોને પરમેશ્વર કેવા હશે ?

ત્યારે પ્રભુ ઈસુ ખ્રિસ્ત કહે છે કે જેણે મને જોયો છે તેણે બાપને, પરમેશ્વરને જોયો છે. પરમેશ્વર મારા જેવા છે, પરમેશ્વર પ્રેમ છે.

પ્રિય વાંચકો, શું આજે તમે ખરેખર કહી શકો છો કે તે મારો પાળક છે ? શું તમે તેને અંગત રીતે ઓળખો છો ? તેની વાણી ઓળખો છો ? તેની પાછળ પાછળ ચાલો છો ? જો તેમ ન હોય તો અત્યારે જ તમે તેને તમારા અંગત પાળક-ભરવાડ તરીકે સ્વીકારી લો. શારલોટ ઈલિયટની માફક આવો અને ગાઓ :

"હું છું તેવો જ / તેવી જ હક્ક વિના આજ,<br>
પણ વહેવાડયું તુજ રક્ત મુજ કાજ;<br>
ને મુજને તેડે તુજ અવાજ,<br>
દેવના હલવાન, હું આવું છું !"

□

## (ખ) "તેથી મને કશી ખોટ પડશે નહિ"

"તેથી" શબ્દને આગલા વાક્ય સાથે કેટલો ગાઢ સંબંધ છે. યહોવા મારો પાળક છે, તેથી મને કશી ખોટ પડશે નહિ.

વિશ્વવિખ્યાત સુવાર્તિક ડૉ. ઈ.સ્ટેન્લી જોન્સ 'ધ સોંગ ઑફ એ સેઈન્ટ' નામના પોતાના પુસ્તકમાં સાક્ષી આપતાં તેમના જીવનનો મુદ્રાલેખ જણાવે છે. "God guides-God provides" પ્રભુ દોરે છે- પ્રભુ આપણી જરૂરિયાતો (ખપ) પૂરી પાડે છે. હાલેલૂયા !

સંત પાઉલનો એ વિશ્વાસ હતો. "મારો દેવ પોતાના મહિમાની સંપત પ્રમાણે તમારી સર્વ ગરજ ખ્રિસ્ત ઈસુમાં પૂરી પાડશે." પ્રભુ ઈસુએ કહ્યું "તમે પહેલાં તેના રાજ્યને તથા તેના ન્યાયીપણાને શોધો એટલે એ બધાં વાનાં પણ તમને અપાશે." માત્થી ૬:૩૩.

"કેમ કે જેની તમને અગત્ય છે તે તેની પાસે માગ્યા અગાઉ તમારો બાપ જાણે છે" માત્થી ૬:૮ વાંચો માત્થી ૬:૨૫-૩૩.

યહોવા પ્રભુ ના સંતો તેનું ભય રાખો; કેમ કે તેનું ભય રાખનારને કંઈ ખોટ પડતી નથી. સિંહના બચ્ચાંને તંગી વેઠવી પડે છે ને ભૂખ વેઠવી પડે છે, પણ જેઓ યહોવાને શોધે છે તેઓને કોઈ પણ સારાં વાનાંની અછત હોશે નહિ." ગી. શા. ૩૪:૯-૧૦.

ઈસ્રાયલી પ્રજાનો એ અનુભવ હતો. ચાળીસ ચાળીસ વર્ષ સુધી છ લાખથી યે વધુ માણસોને દરરોજ સવારે તાજું માન્ના મળતું. દરેકને પોતાની જરૂરિયાત પ્રમાણે મળતું.

"અને તેઓએ દેશનું જૂનું અનાજ ખાધા પછી બીજે દિવસે માન્ના પડતું બંધ થયું, અને ત્યાર પછી ઈસ્રાયલપુત્રોને માન્ના મળ્યું નહિ. પણ તે વર્ષે તેઓએ કનાન દેશની પેદાશમાંથી ખાધું." યહોશુઆ ૫:૧૨.

દેશનું જૂનું અનાજ ખાધા પછી બીજે દિવસે માન્ના પડતું બંધ થયું." કેટલી કૃપા ! કેવો મહાન પ્રબંધ ! God guides and God provides. "કેમ કે ઈસ્રાયલનો દેવ યહોવા એમ કહે છે કે, જે દિવસે

હું ધરતી પર વરસાદ વરસાવીશ, ત્યાં સુધી માટલીમાંનો મેંદો થઈ રહેશે નહિ ને કુંડીમાંનું તેલ ખૂટી જશે નહિ. અને યહોવા પોતાનું જે વચન એલિયા હસ્તક બોલ્યો હતો તે પ્રમાણે માટલીમાંનો મેંદો થઈ રહ્યો નહિ ને કુંડીમાંનું તેલ ખૂટી ગયું નહિ." ૧ રાજા ૧૭:૧૪,૧૬. "હું જુવાન હતો અને ઘરડો થયો છું; પણ ન્યાયીને તજેલો કે તેનાં સંતાનને ભીખ માગતાં મેં જોયા નથી." ગી. શા. ૩૭:૨૫.

યહોવા મારો પાળક છે, તેથી મને કશી ખોટ પડશે નહિ.

આપણા દેશમાં કહેવત છે કે, 'કીડીને કણ અને હાથીને મણ' પૂરું પાડવાવાળો ઉપર બેઠો છે. "According to our need, not according to our greed." આપણી જરૂરિયાત પ્રમાણે, આપણા લોભ પ્રમાણે નહિ. જેઓએ માન્નાનો બમણો હિસ્સો લીધો હતો તેમનું માન્ના ગંધાઈ ગયું, ફેંકી દેવું પડ્યું. જેઓએ એક જ દિવસનું લીધું હતું-યહોવાના નિયમ પ્રમાણે-તેમને ખૂટી પડ્યું નહિ. "તું અમને દરરોજની રોટલી આપ."

મારાં માતાપિતા ગામડાનાં હતાં, પરંતુ કુટુંબમાં નિયમિત પ્રાર્થના થતી. એક વખતે સવારમાં પ્રાર્થનાના સમયે જ અમારા ખેતરમાં કામ કરનાર ભીલ નાયક મજૂરો આવ્યા. તેમને પણ અમે પ્રાર્થનામાં ભાગ લેવાનું કહ્યું. તેઓ શાંતિથી બેઠા. મને હજી પણ યાદ છે કે મેં નીચેનો શાસ્ત્રપાઠ વાંચ્યો હતો.

"એ માટે હું તમને કહું છું કે તમારા જીવને સારુ ચિંતા ન કરો કે અમે શું ખાઈશું અથવા શું પીઈશું; અને તમારા શરીરને સારુ ચિંતા ન કરો કે અમે શું પહેરીશું... આકાશનાં પક્ષીઓને જુઓ... ખેતરનાં ફૂલઝાડોનો વિચાર કરો..." માત્થી ૬:૨૫-૩૪.

પ્રાર્થના પૂરી થયા પછી મજૂરોમાંથી એક જણે પૂછ્યું, "આ બધું તમે માનો છો?" તેના શરીર પર એક લંગોટી સિવાય બીજું કશું ન હતું. બપોરના શું જમશે તે પણ તે જાણતો ન હતો.

પછી બીજો સવાલ પૂછ્યો, "આ બધું માનો છો તો પછી આટલું બધું અનાજ અને કપડાં શા માટે તમે ભરી રાખ્યાં છે ?"

આ વાતને આજે લગભગ બાવન વર્ષ થયાં પરંતુ એ અભણ છતાં નિખાલસ ભીલના શબ્દો મને કોઈ કોઈ વખત ઊંઘમાં પણ યાદ આવે છે.

"આજ દિવસની રોટલી તું અમને આપ." યહોવા મારો પાળક છે, તેથી મને કશી ખોટ પડવાની નથી. જે કરવાનું છે તે તો માત્થી ૬:૩૩. "પણ તમે પહેલાં તેના રાજ્યને તથા તેના ન્યાયીપણાને શોધો એટલે એ બધાં વાનાં પણ તમને અપાશે."

અમે જ્યારે જબલપુરમાં ૧૯૪૪-૪૮ દરમ્યાન ધર્મસેવાની તાલીમ લઈ રહ્યાં હતાં ત્યારનો આ પ્રસંગ છે. તે વખતે રૂ. ૪૮-૫૦ શિષ્યવત્તિ મળતી. કુટુંબમાં એક બાળક હતું. છેલ્લા અઠવાડિયામાં ઘરમાં બિલકુલ પૈસા હોય નહિ. બધું કરકસરથી વાપરવું પડે. આવા જ દિવસોમાં મારા બે મિત્રો મળવા આવ્યા. તેમના માટે ચા બનાવવા ખાંડ પણ હું ઉછીની લઈ આવ્યો. (પાછલા બારણેથી). અમે વડોદરા હોસ્ટેલ અને હાઈસ્કૂલમાં સાથે અભ્યાસ કર્યો હતો. તેથી તે વખતની વાતો કરી આનંદ અને સંગત માણ્યાં. તેઓ મિલિટરીમાં હતા. અને જબલપુર એમની બદલી થઈ હતી. તેમને જવાનો વખત થયો એટલે પ્રાર્થના કરી અમે છૂટા પડ્યા. જતા પહેલાં બંને ભાઈઓએ અમારા બાળકના હાથમાં દશ દશ રૂપિયા આપ્યા - કુલ વીસ રૂપિયા ! અડધા મહિનાની સ્કોલરશીપ ! એ બે ભાઈઓને તો સ્વપ્ને પણ ખ્યાલ ન હતો કે અમે કેટલી બધી આર્થિક ભીંસમા હતાં. એ જ પરમેશ્વર આટલાં વર્ષો દોરી લાવ્યા છે. કદી જ સારાં વાનાંની ખોટ પડવા દીધી નથી. સંકટના સમયે તે હાજરાહજૂર મદદગાર છે.

**GOD GUIDES, GOD PROVIDES.**

□

## (ક) "તે લીલાં બીડમાં મને સુવાડે છે."

લીલાં બીડ; બીડ એટલે ગૌચર; લીલાંછમ ઘાસથી ભરેલું છવાયેલું મેદાન.

ઘેટું બીકણ પ્રાણી છે. તેથી ચરવાનું મળે ત્યારે તે વહેલું વહેલું ચરે છે, થોભતું નથી, ઊંચું પણ જોતું નથી. બસ, ઊંધું ઘાલીને ચર્યા જ કરે છે. પરંતુ અહીં તો જુદું જ વર્ણન કર્યું છે. તે મને લીલાં બીડમાં સુવાડે છે. જલદી જલદી ચારો ચરવાને બદલે લીલાંછમ ઘાસમાં ઘેટું સૂઈ જાય છે ? ના, ભરવાડ તેને સુવાડે છે. આ શું સૂચવે છે ? ઘેટું ધરાઈને તૃપ્ત થઈ ગયું છે. ચારે તરફ લીલુંછમ ઘાસ છે. સરસ ચારો છે. પણ હવે તેની તેને જરૂર નથી. એ તો તૃપ્ત થઈ ગયું છે.

મને કશી ખોટ પડશે નહિ. તે લીલાં બીડમાં મને સુવાડે છે. મારો પ્યાલો ઉભરાઈ જાય છે. આ બધાંને કેટલો ગાઢ સંબંધ છે તે આપણે જોઈ શકીએ છીએ.

"તેઓને જીવન મળે અને તે પુષ્કળ છલકાતું-ઊભરાતું મળે માટે હું આવ્યો છું." યોહાન ૧૦:૧૦.

મનુષ્ય સ્વભાવ ચિંતા કરવાનો છે. આવતી કાલની ચિંતા. પેલી બહેનો કબરે જોવા નીકળી હતી, પણ ચિંતા કરતી હતી કે આપણે સારુ એટલો મોટો ભારે પથ્થર કોણ ગબડાવશે ? પરંતુ તેઓ કબરે ગઈ તે પહેલાં તો પથ્થરને ક્યારનો યે ગબડાવી દેવામાં આવ્યો હતો. "તે માટે આવતી કાલને સારુ ચિંતા ન કરો." પરંતુ "તમારી સર્વ ચિંતા તેના પર નાંખો; કેમ કે તે તમારી સંભાળ રાખે છે."

ઘેટું સ્વભાવે બીકણ અને તે વળી મેદાનમાં સૂઈ જાય ? હા, કારણ, ભરવાડ તેને સુવાડે છે. ભરવાડ તેની પાસે તેનું રક્ષણ કરવા અડીખમ ઊભો છે. "મરણની છાયાની ખીણમાં હું ચાલું તો યે હું બીશ નહિ, કેમ કે તું મારી સાથે છે" ભરવાડની હાજરી જ પૂરતી છે. ભલો ભરવાડ તેનાં ઘેટાંને પ્રેમથી લીલાં બીડમાં ચારો ચરાવે છે, લીલાં બીડમાં સુવાડે છે, ત્યારે ઘણી વખત ઘેટાં શું કરે છે ?

"હું તમને ફળદ્રુપ ભૂમિમાં તેનું ફળ તથા તેની ઉપજ ખાવા માટે લાવ્યો; પણ તમે તેમાં દાખલ થઈને મારી ભૂમિને અશુદ્ધ કરી છે." યર્મિયા. ૨:૭. જે મહાન વારસો આપણને મળ્યો છે તેને શું આપણે છિન્નભિન્ન કરી રહ્યા છીએ ?

લીલાં બીડમાં સૂવું તે આશીર્વાદની નિશાની છે. પરંતુ પ્રભુ ચેતવણી આપે છે. ઈસ્રાયલ પ્રજાને કહેવામાં આવ્યું કે જ્યારે તમે વચનના દેશમાં પ્રવેશો અને ઘરો બાંધો, ખેતરો ખેડો, દ્રાક્ષાવાડીઓ વાવો અને અંજીરી નીચે સૂઈ જાઓ ત્યારે મિસરમાંથી તમને કાઢી લાવનાર તમારા દેવને તમે રખે ભૂલી જતા.

શું તમે નિરાંતે સૂઈ શકો છો ? કે પછી પેલી કહેવત જેવું છે કે, "મારી તો ઊંઘ ઊડી ગઈ છે" ! કંઈક છુપાવેલું પાપ છે ! મન ડંખ્યા કરે છે ! ઊંઘી શકતા નથી ? તો ભલા ભરવાડ પાસે જાઓ. એ તમારી સર્વ પ્રકારની ભૂખ ભાગશે અને તમને શાંતિથી સુવાડશે.

"હું શાંતિમાં સૂઈ જઈશ તેમ જ ઊંઘી પણ જઈશ; કેમ કે હે યહોવા, હું એકલો હોઉં ત્યારે પણ તું મને સલામત રાખે છે." ગી. શા. ૪:૮.

□

## (ખ) "તે શાંત પાણીની પાસે મને દોરી જાય છે"

એક વાત હંમેશા યાદ રાખવાની છે કે ઘેટું ઘણું જ બીકણ પ્રાણી છે. તેથી તે ખળખળ વહેતું અને અવાજ કરતું પાણી બીકને લીધે પી શકતું નથી. તેથી ભલો ભરવાડ તેને શાંત પાણીની પાસે દોરી જાય છે. "બીક" ઘેટાંની મોટામાં મોટી નબળાઈ છે. ભલો ભરવાડ આ નબળાઈ જાણે છે. તેથી તે તેને તરછોડતો કે ધિક્કારતો નથી. એના પ્રત્યે વધુ મમતા, વધુ પ્રેમ બતાવે છે.

એક વખત એક દારૂડિયાને જુવાનો ખૂબ જ સતાવતા હતા. આ જુવાનો પોતાને ધાર્મિક માનતા હતા. અને પેલા દારૂડિયાને સુધારવા માગતા હતા. એક દિવસ જુવાનોએ એને પથ્થર માર્યા. બીજા દિવસે દારૂડિયો જુવાનોને મળ્યો ત્યારે તેમને કહ્યું : "તમે શા માટે મને હેરાન કરો છો ?" જુવાનોએ જવાબ આપ્યો : "તમે સુધરો, દારૂ છોડી દો, દેવળમાં આવો એટલા માટે." દારૂડિયાએ તેમને જે કહ્યું તે ધ્યાનથી વાંચો.

"મેં બાઈબલમાં કદી જ એવું વાંચ્યુ નથી કે કોઈને સુધારવા પ્રભુ ઈસુએ પથ્થર માર્યા હોય."

હા, કેટલી બધી વખત આપણે બીજાઓની નબળાઈઓ જાણીને તેનો ખોટો લાભ ઉઠાવીએ છીએ, તેને બ્લેકમેઈલ કરીએ છીએ. બદનામ કરીએ છીએ, તેના ચારિત્ર્ય ઉપર પથ્થમારો કરીએ છીએ. પરંતુ ભલો ભરવાડ શું કરે છે ?

પ્રેમથી શાંત પાણીની પાસે દોરી જાય છે. પ્રભુ આપણી નબળાઈ જાણે છે. "કેમ કે આપણી નિર્બળતા પર જેને દયા આવી શકે નહિ એવો નહિ, પણ સર્વ વાતે જે આપણી પેઠે પરીક્ષણ પામેલો છતાં નિષ્પાપ રહ્યો એવો આપણો પ્રમુખ યાજક છે." હિબ્રૂ. ૪:૧૫.

આપણે ઊંચકી ન શકીએ એવો બોજો તે કદી આપણા ઉપર મૂકતા નથી. "માણસ સહન ન કરી શકે એવું કંઈ પરીક્ષણ તમને થયું

નથી. વળી દેવ વિશ્વાસુ છે તે તમારી શક્તિ ઉપરાંત પરીક્ષણ તમારા પર આવવા દેશે નહિ; પણ તમે તે સહન કરી શકો, માટે પરીક્ષણ સાથે છૂટકાનો માર્ગ પણ રાખશે." ૧ કોરીંથી. ૧૦:૧૩.

આપણે બીજી રીતે આ વાક્યને જોઈએ. તે શાંત પાણીની પાસે મને દોરી જાય છે. હવે પર્વને છેલ્લે તથા મોટે-દહાડે ઈસુએ ઊભા રહીને ઘાંટો પાડતાં કહ્યું, 'જો કોઈ તરસ્યો હોય તો તે મારી પાસે આવીને પીએ.' યોહાન ૭:૩૭.

"જે પાણી હું આપીશ તે જે કોઈ પીએ તેને કદી તરસ લાગશે નહિ." યોહાન ૪:૧૪. પ્રભુ ઈસુ ખ્રિસ્તે કહ્યું કે, "હું જીવનનું પાણી છું." મુસાએ અરણ્યમાં ખડકમાંથી પાણી કાઢ્યું અને આખી ઈસ્રાયલી પ્રજાએ તે પીધું.

સંત પાઉલ કહે છે : "અને સર્વેએ એક જ આત્મિક પાણી પીધું. કેમ કે તેમની પાછળ ચાલનાર આત્મિક ખડકનું પાણી તેઓએ પીધું; તે ખડક તો ખ્રિસ્ત હતો." ૧ કોરીંથી. ૧૦:૪.

"મારો ઈસુ બહુ છે સારો હાં,
તે તો ભૂખ્યા જનનું ભાણું હાં,
તે તો તરસ્યા જનનું પાણી, દરિદ્રીનું નાણું રે હો જી."

"જીવનનો ઝરો છે પ્રભુ ઈસુ
તેમાં છે જીવનનું જળ, ઝરો છે પ્રભુ ઈસુ."

"ઝરામાંથી હું પીઉં છું સદા રહું આ જગામાં;
હ્યાં મેં જીવનનું જળ ચાખ્યું. તેથી તૃપ્ત થયો આત્મા."

તૃષિત લોકો માટે આટઆટલો પ્રબંધ કરવા છતાં મનુષ્ય કેવા કઠણ હૃદયનું છે ! "...મારા લોકે બે ભૂંડા કામ કર્યાં છે : તેઓએ મને એટલે જીવનના પાણીના ઝરાને તજી દીધો છે અને ટાંકાં કે જેમાં પાણી રહે નહિ એવા ભાંગેલાં ટાંકાં તેઓએ પોતાને સારુ ખોદ્યાં છે."
યર્મિયા ૨:૧૩.

કેટલી કડક ભાષા ! ભાષાનાં રૂપક તો જુઓ ! જેમાં પાણી રહે નહિ તેવાં, ભાંગેલાં ટાંકાં પોતાને સારુ ખોદ્યાં છે. પોતાની તૃષા છીપાવવા મુનુષ્ય કેવાં ફાંફાં મારે છે ! પરંતુ પ્રભુ કહે છે - પોકારીને કહે છે : “હે તૃષિત જનો, તમે સર્વ પાણીની પાસે આવો.....જે ખોરાક નથી.....જેથી તૃપ્તિ થતી નથી તેને માટે તમારી કમાઈ શા સારુ ખરચી નાખો છો ?” યશાયા ૫૫:૧-૨.

૧૯૪૪ માં જ્યારે પ્રભુએ મને પૂર્ણ સમયની ધર્મસેવા માટે તેડું આપ્યું ત્યારે હું વડોદરા રાજ્યમાં કોઠી કચેરીમાં નોકરી કરતો હતો. તેથી તે નોકરી છોડું તે પહેલાં મારા તેડાની ખાતરી કરવા ગીદીઓનની માફક મેં પણ પ્રભુ પાસે નિશાની માંગી. એક રાત્રે પ્રભુએ મારી સાથે નીચે પ્રમાણેના સંદર્શન દ્વારા વાત કરી.

હું એક મોટા મેદાનમાં ચાલતો હતો ત્યાર બાદ એક બહુ જ મોટી નદી જોઈ. તે બે કાંઠે વહેતી હતી. તેના કિનારે વૃક્ષો હતાં. પરંતુ તેમાંનાં કેટલાંક વૃક્ષ લીલાં હતાં, તેના પર ફૂલો ખીલ્યાં હતાં, કેટલાકને તો ફળ આવ્યાં હતાં, જ્યારે કેટલાંક વૃક્ષ તદ્દન સૂકાં હતાં. હું બહુ જ વિચારમાં પડી ગયો કે આવું કેમ ?

એટલામાં એકાએક આકાશમાં પ્રકાશ પ્રકાશ થઈ રહ્યો અને પ્રભુનો એક દૂત મારી પાસે ઊભો રહ્યો. મેં દૂતને આ સૂકા ઝાડવાં વિષે પૂછ્યું. નદી બંને કાંઠે વહે છે. તેની નજદીક હોવા છતાં આ ઝાડવાં સૂકાં કેમ છે ?

દૂતે કહ્યું, “એ મંડળીની સ્થિતિ છે. પ્રભુ ઈસુ જીવનનો ઝરો છે. છતાં કેટલાં બધાં જીવન હજી આ વૃક્ષ જેવાં સૂકાં છે ! તેમણે જીવનનું જળ ચાખ્યું નથી. આવાં જીવનોને જીવનનું જળ પહોંચાડવા પ્રભુએ તને તેડ્યો છે.”

બીજા જ દિવસે મેં રાજીનામું આપ્યું અને તેડાને આધીન થયો.

શું તમે જીવનનું જળ ચાખ્યું છે ? એ ઝરામાંથી પીને તમારો આત્મા તૃપ્ત થયો છે ?

તે શાંત પાણીની પાસે મને દોરી જાય છે.

આપણા માટે પ્રભુ ઈસુ ખ્રિસ્તે બીજો એક ઝરો ખોલ્યો છે, જે જીવનનો ઝરો છે, જેમણે કહ્યું, "હું જીવનનું પાણી છું. જે કોઈ આ પાણી પીએ તેને ફરી તરસ લાગશે નહિ." એ જ પ્રભુ ઈસુએ વધસ્તંભ ઉપર આપણા પાપના માટે દુઃખ સહન કર્યું અને કહ્યું, "મને તરસ લાગી છે." અને એમ એ વધસ્તંભ દ્વારા બીજો એક ઝરો ખોલ્યો છે.

"એક ઝરામાં ભરેલું રક્ત, ખ્રિસ્ત કૂખથી વહ્યું છે.
જે પાપી તેમાં નાહે છે, તે શુદ્ધ બને છે."

"મુજ પાપના ડાઘ ધોશે કોણ? ઈસુનું રુધિર છે વ્હેતું,
અમૂલ્ય છે ખરે ! શ્વેત બરફ સમ કરે,
અન્ય ઝરો ના મળે, ઈસુનું રુધિર છે વ્હેતું."

"પૂરી મુક્તિ, પૂરી મુક્તિ ઉઘાડેલો છે ઝરો,
વહેતો છે ત્રાતાની કૂખથી, સૌને આપનાર છુટકારો."

"ઝરો તારણનો ખોલિયો, મહીં વહે છે નિરમળ નીર,
સઘળાં તારણ લો.
દામ ન બેસે નીરનું ને કરૂણાથી ભાંગે ભીડ,
સઘળાં તારણ લો."

"ન્હાયા છો લોહીમાં,
સફાઈ પામ્યા શું ખ્રિસ્તના લોહીથી ?
શું તમારા વસ્ત્ર કલંક વિના છે;
સફાઈ પામ્યા શું ખ્રિસ્તના લોહીથી ?

પ્રભુ ઈસુ દૈહિક અને આત્મિક તરસ મટાડે છે તે શાંત પાણીની પાસે મને દોરી જાય છે.

□

## (ક) "તે મારા આત્માને તાજો કરે છે."

લીલાં બીડમાં સૂવાથી અને શાંત નિર્મળ પાણી પીવાથી કોણ આત્મામાં તાજગી ન અનુભવે ? પરંતુ યાદ રાખીએ કે જ્યારે પુષ્કળ આશીર્વાદો મળે છે, આત્મામાં ખૂબ જ તાજગી પામીએ છીએ ત્યારે જ શેતાન પણ પૂરા જોસથી હુમલો કરે છે.

પ્રભુ ઈસુ પવિત્ર આત્માથી ભરપૂર થયા ત્યાર પછી જ તેમનું પરીક્ષણ થયું.

એલિયા કેવો મહાન પ્રબોધક હતો ! એની પ્રાર્થનાઓ કેવી ! એલિયા પ્રાર્થના કરે અને આકાશમાંથી અગ્નિ પડે ! એલિયા પ્રાર્થના કરે અને વરસાદ બંધ પડે ! એલિયા પ્રાર્થના કરે અને વરસાદ પડે !

"એલિયાએ આહાબને કહ્યું કે, ઈસ્રાયલનો દેવ યહોવા જેની સંમુખ હું ઊભો રહું છું, તેના જીવના સમ કે હવેનાં વર્ષોમાં ઓસ તથા વરસાદ કેવળ મારા કહેવા પ્રમાણે જ પડશે." ૧ રાજા ૧૭:૧. કેવો મહાન પ્રબોધક !

કાર્મેલ પર્વત ઉપર કેવો મહાન વિજય પ્રાપ્ત કર્યો ! છતાં ઈઝબેલ રાણીની ધમકીથી કેટલો બધો હતાશ અને નિરાશ થઈ ગયો ? પોતાનો જીવ બચાવવા નાસી છૂટ્યો. એક રોતેમવૃક્ષ તળે બેઠો અને કેવા નિઃસાસા નાખે છે ! મોત માગે છે ! તેણે તે જોયું, ત્યારે તે ઊઠીને પોતાનો જીવ લઈને નાઠો... ને જઈને એક રોતેમવૃક્ષ તળે બેઠો, ત્યાં તેણે મોત માગ્યું. અને કહ્યું કે હવે તો બસ થયું; હવે તો હે યહોવા મારો જીવ લઈ લે; કેમકે હું મારા પિતૃઓ કરતાં સારો નથી." ૧ રાજા ૧૯:૩-૪. કારણ શું ? કારણ કે "એલિયા સ્વભાવે આપણા જેવો માણસ હતો." યાકુબ ૫:૧૭.

દાઉદ રાજાને પ્રભુએ અજાયબ જેવા આશીર્વાદો આપ્યા હતા. પરંતુ તે પ્રભુથી ભટકી ગયો. વ્યભિચાર અને ખૂન જેવાં ભયંકર પાપ કર્યાં. પછી તે પોકારી ઊઠે છે - "હે મારા આત્મા, તું કેમ ઉદાસ થયો છે ? તું કેમ ગભરાયો છે ?"

"તારા તારણનો હર્ષ મને પાછો આપ; અને ઉદાર આત્માએ કરીને મને નિભાવી રાખ."

પછી પસ્તાવા તરીકે ૫૧મું ગીત લખ્યું. અને હવે વૃદ્ધાવસ્થામાં તે ગાઈ શકે છે, લખી શકે છે કે, તે મારા આત્માને તાજો કરે છે."

બીજા એક તરજુમાનો અર્થ એવો થાય છે કે, "તે મારામાં નવો પ્રાણ પૂરે છે, નવું જીવન લાવે છે."

આપણને કંઈક વાગે અને શરીર ઉપર ઘા પડે, તેમ જ પાપ કરવાથી હૃદય-આત્મા ઘવાય છે, દુઃખી થાય છે. હૃદયના ઘા, આત્માના ઘા તો કેવળ આત્માનો વૈદ જ રૂઝવી શકે. તેમની જ પાસે ગીલીઆદની બામ છે. "He is the Wounded Healer. પ્રભુ ઈસુ એક ઘવાયેલા વૈદ છે, જે આપણા ઘા રૂઝવે છે. "તેના ઘાઓથી તમે સાજા થયા છો." ૧ પિતર ૨:૨૪.

"તે મારા આત્માને તાજો કરે છે."

"જેવા તારા દિવસો તેવું તારું બળ થશે." એલિયાના જીવનમાં આ કેટલું અર્થપૂર્ણ બની રહ્યું ! શરૂઆતમાં ખોરાક પૂરો પાડવા પક્ષીઓ પસંદ કર્યાં અને તે પણ કેવાં ! કાગડા !

દુકાળ પડ્યો ત્યારે મનુષ્યને પસંદ કર્યું, અને તે પણ કેવું મનુષ્ય ? એક વિધવા ! પરંતુ એલિયા જ્યારે આત્મામાં નિર્ગત થઈ ગયો અને તેણે મોત માગ્યું ત્યારે સ્વર્ગમાંથી દૂત ખોરાક અને પાણી સાથે મોકલવામાં આવ્યો. પછી ઝીણો, કોમળ અવાજ. આથી એલિયા દેહમાં અને આત્મામાં તાજગી પામ્યો અને તેના બળથી ચાળીસ દિવસ અને ચાળીસ રાત ચાલીને દેવના પર્વત હોરેબ સુધી આવી પહોંચ્યો.

હવે એલિયા ગાઈ શકે કે, "તે મારા આત્માને (અને દેહને પણ) તાજો કરે છે."

દાઉદ ભક્ત કહે છે, "દેવ આપણો આશ્રય તથા આપણું સામર્થ્ય છે; સંકટના સમયે તે હાજરાહજૂર મદદગાર છે...

"તે તારા પગને ડગવા દેશે નહિ;
તારો રક્ષક ઊંઘી જનાર નથી...
સર્વ દુઃખથી યહોવા તારું રક્ષણ કરશે,
તે તારા આત્માની સંભાળ રાખશે." ગી. શા. ૧૨૧

દાઉદ ભક્ત હવે આનંદથી ગાઈ શકે, "તે મારા આત્માને તાજો કરે છે."

શું એલિયાની માફક-દાઉદ ભક્તની માફક તમે આત્મામાં નિર્ગત થઈ ગયા છો? ઉદાસ થઈ ગયા છો? તારણનો હર્ષ ગુમાવી બેઠા છો?

ડૉ. ઈ.સ્ટેન્લી જોન્સ પણ કહે છે કે, "કેટલી બધી વખત મેં પણ મારા જીવનમાં આત્મિક સૂકવણાની ઋતુનો અનુભવ કર્યો છે. આવું બને છે, કારણ, આપણે મનુષ્યો છીએ. પરંતુ પવિત્રશાસ્ત્ર શું કહે છે?"

"પણ યહોવાની વાટ જોનાર નવું સામર્થ્ય પામશે; તેઓ ગરૂડની પેઠે પાંખો પ્રસારશે; તેઓ દોડશે ને થાકશે નહિ; તેઓ આગળ ચાલશે ને નિર્ગત થશે નહિ." યશાયા ૪૦:૩૧.

"રે જેના મેળાપથી મુજ દિલ છે હર્ષિત,
ને શોકમાં યાદ આવે જેનું નામ;
પ્રભાતે દિલાસો, સાંજે મારું ગીત
તે મુજ આશા, વિશ્રામ ને તમામ."

પ્રભુ ઈસુ આપણા દેહના અને આત્માના વૈદ છે. તેથી આપણે પણ ગાઈ શકીએ.

"તે મારા આત્માને તાજો કરે છે. મારામાં નવું જીવન લાવે છે. મારામાં નવો પ્રાણ રેડે છે." □

## (ખ) "પોતાના નામની ખાતર તે મને ન્યાયીપણાને માર્ગે ચલાવે છે."

**પોતાના નામની ખાતર :**

યહોવાનું નામ-પ્રભુનું નામ કેટલું બધું મહાન, પવિત્ર, સુમધુર અને મૂલ્યવાન છે ! તેથી જ દશ આજ્ઞાઓમાં ત્રીજી આજ્ઞા આપી કે, દેવનું નામ વૃથા લેવું નહિ.

પ્રભુ ઈસુએ પ્રાર્થનામાં શીખવ્યું, "તારું નામ પવિત્ર મનાઓ." જે માન, મહિમા પ્રભુના નામને ઘટે છે તે બીજા કોઈને આપવાનો નથી. તેથી જ બીજી આજ્ઞા પણ આપી. "તું તારે સારુ કોઈ કોરેલી મૂર્તિ ન કર. તું તેઓની આગળ ન નમ ને તેઓની સેવા ન કર."

દુનિયામાં પોતાનું નામ રાખવા, અમર થઈ જવા મનુષ્યો શું નથી કરતાં ? તો આ તો પ્રભુનું નામ, અમર, અવિચળ, અવિકારી શું આપણાં કામથી પ્રભુનું નામ મોટું મનાય છે ? પવિત્ર મનાય છે ?

સંત પાઉલ લખે છે, "તમારા લીધે વિદેશીઓમાં દેવના નામની નિંદા થાય છે." રૂમી. ૨:૨૪.

એ નામનું સ્તવન કરવા, એ નામને મહિમા આપવા કેવાં અજાયબ ગીતો પ્રભુના ભક્તોએ રચ્યાં છે !

"કેવું મધુર ઈસુનું નામ લાગે વિશ્વાસીને,
ભય હરે, ઘા રૂઝવે તમામ ને સર્વ શોક હણે."

"ઈસુ નામ સંગ લેતા જજો, હે સૌ દુઃખી ને લાચાર,
તેથી આનંદ ને દિલાસો તમને મળશે રે અપાર,
પ્રિય નામ, કેવું મિષ્ટ ! જગની આશ ને સ્વર્ગની હર્ષ."

"ઈસુના નામને દો મહિમા ને દૂતો લાગો પાય;
રાજમુગટ લઈ આવો બધા ને તેને માનો રાય."

"ભાવે ભજો પ્રભુ ઈસુ નામ, પ્રેમી મધુર પ્રભુ ઈસુ નામ;
અનંતજીવનનું નિશાન, ગાઓ પ્રભુનાં ગાઓ જયગાન,
ઊંચે આકાશે, પૃથ્વી પરે, તારણસાધક ઈસુ ખરે,
ત્રિલોકે દીસે એક જ નામ, તારણ આપે લે નહિ દામ."

"બીજા કોઈથી તારણ નથી. કેમ કે જેથી આપણું તારણ થાય એવું બીજું કોઈ નામ આકાશ તળે માણસોમાં આપેલું નથી." પ્રે.કૃ. ૪:૧૨

"લાગે બહુ વહાલું તારું રે, નામ તારનારું,
નામ તારનારું તારું રે, નામ તારનારું,
પાપથી છોડાવનારું મોક્ષ માંહે તેડનારું,
કેમ રે વિસારું સારું ર નામ તારનારું ?"

**પોતાના નામની ખાતર તે મને ન્યાયીપણાને માર્ગે ચલાવે છે.**

તે મને ન્યાયીપણાને માર્ગે ચલાવે છે.

અંગ્રેજીમાં જે શબ્દ છે તેનો અર્થ તો "તે દોરે છે" એવો થાય.

**"He leadeth me."**

આટલા ટૂંકા કાવ્યમાં પ્રભુ આપણા દોરનાર છે એ વિચાર કેટલી બધી વાર દર્શાવવામાં આવ્યો છે !

તે શાંત પાણીની પાસે મને દોરી જાય છે.

પોતાના નામની ખાતર તે મને ન્યાયીપણાને માર્ગે દોરી જાય છે.

મરણની છાયાની ખીણમાં તે મારી સાથે છે. તેમાં પણ તે દોરે છે.

પ્રભુ ઈસુએ શીખવેલી પ્રાર્થનામાં પણ આ વિચાર દર્શાવવામાં આવ્યો છે.

Lead us, not into temptation. અમને દોરી જા; પરીક્ષણમાં નહિ, પણ ભૂંડાઈથી દૂર દોરી જા. અમારો છુટકારો કરો.

"ઘેટાં તેનો સાદ સાંભળે છે; અને તે પોતાના ઘેટાંને નામ લઈને બોલાવે છે; અને તેઓને બહાર દોરીને લઈ જાય છે. જ્યારે તે પોતાનાં

સર્વ ઘેટાંને બહાર કાઢે છે, ત્યારે તે તેઓની આગળ ચાલે છે, અને ઘેટાં તેની પાછળ ચાલે છે; કેમ કે તેઓ તેનો સાદ ઓળખે છે." યોહાન ૧૦:૩-૪.

ઈસુએ તેઓને કહ્યું કે, "મારી પાછળ આવો. "Follow Me." અને તરત તેઓ પોતાની જાળો મૂકીને તેમની સાથે ગયા. શું ખરેખર આપણે પ્રભુ ઈસુની પાછળ બંધુ મૂકી દઈને ચાલીએ છીએ ? પ્રભુ ઈસુનો તો પડકાર છે :

"જો કોઈ મારી પાછળ આવવા માંગે તો તેણે પોતાનો નકાર કરવો અને દરરોજ પોતાનો વધસ્તંભ ઊંચકીને મારી પાછળ ચાલવું."

બીજા કેટલાએકને પ્રભુ ઈસુએ કહ્યું કે, "તમે રોટલી ખાઈને ધરાયા છો માટે મારી પાછળ આવ્યા છો."

આપણે શા માટે પ્રભુ ઈસુની પાછળ ચાલીએ છીએ ?

પોતાના નામની ખાતર તે મને દોરે છે... ન્યાયીપણાને માર્ગે. એ માર્ગ કેવો છે ? પ્રભુ ઈસુ કહે છે કે, માર્ગ, સત્ય અને જીવન હું છું. જે કોઈ મારી પાછળ આવે તે કદી અંધકારમાં ચાલશે નહિ." પ્રભુ ઈસુ પોતે જ તે માર્ગ છે.

આ પૃથ્વી ઉપર આપણે પરદેશી, પ્રવાસી મુસાફરો છીએ. મુસાફરી કરતાં કેટલી બધી વખત આપણે ચાર રસ્તા આગળ આવીએ છીએ. કોઈ નિશાની હોતી નથી. માર્ગ સૂઝતો નથી. મુંઝવણ અનુભવીએ છીએ. ક્યાં જવું ? શું કરવું ? તેની સમજણ પડતી નથી, ત્યારે તેઓ આપણને દોરે છે.

"આનંદ ઉર છે રે મુજને મળિયો તારણહાર;
થઈને ભોમિયો રે એ તો દેખાડે છે વાટ."

"મારો ઈસુ છે બહુ સારો હાં,
તે તો ભટકેલાનો માર્ગ, પ્રભાતનો તારો રે, હો જી."

ખલાસીઓ કેટલી બધી વખત ધ્રુવના તારાને જોઈને માર્ગદર્શન મેળવે છે. ઈસ્રાયલ પ્રજાને અરણ્યમાં અગ્નિસ્થંભ અને મેઘસ્થંભથી પ્રભુએ દોરી. પ્રભુ આપણા ભોમિયા છે. તે "પ્રભાતનો પ્રકાશિત તારો" છે. જોન વેસ્લી લખે છે કે, "જેના જીવનમાં પ્રભુ ઈસુ પ્રભાતનો પ્રકાશિત તારો છે, તેના જીવનમાં કદી જ રાત પડતી નથી." હાલેલૂયા ! કેવું અદ્‌ભુત !

"જે કોઈ મારી પાછળ આવે છે તે કદી જ અંધકારમાં ચાલશે નહિ."

ઘેટાંને 'ગાડર' પણ કહેવામાં આવે છે. તેથી આપણે ત્યાં રૂઢિ પ્રયોગ છે - "ગાડરિયો પ્રવાહ." ઘેટાંની માફક એક જાય તેની પાછળ પાછળ બીજું ઊંધું ઘાલીને ચાલ્યા જ કરે. શું કોઈ વખત આપણે આવા ગાડરિયા પ્રવાહમાં તણાઈ જઈએ છીએ ? લોકોની 'હા માં હા' અને 'ના માં ના' કહીએ છીએ ? અતિ મહાન નિર્ણયો કરવાના હોય ત્યારે નૈતિક હિંમત રાખી સત્યના પક્ષે ઊભા રહીએ છીએ ? "તમારી હા તે સાફ હા અને ના તે સાફ ના થાય" યાકૂબ ૫:૧૨.

પ્રભુ ઈસુ સંઘમાં ન હતા. મરેલી માછલી જ પાણીના વહેણ સાથે તણાઈ જાય છે. જીવંત માછલી હંમેશા પાણીના પ્રવાહની સામે જ પોતાનો માર્ગ કાપે છે. જીવનમાં કંઈ નીતિનિયમ રાખીએ છીએ કે પછી સ્વાર્થ સાધવા જે પાણીએ મગ ચઢે તે પાણીએ ચઢાવી લઈએ છીએ ?

જે માર્ગ પર પ્રભુ ચલાવે છે તે તો સાંકડો માર્ગ છે, વધસ્તંભનો માર્ગ છે. તેથી ઘણી વખત આપણે શું કરીએ છીએ ? "જ્યારે યહોવા તારો દેવ તને માર્ગમાં ચલાવતો હતો ત્યારે તેં તેને છોડી દીધો, તેથી તે તારી આ સ્થિતિ (દશા) તારા પોતાના પર આણી નથી?" યર્મિયા ૨:૧૭.

"પણ તેઓએ કહ્યું, અમે તે માર્ગમાં ચાલીશું નહિ."

યર્મિયા. ૬:૧૬. તેથી જ બાઈબલમાં લખ્યું છે કે, "તારા સર્વ માર્ગોમાં તેની આણ સ્વીકાર એટલે તે તારા રસ્તાઓ પાધરા કરશે."

નિતિવચન ૩ઃ૬.

ભરવાડ અને ગોવાળમાં કેટલો બધો ફેર છે ? ભરવાડ હંમેશા ટોળાને દોરે છે, ગોવાળ ટોળાને હાંકે છે. ભરવાડ માલિક છે. ગોવાળ ભાડૂતી છે.

જોન ન્યૂટન Amazing Grace નામના પોતાના ગીતમાં લખે છે : ...It's grace that brought me safe thus far, And grace will lead me Home."

ઈશ્વરની કૃપા મને આટલે સુધી દોરી લાવી છે અને તે જ કૃપા મને છેક ઘેર દોરી જશે.

પ્રભુના એક સંતે કહ્યું છે કે, "જો તે તમારા દોરનારને-ભોમિયાને ઓળખો છો તો પછી તેમના ઉપર વિશ્વાસ રાખો, આજ્ઞાધીન બનો અને તેમની પાછળ પાછળ ચાલો."

બીજા એક સેવકે કહ્યું છે, "શું તમે તેમના માર્ગમાં ચાલો છો કે પછી તેમના માર્ગમાં અવરોધરૂપ છો ?"

Are you on His way or in His way ?'

તે દોરે શો શુભ વિચાર ! સ્વર્ગી દિલાસો તે દેનાર;
જે માર્ગે જાઉં, જે કામ કરું, તેમાં દોરે છે મુજ પ્રભુ.
તે દોરે છે, તે દોરે છે, પોતાના બળવંત હાથ વડે;
વિશ્વાસુ સેવક (સેવિકા) હું થાઉં, ને દોરે તેમ પાછળ જાઉં.
મુજ અબળ હાથ તેના હાથમાંય, ને હું કરું નહિ કચકચ કાંય;
જે સ્થળ કે સ્થિતિમાં રહું, તેમાં દોરે છે મુજ પ્રભુ.
ઘોર અંધકાર દેખાય મને, કે તેજસ્વી પ્રકાશ પડે;
શાંતિ કે તોફાનમાં પડું. તેમાં દોરે છે મુજ પ્રભુ.
જિંદગીની સેવા થઈ પૂરી, સંપૂર્ણ જીત તુજ કૃપાથી;
મરણની બીક ન જાણું હું, તેમાં દોરે છે મુજ પ્રભુ."

"હવે શાંતિનો દેવ જેણે ઘેટાંના મોટા રખેવાળ આપણા પ્રભુ ઈસુને સર્વકાળના કરારના રક્તથી મૂએલામાંથી પાછો ઉઠાડ્યો, તે તમને દરેક સારાં કામમાં એવા સંપૂર્ણ કરે કે તમે તેની ઈચ્છા પ્રમાણે સઘળું કરો, અને તેની દષ્ટિમાં જે સંતોષકારક છે, તે તે ઈસુ ખ્રિસ્ત દ્વારા આપણી પાસે કરાવે. તેને સદાસર્વકાળ ગૌરવ હો. આમેન." હિબ્રૂ. ૧૩:૨૦ ૨૧.

## [7]

## (ક) "જો કે મરણની છાયાની ખીણમાં હું ચાલું તો એ હું કંઈપણ ભૂંડાઈથી બીશ નહિ. કેમ કે તું મારી સાથે છે."

મનુષ્યનો મહાનમાં મહાન શત્રુ બીક છે. એક વખતે એક માણસને કોલેરાનો ભેટો થયો. કોલેરાએ કહ્યું, "હું તારા શહેરમાં સેંકડો માણસોને મારવા જાઉં છું." બીજા દિવસે વર્તમાનપત્રમાં આવ્યું કે હજારો લોકો મરણ પામ્યાં હતાં. આ માણસને ફરીથી કોલેરાનો ભેટો થયો. તેણે પૂછ્યું કે, તે તો સેંકડો માણસોને મારવાનું કહ્યું હતું. પરંતુ આ તો હજારો માણસો મરણ શરણ થઈ ગયાં. કોલેરાએ જવાબ આપ્યો, "મેં તો ફક્ત થોડાંકને માર્યા છે. બીજા હજારો તો બીકથી મૃત્યુ પામ્યાં.

આપણા મનમાં બાળપણથી જ બીક ઘર ઘાલીને વસે છે. (Fear complex)

બાળપણમાં ચાલતાં ચાલતાં પડી જવાની બીક, વિદ્યાર્થી જીવનમાં નાપાસ થવાની બીક. ભણી રહ્યા બાદ નોકરી કેવી મળશે તેની અને ના મળે ત્યાં સુધી બેકારીની બીક, નોકરી મળે તો તે છૂટી જશે તો ? તેની બીક. માંદગીની બીક, અકસ્માતની બીક અને છેવટ મરણની બીક.

મનુષ્ય પોતાનું મોટાભાગનું જીવન આવી તરેહ તરેહની બીકમાં જ વ્યતીત કરે છે.

ગૌતમ બુદ્ધ વિષે આવી એક વાત છે. તેઓ તો રાજકુંવર હતા. બહારની દુનિયાના સંપર્કમાં આવ્યા ન હતા. પરંતુ એક દિવસ તેઓ તેના નોકરને લઈને બહાર ફરવા નીકળ્યા.

રસ્તાની બાજુમાં એક સખત માંદા માણસને જોયો. પોતાના દુઃખને લીધે તે કણતો હતો. ગૌતમ બુદ્ધે પોતાના નોકરને પૂછ્યું કે, આ શું છે ?" નોકરે જવાબ આપ્યો, "નામદાર, તે માણસ છે પરંતુ સખત બીમાર છે." ગૌતમ બુદ્ધે પૂછ્યું, "મને કદી એવું થાય ખરું ?" નોકરે જવાબ આપ્યો. "હા, નામદાર. આપ માણસ છો તેથી કોઈ દિવસ માંદગી આવે પણ ખરી."

પછી તેઓ આગળ વધ્યા. એક વૃદ્ધ લાકડીને ટેકે ચાલતા હતા. કમરેથી વાંકા વળી ગયા હતા. બુધ્ધે નોકરને પૂછ્યું, "આ શું છે?" જવાબ મળ્યો, "નામદાર આ માણસ વૃદ્ધ થઈ ગયા છે, આ વૃદ્ધાવસ્થા છે." રાજકુંવરે પૂછ્યું, "શું મને પણ આવું થશે ?" નોકરે કહ્યું, "હા, નામદાર."

પછી તેઓ આગળ વધ્યા. કેટલાક માણસો એક મૃતદેહને અગ્નિસંસ્કાર માટે લઈ જતા હતા. ગૌતમ બુધ્ધે પૂછ્યું, "આ શું છે ? નોકરે કહ્યું, "નામદાર, માણસ મૃત્યુ પામ્યું છે. હવે તેઓ તેને અગ્નિસંસ્કાર માટે લઈ જાય છે." ફરીથી રાજકુંવરે પૂછ્યું, "શું મને પણ આવું થશે ?" નોકરે જવાબ આપ્યો, "હા, નામદાર, દરેક મનુષ્યને એક દિવસ મરવાનું છે જ. આપ પણ મનુષ્ય છો તેથી એક દિવસ મરણ આવશે જ."

માનવજાતની આ સ્થિતિનો ઈલાજ શોધવા ગૌતમ બુધ્ધે ગાદી ત્યાગ કર્યો. ગૌતમ બુધ્ધે દુનિયાને શો ઈલાજ બતાવ્યો ? માનવજાતનાં સર્વ દુઃખોનું મૂળ ઇચ્છા છે. ઇચ્છાને મારી નાખો તો દુઃખ મટી જાય.

પ્રભુ ઈસુ ખ્રિસ્તની સુવાર્તાનો કેવો મહાન સંદેશો છે ? દૂતે મરિયમને કહ્યું, "હે મરિયમ બી મા." લુક ૧:૩૦. દૂતે ભરવાડોને કહ્યું. "બીહો મા" લુક ૨:૧૦. દૂતે યૂસફને કહ્યું, "બી મા" માત્થી ૧:૨૦. પ્રભુ ઈસુએ મધરાત્રે ભરદરિયે પોતાના શિષ્યોને કહ્યું, "બીહો મા, એ તો હું છું."

સુવાર્તાનો સંદેશો બીકનો નહિ, પણ આનંદનો, આશાનો સંદેશો છે. દૂતે તેઓને કહ્યું કે, "બીહો મા; કેમ કે, જુઓ, હું મોટા આનંદની સુવાર્તા તમને કહું છું.. આજ દાઉદના શહેરમાં તમારે સારુ એક તારનાર એટલે ખ્રિસ્ત પ્રભુ જનમ્યા છે." લુક ૨:૧૦-૧૧

આ પુનરાગમન અને પુનરુત્થાનની મહાન આશાનો સંદેશો છે. તેથી જેઓ પ્રભુ ઈસુ ખ્રિસ્ત ઉપર વિશ્વાસ કરે છે તેઓને મરણની પણ બીક નથી.

ચાર્લ્સ વેલ્સી અને જોન વેસ્લી એક વખત દરિયાઈ સફર કરતા હતા. તેમની આગબોટ ભારે તોફાનમાં સપડાઈ. બધાંના જીવ મુઠ્ઠીમાં આવી ગયા. આ સમયે આગબોટના એક ભાગમાં એક ભજનમંડળી બેઠી હતી. તેઓ આનંદથી ગીતો ગાતાં હતાં. જોન વેસ્લીને જરા નવાઈ લાગી. તેથી આ લોકો પાસે જઈને કહ્યું કે આગબોટ ભારે તોફાનમાં સપડાઈ છે. ડૂબી જવાનો ભય છે. બધાંના જીવ મુઠ્ઠીમાં આવી ગયા છે એ તમે જાણો છો ? તેમણે કહ્યું, હા, જોન વેસ્લીએ પૂછ્યું : તો પછી તમને બીક લાગતી નથી ? મરણની પણ બીક લાગતી નથી. આથી જોન વેસ્લીને વધુ નવાઈ લાગી. અને આ લોકોને પૂછ્યું કે, તમે કોણ છો કે તમને મરણની પણ બીક લાગતી નથી ? આ લોકોએ જવાબ આપ્યો કે અમે ખ્રિસ્તીઓ છીએ.

આ સાંભળી જોન વેસ્લીને મનમાં થયું કે શું હું ખરેખર ખ્રિસ્તી છું ? મને કેમ મરણની બીક લાગે છે ? જોન વેસ્લીની મોરેવિયન મંડળીના લોકો સાથે આ પ્રથમ મુલાકાત હતી. આલ્ડર્સગેટના અનુભવ પહેલાંનો આ પ્રસંગ છે.

લગભગ ૧૨૫ વર્ષ પહેલાં રેવ. ડૉ. ગીલ્મોરે ગાયું. "મરણની બીક ન જાણું હું, તેમાં દોરે છે મુજ પ્રભુ."

"હે ઈસ્રાયલ, તારો બનાવનાર, એવું કહે છે, કે તું બીશ મા... કેમ કે મેં તારો ઉદ્ધાર કર્યો છે... તું પાણીઓમાં થઈને જઈશ ત્યારે હું તારી સાથે હોઈશ...તું નદીઓમાં થઈને જઈશ, ત્યારે તેઓ તને ડુબાડશે નહિ. તું અગ્નિમાં ચાલીશ ત્યારે તને આંચ લાગશે નહિ અને જવાળા તને બાળશે નહિ." યશાયા ૪૩:૧-૩.

"મરણની છાયાની ખીણમાં હું ચાલું તોએ હું કંઈ પણ ભૂંડાઈથી બીશ નહિ." દાઉદ રાજા પાસે સુવાર્તા ન હતી. પરંતુ વિશ્વાસ હતો. તેથી તે કહે છે, "મારા સર્વ પ્રસંગો તારા હાથમાં છે."

ભક્ત દાઉદ કરતાં આપણને વધારે પ્રકાશ મળ્યો છે. આપણી પાસે સુવાર્તા છે. આપણી પાસે પ્રભુ ઈસુના પુનરુત્થાનની ઐતિહાસિક સત્ય ઘટના છે અને ખાલી કબરની સાબિતી છે.

**પ્રભુ ઈસુએ મૃત્યુ પર વિજય મેળવ્યો. પ્રભુ ઈસુ મૃત્યુંજય બન્યા છે ! હાલેલૂયા !**

પ્રભુ ઈસુ ખ્રિસ્તે કહ્યું, "પુનરુત્થાન તથા જીવન હું છું." સંત પાઉલ કહે છે કે, "મરણ જયમાં ગરક થઈ ગયું છે. અરે મરણ તારો ડંખ ક્યાં ? અરે મરણ તારો જય ક્યાં"? પ્રભુ ઈસુએ પોતાના મરણ અને પુનરુત્થાન દ્વારા મરણના દુઃખને અને મરણની બીકને સદાના માટે નાબૂદ કર્યા છે.

સંત પાઉલ કહે છે, દુનિયાની કોઈ પણ શક્તિ, હા મરણ પણ પ્રભુ ઈસુ ખ્રિસ્તના પ્રેમથી આપણને જુદાં પાડી શકતાં નથી રૂમી. ૮:૩૮-૩૯.

કેમ મરણની બીક નથી લાગતી ? કેમ કે તું મારી સાથે છે." પ્રભુ ઈસુ ખ્રિસ્તે કહ્યું, "જુઓ જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું." દુનિયાના ગમે તે ભાગમાં હોઈએ પરંતુ પ્રભુ આપણી સાથે છે.

"તેં આગળ પાછળ મને ઘેરી લીધો છે. અને તારા હાથે મને ઝાલી રાખ્યો છે. આવું જ્ઞાન મને તો આશ્ચર્ય પમાડનારું છે. તે અતિ ઉચ્ચ છે. હું તેને કળી શકતો નથી. તારા આત્મા પાસેથી હું ક્યાં નાસી જાઉં ? તારી હાજરીમાંથી હું ક્યાં નાસી જાઉં ? જો હું આકાશમાં ચઢી જાઉં તો તું ત્યાં છે. જો હું શેઓલમાં મારી પથારી નાખું, તો ત્યાં પણ તું છે. જો હું પરોઢિયાની પાંખો લઈને સમુદ્રને પેલે પાર જઈને વસું, તો ત્યાં પણ તારો હાથ મને દોરશે અને તારો જમણો હાથ મને ઝાલી રાખશે." ગી. શા. ૧૩૯:૫-૧૦.

તું તેનું નામ ઈમાનુએલ પાડશે. "દેવ આપણી સાથે." જોન વેસ્લીએ કહ્યું કે, મોટામાં મોટી વાત તો એ છે કે દેવ આપણી સાથે છે."

શું મરણની બીક લાગે છે ? મરણ તો ભરપૂર જીવનમાં પ્રવેશવાનું દ્વાર છે. એ તો પિતાના ઘેર જવાનું આમંત્રણ છે.

હું જ્યારે વડોદરા હોસ્ટેલમાં અભ્યાસ કરતો હતો; ત્યારે એક નિયમ હતો. જો થોડા દિવસની રજા પડે તો જે માતાપિતાના પત્રો આવ્યા હોય, અને જે છોકરાઓને તેમના ઘરે જવાનું આમંત્રણ આવ્યું હોય તેમને જ જવા દેવામાં આવતા.

રજાના દિવસો અગાઉ ગૃહપતિ મહૂરમ શ્રી ફિલિપ રાઠોડ સાહેબ બપોરના અને સાંજના જમણ વખતે જે છોકરાઓના પત્રો આવ્યા હોય તેમનાં નામ વાંચતાં. જેઓના નામ વંચાતાં તે છોકરાઓ આનંદવિભોર બની જતા. કેમ ? પિતાનો પત્ર આવ્યો છે, ઘેર બોલાવ્યા છે. કેટલો આનંદ ! પિતાના ઘેર જવાનું છે.

"તે દિવસે રૂપેરી દોરી તૂટી જશે, અને સોનાનો પ્યાલો ભાંગી જશે, અને ગાગર ઝરા આગળ ફૂટી જશે અને ચાકળો ટાંકી આગળ ભાંગી જશે.. અને દેવે જે આત્મા આપ્યો તે તેની પાસે પાછો જશે... કેમ કે માણસ પોતાના દીર્ઘકાળી ઘેર જાય છે." સભાશિક્ષક ૧૨:૫-૭.

હા, મરણ તો સ્વર્ગીય પિતાજીનો પત્ર છે. તેઓ આમંત્રણ આપી હવે તમને ઘેર બોલાવે છે. આનંદ કરશો કે દુઃખી થશો ?

"શાંત પૂરી શાંત ? દુઃખોના સાગરમાંય ?
હા, ઈસુના ખોળે નથી ચિંતા કાંય.
શાંત પૂરી શાંત ? છે વહાલાં આઘાં બહુ ?
હા, ઈસુને હાથે છીએ કુશળ સહુ.
શાંત પૂરી શાંત ? ભવિષ્યના અજાણ ?
હા, રાજ્યાસને ઈસુ છે બિરાજમાન.
શાંત પૂરી શાંત ? ઘેરે છે મૃત્યુભય ?
હા, ઈસુએ મૃત્યુ ઉપર કીધો જય."

□

## (ખ) "તારી લાકડી તથા તારી છડી મને દિલાસો દે છે"

આપણાં દેશમાં અને ખાસ કરીને ગુજરાતમાં ભરવાડો એક મોટી લાકડી રાખે છે. જેને ગામડામાં 'ડાંગ' પણ કહેવામાં આવે છે. કેટલાક ભરવાડો આવી ડાંગના છેડે લોખંડની કડીઓ બેસાડે છે, જેને "કડિયાળી ડાંગ" કહેવામાં આવે છે. ઘણા ખેડૂતો પણ આવી ડાંગ કે કડિયાળી ડાંગ ખેતરનું રખવાળું કરવા કે સાપ વગેરેને મારવા માટે રાખે છે.

આવી ડાંગથી ભરવાડો પોતાનાં ઘેટાંનું રક્ષણ કરે છે.

"વાઘ વરૂથી કે ચોરથી નવ હાનિ તો કંઈ થાય, ધન ધન સંતોને રે."

દાઉદ ભકતે જ્યારે આ લખ્યું ત્યારે તેને તેના જીવનના બે પ્રસંગો યાદ આવ્યા હશે.

(૧) જ્યારે ગોલિયાથને મારવા દાઉદે તૈયારી કરી, પોતાની ઇચ્છા બતાવી ત્યારે શાઉલે કહ્યું કે, "તે પલિસ્તીની સામે જઈને તેની સાથે લડવાને તું શક્તિમાન નથી; કેમ કે તું તો કેવળ જુવાન છે..." અને દાઉદે શાઉલને કહ્યું, કે "તારો સેવક પોતાના બાપનાં ઘેટાં સાચવતો હતો; અને એક સિંહ તથા એક રીંછે આવીને ટોળામાંથી એક હલવાન લીધું તો મેં તેની પાછળ પડીને તેને મારીને તેના મુખમાંથી તે છોડાવ્યું, અને તેણે મારા પર હુમલો કર્યો ત્યારે મેં તેની દાઢી પકડીને ઠાર મારી નાંખ્યો. તારા સેવકે સિંહ તથા રીંછ એ બંનેને મારી નાખ્યાં ૧ શમૂએલ ૧૭:૩૨-૩૬

પોતાનાં ઘેટાંને ચરાવતાં દાઉદે તેમનું રક્ષણ કરવા પોતાની લાકડીનો અને શક્તિનો ઉપયોગ કર્યો જ હશે. આ કાર્ય ઘેટાંને કેટલા બધા દિલાસારૂપ બની ગયું હશે !

(૨) પરંતુ દાઉદ ભક્તને બીજો પ્રસંગ યાદ આવ્યો જ હશે. દાઉદે પાપ કર્યું હતું. તેથી નાથાન પ્રબોધકને યહોવાએ દાઉદ પાસે મોકલ્યો અને કહ્યું. "તું જ તે માણસ છે." ૨ શમૂ. ૧૨:૭.

આ પાપની ભારે શિક્ષા દાઉદને ભોગવવી પડી. પણ તે દિલાસારૂપ બની (વાંચો ૨ શમૂ. ૧૨:૧-૨૫)

તારી લાકડી તથા તારી છડી મને દિલાસો આપે છે. ઈસ્રાયલના ભરવાડો ઘણી મોટી લાંબી લાકડી રાખે છે. તેના છેડે વળાંક હોય છે. તેને વાંકોડી વળાંકવાળી લાકડી પણ કહેવામાં આવે છે. આપણે ત્યાં જ્યારે બિશપોની અર્પણવિધિ થાય છે ત્યારે આવી લાકડી બિશપને હાથમાં આપવામાં આવે છે. તેઓ પોતાનાં ઘેટાંના પાળક છે, રખેવાળ છે તેના પ્રતીક તરીકે. પ્રભુ ઈસુએ પીતરને કહ્યું, "મારાં હલવાનોને પાળ." યોહાન ૨૧:૧૫, ૧૬, ૧૭.

ઈસ્રાયલમાં ભરવાડો આવી લાકડીનો ખાસ બે કામ માટે ઉપયોગ કરતા :

૧. જો કોઈ ઘેટું કરાડા ઉપર હોય અને ખીણમાં પડી જવાનો ભય હોય તો ભરવાડ પોતાની લાકડી લાંબી કરી તેના વળાંકમાં ઘેટાંને ભરવી લઈ પોતા પાસે ખેંચી લેતો.

૨. રસ્તામાં આવતાં ઝાડનાં ડાળાંઓને લાકડીના વળાંકમાં લઈ નીચે નમાવવામાં આવતાં કે જેથી ઝાડનાં પાંદડાં ચારા તરીકે ખાઈ શકે.

આ ઉપરાંત ભરવાડ પોતાના હાથમાં એક નાની છડી-સોટી રાખતા. આ છડીનો ઉપયોગ પણ અગત્યના બે કામ માટે કરતા.

૧. દરરોજ રાત્રે ઘેટાં જ્યારે વાડામાં જતાં ત્યારે આ નાની સોટીથી તેમને ગણવામાં આવતાં. એક એક ઘેટાંને આ સોટી નીચે થઈને જવું પડતું.

૨. ઘણી વખત આવી સોટી છડીના ઉપયોગથી ઘેટાંને શિક્ષા કરવામાં આવતી, શિસ્તમાં રાખવામાં આવતાં. ટોળા બહાર નીકળી ગયેલા ઘેટાંને ભરવાડ ધીમેથી અને પ્રેમથી સોટી મારતો કે જેથી ઘેટું ટોળામાં અને શિસ્તમાં રહે.

આમ ભરવાડની લાકડી તથા છડી ઘેટાંને કેટલા બધા દિલાસારૂપ બનતાં !

૧૯૮૩માં જ્યારે હું અમેરિકામાં હતો ત્યારે ટી.વી. ઉપર અમેરિકા અને ઇંગ્લેન્ડમાં કેળવણીના ક્ષેત્રે શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીગણને શિક્ષા થઈ શકે કે કેમ તે વિશે અને બંને દેશોમાં હાલમાં ચાલતી પદ્ધતિ વિશે ઘણી બધી ચર્ચા કરવામાં આવી, જે મેં પોતે ટી.વી. ઉપર જોઈ અને સાંભળી.

દા. ત. અમેરિકામાં શિક્ષકો વિદ્યાર્થીઓને સખત કે કડક શબ્દોમાં ઠપકો પણ ના આપી શકે. ઘણાં બધાં માબાપો શિક્ષકો ઉપર કોર્ટમાં દાવા કરે છે. આવા સખત ઠપકાથી અમારા બાળકની માનસિક સ્થિતિ બગડી ગઈ છે. વગેરે પ્રકારનાં તહોમતો શિક્ષકો ઉપર મૂકવામાં આવે છે.

ઈંગ્લેન્ડમાં આનાથી તદ્દન જુદું જ છે. ત્યાં અત્યારે પણ શાળામાં સોટી કે પટ્ટાનો ઉપયોગ કરવામાં આવે છે. આ પદ્ધતિ દૂર કરવા પણ પ્રયત્નો થઈ રહ્યા છે.

હું જ્યારે વિદ્યાર્થી હતો ત્યારે કહેવામાં આવતું, "સોટી વાગે ચમચમ ને વિદ્યા આવે રમઝમ" આ કેટલું બધું સાચું છે !

અંગ્રેજીમાં કહેવત છે કે, "Spare the rod and spoil the child" બાળકને શિક્ષા નહિ કરો તો તે ભટકતું થઈ જશે.

આપણે આત્મિક ક્ષેત્રે ફકત એક જ વાત ઉપર પુષ્કળ ભાર મૂક્યો છે. "દેવ પ્રેમ છે." હા, દેવ પ્રેમ છે જ, એ હું હૃદયનાં ઊંડાણથી માનું છું. દેવનો પ્રેમ મેં અનુભવ્યો છે, ચાખ્યો છે. પરંતુ બાઈબલ કહે છે, "દેવ ખાઈ નાખનાર અગ્નિ પણ છે." તે ભયાવહ દેવ છે.

સંત પાઉલ કહે છે, "તેથી દેવની મહેરબાની તથા તેની સખતાઈ પણ જો." રૂમી. ૧૧:૨૧.

"યહોવાના ભયમાં દૃઢ વિશ્વાસ સમાયેલો છે, અને યહોવાનું ભય રાખનારનાં છોકરાંને આશ્રયસ્થાન મળશે. મોતના ફાંદામાંથી છુટી જવાને માટે યહોવાનું ભય જીવનનો ઝરો છે." નીતિ. ૧૪:૨૬, ૨૭.

"મારા દીકરા, યહોવાની શિક્ષાને તુચ્છ ન ગણ; અને તેના ઠપકાથી કાયર ન થા. કેમ કે જેમ પિતા પોતાના માનીતા પુત્રને ઠપકો દે છે તેમ યહોવા જેના પર પ્રેમ રાખે છે તેને ઠપકો આપે છે. નીતિ. ૩:૧૦-૧૧

"હે યહોવા, તારો માર્ગ શીખવ. હું તારે સત્ય માર્ગે ચાલીશ, તારા નામનું ભય રાખવાને મારા હૃદયને એકાગ્ર કર." ગી.શા. ૮૬:૧૧.

**તારી લાકડી તથા તારી છડી મને દિલાસો દે છે.**

□

[8]

## (ક) "મારા શત્રુઓના દેખતાં તું મારે વાસ્તે ભાણું તૈયાર કરે છે."

ઘેટાં ચરાવતાં કેટલી બધી વખત ભરવાડોને ઘેટાંના શત્રુઓનો અનુભવ થાય છે. દા. ત. વાઘ, વરૂ, ચોર.

એક વખતે પેપરમાં વાંચ્યું હતું કે ગીરના સિંહ માલધારીઓનાં ઢોરો લઈ ગયા અથવા ફાડી ખાધાં.

૧. શમુ. ૧૭:૩૪-૩૬ મુજબ દાઉદને પણ ઘેટાં ચરાવતાં ચરાવતાં આવો અનુભવ થયો હતો.

ઘેટાંને ચારે તરફ આવા શત્રુઓ ફાડી ખાવાને માટે તાકી રહ્યા હોય છે. ઝઝૂમી રહ્યા હોય છે. છતાં ઘેટાં નિરાંતે શાંતિથી કોઈપણ જાતની ચિંતા વગર પોતાનું "ભાણું" ચારો ચરી શકે છે. કેમ ? કારણ કે તેનો રખેવાળ-ચોકીદાર-ભરવાડ તેનું રક્ષણ કરવા ખભે ડાંગ મૂકીને અડીખમ ઊભો છે. તેની નજર ચારે તરફ ફરે છે, "ઈસ્રાયલનો જે રક્ષક છે તે ઊંઘતો નથી અને નિદ્રાવશ થતો નથી."

ઘેટાં લીલાં બીડમાં દુશ્મનોની હાજરીમાં ભાણું ખાઈ શકે છે, સૂઈ પણ શકે છે. (મારા શત્રુઓના દેખતાં) તે મને લીલાં બીડમાં સુવાડે છે. મારા માટે ભાણું તૈયાર કરે છે. ભરવાડની લાકડી તથા છડી મને ભારે હિંમત અને દિલાસો આપે છે.

કેટલી બધી વખત નાનાં બાળકોને માટે બીકવાળી જગ્યાઓમાં તેમનાં માતા-પિતાની હાજરી જ પૂરતી હોય છે. આવો જ અનુભવ ઈસ્રાયલ પ્રજાને પણ થયો હતો. વચનનો દેશ-કનાન કબજે કરતાં પહેલાં ચારે તરફ તેઓ દુશ્મનોથી ઘેરાયેલા હતા. છતાં તેઓ એ બધા દુશ્મનોનો

સામનો કરીને કનાન દેશમાં પ્રવેશી શક્યા. હા, તેને કબજે કરી શક્યા. કારણ કે યહોવા દેવ તેઓ મધ્યે હતા. તે તેમને દોરતા હતા. "યુદ્ધ તો યહોવાનું છે."

તેના દુશ્મનો જોતા હતા અને આકાશથી લાવરીઓ ને માન્ના પડતાં હતાં. સૂકા ભઠ અરણ્યમાં ખડકમાંથી ખળખળ પાણી વહેતું હતું. "મારા શત્રુઓના દેખતાં તું મારે વાસ્તે ભાણું તૈયાર કરે છે."

ચારે તરફ આહાબ રાજાના જાસૂસો એલિયાને શોધવા નીકળી પડ્યા હતા, છતાં ત્રણ ત્રણ વખત આવા શત્રુઓની મધ્યે યહોવાએ તેના સેવક માટે ભાણું તૈયાર કર્યું. કાગડા દ્વારા, વિધવા દ્વારા અને દૂત દ્વારા.

યુગાન્ડામાં ઈદી અમીનના શાસનકાળ દરમ્યાન એન્ટેબી એરપોર્ટ ઉપર કેટલાક ઈસ્રાયલીઓને (નજરકેદ) બાનમાં રાખવામાં આવ્યા હતા. ઈસ્રાયલ પ્રજાએ બહુ જ અજાયબ રીત તેમના માણસોને છોડાવ્યા અને તેને લઈને જ્યારે વિમાન તેલ અવીવ આવ્યું ત્યારે આખી ઈસ્રાયલ "નેસેટ" પાર્લામેન્ટ હાઉસમાં એકત્ર થઈ. બધાંએ પોતાનાં માથાં ઢાંકયાં અને નમાવ્યાં. રાબ્બીએ ગી. શા. ૧૧૮ ધીમે ધીમે મનનપૂર્વક વાંચ્યું. પછી શાલોમ, ગાતાં ગાતાં બધાં પોતપોતાના ઘેર ગયાં.

આ આખું દશ્ય ૧૯૭૬માં અમેરિકામાં ટી.વી. ઉપર બતાવ્યું હતું. જે મેં પોતે જોયું હતું. આ અંગે એક પુસ્તક બહાર પડ્યું છે. "એન્ટેબીની નેવું મિનિટ" "Ninety Minutes At Entebee." વાંચો ગી.શા. ૧૧૮.

આજે ઈસ્રાયલ પ્રજા પણ ગાઈ શકે છે : "તું મારા શત્રુઓના દેખતાં મારે વાસ્તે ભાણું તૈયાર કરે છે."

પરંતુ માનવજાતનો બીજો એક દુશ્મન છે. તે તો શેતાન. "સાવચેત થાઓ, જાગતા રહો, કેમ કે તમારો વૈરી શેતાન ગાજનાર સિંહની પેઠે કોઈ મળે તેને ગળી જવાને શોધતો ફરે છે." ૧ પીતર ૫:૮.

પ્રભુ ઈસુએ "ઉપલી મેડી" માં પોતાનાં શિષ્યો સાથે જે છેલ્લું ભોજન લીધું તે પણ કેટલા બધા દુશ્મનોના દેખતાં. પ્રમુખ યાજકના જાસૂસો તેમને પકડવા શોધતા હતા. યહુદા તો એ જ ભાણા પર હાજર હતો.

છતાં પ્રભુ ઈસુએ વધસ્તંભ દ્વારા આવા મહાન શત્રુ શેતાનને હરાવીને આપણા માટે તારણનું ભાણું-તારણનું ભોજન તૈયાર કર્યું.

શેતાન તો હારેલો શત્રુ છે.

"ચાલો ખ્રિસ્તી યોદ્ધા જાણે યુધ્ધની માંય.
સાંભળતાં ઈસુ નામ નાસે છે શેતાન,
માટે યોદ્ધા ચાલો ગાતાં જયનાં ગાન,
સ્તુતિના પોકારથી ડોલે નર્કાસન,
માટે મોટે સાદે ગાઓ જયકીર્તન."

□

## (ખ) "તેં મારા માથા પર તેલ ચોળ્યું છે."

'ભલા સમરૂની'ના દૃષ્ટાંતમાં આપણે વાંચીએ છીએ કે ચોર તથા લૂંટારાના હાથથી ઘવાયેલા માણસ પાસે ભલો સમરૂની જાય છે અને તેના ઘા પર તેલ તથા દ્રાક્ષારસ રેડીને પાટા બાંધે છે. તેલ ઘાને રૂઝવવામાં મદદરૂપ થાય છે. કઠણ ચામડીને તે નરમ અને સુંવાળી કરે છે. તેથી વેદના ઓછી થાય છે.

ઘેટાં આખો દિવસ ચારો ચરે. ઘણી વખત કાંટાના જાળામાં માથું ઘાલીને પણ ઘાસ ખાય. આથી માથામાં કાંટા વાગતા. ઘણી વખત પથ્થરવાળી જમીન ચાલતાં ધારવાળા પથ્થરોથી ઘેટાંના પગોમાં ઘા પડતા અને લોહી નીકળતું.

રાત્રે વાડામાં પૂરતાં પહેલાં ભરવાડ પોતાની છડી વડે દરેક ઘેટાંને ગણતો; એટલું જ નહિ, પણ હાથ ફેરવીને બરાબર તપાસી જોતો.

માથામાં કે શરીરમાં કાંટા વાગ્યા હોય તો તે વીણી કાઢતો અને કાંટાથી કે પથ્થરથી પડેલા ઘા પર તેલ રેડતો. ઘેટાંનુ દુઃખ ઓછું થઈ જતું. તે પોતાનું દુઃખ સહન કરી શકતું અને રાત્રે નિરાંતે ઊંઘી જતું. ઘેટાંની કેટલા બધા પ્રેમથી માવજત કરવામાં આવતી !

બાઈબલમાં કાંટા તો શાપની નિશાની છે. આદમ અને હવાએ પાપ કર્યું. યહોવાએ પૃથ્વીને શાપ આપ્યો અને કહ્યું, "ભૂમિ શાપિત થઈ છે... તે કાંટા તથા કંટાળી તારે સારુ ઉગાવશે." ઉત્પત્તિ ૩:૧૭-૧૮.

પ્રભુ ઈસુ ખ્રિસ્તે પોતાના માથા ઉપર "કાંટાનો મુગટ" પહેરીને માનવજાતનો આ શાપ દૂર કર્યો છે. પોતે કાંટાનો મુગટ પહેરે છે અને આપણા માથે કૃપા તથા રહેમનો મુગટ મૂકે છે. " કંટક મુગટ પોતે પહેર્યો, ગૌરવનો તાજ પાપીને દે છે." કેવું અજાયબ !

તેથી જ આપણે ગાઈ શકીએ છીએ :

"આનંદ જગમાં તારક જન્મયો

પાપ અને દુઃખ ન હોય હવે - ભૂ પણ કાંટા ન દો.

તે નિજ આશિષ રેલવા આવે, જ્યાં લગ શ્રાપ વહેતો 'તો'તે મારા માથા પર તેલ ચોળ્યું છે. મારા ઘા રૂઝવ્યા છે. મારા પરના કોપ શાપ દૂર કર્યા છે.

**માથે તેલ ચોળવું :**

પ્રભુ ઈસુના સમયમાં મહેમાનનું સ્વાગત કરવાની આ રીત હતી. તે જમાનામાં પગપાળા મુસાફરી થતી. તેથી જ્યારે મહેમાન આવે ત્યારે સૌ પ્રથમ પગ ધોવા પાણી આપવામાં આવતું. અત્યારે આપણા દેશમાં પણ ગામડામાં મહેમાન આવે ત્યારે સૌ પ્રથમ તેમને પગ ધોવા પાણી આપવામાં આવે છે.

પછી તેમને પ્રતિક તરીકે સ્વાગત ચુંબન કરવામાં આવતું અને માથે તેલ ચોળવામાં આવતું.

સીમોને જ્યારે પ્રભુ ઈસુને મુખ્ય મહેમાન તરીકે પોતાના ઘરે

જમવા આમંત્રણ આપ્યું ત્યારે આ ત્રણમાંની એક પણ રીતે પ્રભુ ઈસુનું સ્વાગત કર્યું નહોતું. તેથી તો પ્રભુએ સીમોનને કહ્યું. "હું તારા ઘેર આવ્યો ત્યારે પગ ધોવાને સારુ તેં મને પાણી આપ્યું નહિ તેં મને ચુંબન કર્યું નહિ તેં મારા માથે તેલ ચોળ્યું નહિ." લુક ૭:૪૪-૪૬.

શું આપણે પણ સીમોન જેવું નથી કરતાં ? કેટલાં બધાં ઘરોમાં "પ્રભુ ઈસુ આ ઘરના મુખ્ય મહેમાન છે." એ વાક્ય દીવાલ ઉપર ટાંગેલું હોય છે અને છતાં જે માન સન્માન પ્રભુ ઈસુને મળવાં જોઈએ, તે કદી જ મળતાં નથી. સીમોનની માફક એક રિવાજ ખાતર કે બીજાંઓને દેખાડવા ખાતર જ આ બધું કરીએ છીએ. કેવળ બહારનો દેખાવ જ હોય છે.

પ્રભુ ઈસુએ સીમોનને જે કહ્યું તે શું આજે આપણને કહે છે ?

હવે જે તેલ ચોળે છે તે તો યજમાન છે. યજમાન મહેમાનને માથે તેલ ચોળે છે. "તેં મારા માથા પર તેલ ચોળ્યું છે." ભરવાડ ઘેટાંના માથા પર તેલ ચોળતો હતો. ભરવાડ-યજમાન અને ઘેટું મહેમાન-કેવું અદ્‌ભુત ! ભલા ભરવાડ પ્રભુ ઈસુ આપણા યજમાન અને આપણે તેમનાં ઘેટાં... તેમનાં મહેમાન! હાલેલૂયા ! પ્રભુની સ્તુતિ થાઓ.

પ્રભુભોજનની મેજ આગળ આપણે તેમના મહેમાન બનીએ છીએ. તે આપણા યજમાન છે. પરંતુ હજી બીજું એક આવું જમણ થનાર છે-હલવાનના લગ્નનું જમણ: "હલવાનના લગ્નજમણમાં જેઓને આવવાનું આમંત્રણ આપ્યું છે. તેઓને ધન્ય છે." પ્રકટી. ૧૯:૯.

કેટલી બધી વાર ફકત એક કંકોતરી જ ન મળી હોય તો ગાઢ સંબંધો પણ સદાને માટે તૂટી જાય છે. 'તમારે ત્યાં લગ્ન અને મને કંકોતરી પણ નહિ ?' તો પછી હલવાનના લગ્નજમણમાં જવાની કંકોતરી મળી છે ? ના મળી હોય તો એનું દુઃખ શું આપણા મનમાં છે ?

"માથે તેલ ચોળવું" એટલે શોક ઉતારવો. ગામડામાં હિંદુ ભાઈ-બહેનો "માથે તેલ ચોળવું" તેનો અર્થ આવો કરે છે. જ્યારે કુટુંબમાં કોઈ આપ્તજનનું મૃત્યુ થાય ત્યારે મહિના કે સવા મહિના પછી ભાઈ-

બહેનને પોતાના ઘરે લઈ જાય છે. ત્યાં બીજાં કુટુંબીજનો એકત્ર થાય છે. બધાં સ્નાન કરે, નવાં કપડાં પહેરે, પછી ભાઈઓને માથે તેલ ચોળવામાં આવે અને પછી સારું ભોજન બનાવી કુટુંબ જમે છે. આને શોક ઉતાર્યો એમ કહેવામાં આવે છે.

આપણા માથે પ્રભુ ઈસુ તેલ ચોળે છે. "શોકના બદલે હર્ષનું તેલ આપે છે."

"કેવું મધુર ઈસુનું નામ લાગે વિશ્વાસીને,
ભય હરે, ઘા રૂઝવે તમામ ને સર્વ શોક હણે."

યાકૂબ ૫:૧૪-૧૫ મુજબ માંદગીમાંથી સાજાપણું મળે માટે માથા ઉપર તેલ ચોળી પ્રાર્થના કરવામાં આવતી. "તમારામાં શું કોઈ માંદો છે ? જો હોય તો તેણે મંડળીના વડીલોને બોલાવવા; અને તેઓએ પ્રભુના નામથી તેને તેલ ચોળીને તેને માટે પ્રાર્થના કરવી."

પ્રભુ ઈસુએ આપણા માથે તેલ ચોળીને પાપના રોગથી મુક્ત કરી આત્મિક સાજાપણું આપ્યું છે. "ખચીત તેણે આપણાં દરદ માથે લીધાં છે ને આપણાં દુઃખ વેઠ્યાં છે." યશાયા. ૫૩:૪.

શું તમે આત્મિક રીતે તંદુરસ્ત છો ? શારીરિક તંદુરસ્તીની નિશાની ભૂખ લાગવી, ઊંઘ આવવી વગેરે છે. પ્રભુનાં વચનોની, સંગતની ભૂખ લાગે છે ? શાંતિથી ઊંઘી શકો છો ? તે તમને લીલા બીડમાં સુવાડે છે ?

"તેં મારા માથા પર તેલ ચોળ્યું છે." કાંટાથી ઘા રૂઝવવા માટે. આ તો દૈહિક અને બાહ્ય ઘા છે. પરંતુ હૃદયમાં પડેલા ઘાનું શુ ? કંઈક વાગવાથી શરીરમાં ઘા પડે છે. તે જ પ્રમાણે પાપ કરવાથી હૃદયમાં-આત્મામાં પણ ઘા પડે છે.

કોઈવાર મિત્રો કે કુટુંબીજનોનાં વર્તન, વલણ, વાણીના લીધે જીવનમાં અસહ્ય અને કારમાં ઘા પડે છે. હૃદય ચીરાઈ જાય છે. "કોઈ તેને પૂછશે કે તારા હાથો પર આ ઘા શાના છે ? ત્યારે તે ઉત્તર દેશે, કે એ તો મારા મિત્રોના ઘરમાં જે ઘા મને પડ્યા હતા તે છે." ઝખાર્યાહ ૧૩:૬. આવા ઘા કેવળ આત્માનો વૈદ પ્રભુ ઈસુ જ રૂઝવી શકે. તેમની જ પાસે

ગીલઆદની બામ છે.
"ઘા રૂઝવવા હૃદયનાં તમામ પ્રભુ ઈસુ આપે સ્વર્ગીય બામ."
હૃદયભંગ થયેલાને તે સાજાં કરે છે. ને તેઓના ઘાને રૂઝવે છે."
ગી. શા. ૧૪૭:૩.

આવા ઘા રૂઝવવાનો બીજો ઉપાય પણ પ્રભુ ઈસુ ખ્રિસ્તે જ બતાવ્યો છે. તે તો એ કે આપણે એવાંઓને માટે પ્રાર્થના કરીએ અને હૃદયના ઊંડાણથી તેઓને માફ કરીએ. "જેમ અમે અમારાં ઋણીઓને માફ કર્યાં છે તેમ તું અમારાં ઋણો અમને માફ કર." જો આપણે માફ કરવાને બદલે આપણા મનમાં ભરી રાખીશું તો આપણાં હૃદયનો-મનનો ઘા રૂઝાવાને બદલે તાજો જ રહેશે.

મહાન ફિલસૂફ સોક્રેટીસ કહે છે, વેર-ઝેર-અદેખાઈ તો "કાયાની કરવત" છે. તે શરીર તથા આત્માને ખાઈ જાય છે.

એક માણસ હંમેશા તેલની કુપ્પી પોતાની સાથે જ રાખતો. જ્યારે કોઈપણ દરવાજાનું મીજાગરું ચૂં ચૂં અવાજ કરે તો તે તેમાં તેલ પૂરતો અને અવાજ બંધ થઈ જતો. મશીનોમાં ઘર્ષણ શાંત પાડવા સાંધાઓમાં તેલ પૂરવામાં આવે છે. કેવું સરસ કામ !

તમે ઘા કરો છો ? કે ઘા રૂઝવો છો ?

માથે તેલ ચોળવું એટલે અભિષેક કરવો.

શમૂએલ પ્રબોધકને કહેવામાં આવ્યું કે શાઉલનો રાજા તરીકે અભિષેક કર. "પછી શમૂએલે તેલની કુપ્પી લઈને તેમાંથી શાઉલના માથા પર તેલ રેડ્યું, ને તેને ચુંબન કરીને કહ્યું કે, "શું યહોવાએ પોતાના વતન પર સરદાર થવા સારુ તને અભિષેક કર્યો નથી ?" ૧ શમુ. ૧૦:૧.

ત્યાર બાદ જ્યારે દાઉદને રાજા તરીકે નીમવાનું કહેવામાં આવ્યું ત્યારે પણ આવું જ બન્યું. યહોવાએ શમૂએલને કહ્યું કે, "ઊઠીને તેનો અભિષેક કર, કેમ કે એ જ તે છે. ત્યારે શમૂએલે તેલનું શિંગ લઈને તેના ભાઈઓની વચમાં તેનો અભિષેક કર્યો." ૧ શમૂ. ૧૬:૧૩.

એલિયાને તેની જગ્યાએ એલિશાનો અભિષેક કરવાનું કહેવામાં આવ્યું : ૧ રાજા. ૧૯:૧૬.

આ પ્રમાણે રાજાઓને-પ્રબોધકોને નીમવા અભિષેક કરવા તેમના માથા ઉપર તેલ રેડવામાં-ચોળવામાં આવતું.

પરંતુ એથી વિશેષ પવિત્ર આત્માને તેલની ઉપમાં આપવામાં આવી છે. અને યોએલ પ્રબોધકની ભવિષ્યવાણીના એક ભાગ રૂપે પચાસમાના દિવસે જે ૧૨૦ જણ એક સ્થળે એકઠા થયા હતા તે સર્વના ઉપર તેને રેડી દેવામાં આવ્યો.

સંત પાઉલે એફેસસના લોકોને પૂછ્યું કે તમે વિશ્વાસ કર્યો ત્યારે તમે પવિત્ર આત્મા પામ્યા ? તેઓએ તેને કહ્યું કે "ના, પવિત્ર આત્મા છે એવું અમે સાંભળ્યું પણ નથી." પ્રે. કૃ. ૧૯:૨, શું તમે પવિત્ર આત્મા પામ્યા છે ?

ઈસ્રાયલ પ્રજામાં કુટુંબનો વડો "યાજક" તરીકે કુટુંબમાં ફરજ બજાવતો. હવે આપણને, નવી ઈસ્રાયલ પ્રજાને પ્રભુ શું કહે છે ? "પણ તમે તો પસંદ કરેલી જાતિ, રાજમાન્ય યાજકવર્ગ, પવિત્ર પ્રજા તથા પ્રભુના ખાસ લોક છો" ૧ પિતર ૨:૯.

જો રાજમાન્ય યાજકવર્ગ છીએ-"પ્રીસ્ટહુડ ઓફ બીલીવર્સ," "સઘળા વિશ્વાસ કરનારાઓનો યાજકવર્ગ" કે યાજકમંડળ, ત્યારે પવિત્ર આત્મા તેલરૂપે આપણા માથા ઉપર રેડવામાં આવ્યો છે ?

અમારા દીકરાને તે નાનો હતો ત્યારે, એના મા ત્રેવીસમું ગીત શીખવતાં હતાં. "તેં મારા માથા ઉપર તેલ ચોળ્યું છે" એ કલમ આવે ત્યારે તે આ કલમ બિલકુલ બોલે જ નહિ. એક દિવસે તેનાં માએ પૂછ્યું કે, "કેમ તું આ વાક્ય નથી બોલતો ?" તો હસતાં હસતાં કહે, "મારે માથા ઉપર તેલ ચોળાવવું ના હોય અને હું શું કામ બોલું ?

કેમ, હસવું આવ્યું ? જરૂર, પણ શું આપણે આવું જ વલણ નથી અપનાવતાં ? તમે ખરેખર કહી શકો છો કે, "તેં મારા માથા ઉપર તેલ ચોળ્યું છે :"

## (ગ) "મારો પ્યાલો ઊભરાઈ જાય છે."

પ્રભુ ઈસુએ કહ્યું, "દ્રવ્યવાનને દેવના રાજ્યમાં પેસવા કરતાં ઊંટને સોયના નાકામાં થઈને જવું સહેલ છે" માર્ક ૧૦:૨૫

અહીં 'સોય'નો મૂળ અર્થ સમજવો ઘણું જ જરૂરી છે. યરૂશાલેમ શહેરને ફરતો કોટ હતો. એ કોટમાં દરવાજા મૂકેલા હતા. યહૂદીઓની રીત પ્રમાણે સાબ્બાથ શરૂ થાય ત્યારથી પૂરો થતાં સુધી આ દરવાજા બંધ કરવામાં આવતા. પરંતુ માણસોની અવરજવર માટે તેમાં "ડોકાબારીઓ" મૂકવામાં આવતી.

ઘણી બધી વખત વેપારીઓ પોતાનાં ઊંટો સાથે નગર બહાર દરવાજા આગળ પડાવ નાખતા. સાબ્બાથ ક્યારે પૂરો થાય ને ક્યારે દરવાજા ઉઘડે કે અમે જઈને વેપાર કરીએ એવા જ વિચારો કરતા. ઘણા વેપારીઓ સાબ્બાથ પૂરો થાય અને જો દરવાજા ખોલતાં જરા વાર લાગે તો પોતાના ઊંટોને પણ આવી "ડોકાબારી"માંથી શહેરમાં દાખલ કરતા. તેથી જ પ્રભુ ઈસુએ "ઊંટને સોયના નાકામાં થઈને જવું સહેલ છે." એમ કહેલું.

આ જ પ્રમાણે અહીં આપણે "પ્યાલા"નો આ અર્થ કરવાનો છે. મોટા ભાગનાં ગામડામાં ઢોરોને પાણી પીવા માટે ગામ બહાર એક મોટો હવાડો હોય છે, જેને દરરોજ કૂવાના તાજા પાણીથી ભરવામાં આવે છે. આવા મોટા હવાડામાં ઘેટાં-બકરાં-નાનાં વાછરડા પાણી પી શકે નહિ. તેથી હવાડાની બાજુમાં એક કૂંડી રાખવામાં આવે છે. હવાડાનું પાણી કૂંડીમાં પડે છે. આથી કૂંડી હમેશા છલકાતી "ઊભરાતી" જ હોય છે. અને કૂંડીમાંથી પાણી નીકમાં થઈને ખેતરોમાં જાય છે. ઘેટાં-બકરાં-વાછરડાં આવી કૂંડીમાંથી હંમેશા પાણી પીએ છે.

"મારો પ્યાલો ઊભરાઈ જાય છે."

ઘણા ભરવાડો પોતાની સાથે ચામડાની નાની મશક રાખે છે.

કૂવામાંથી પાણી કાઢી આ ઊભરાતી-છલકાતી મશકમાંથી દરેક ઘેટાંને પાણી પાય છે.

ઘણા ભરવાડો મશક સાથે એક નાનું તગારું રાખે છે. મશકનું પાણી તગારામાં રેડે છે અને ઘેટું આવા છલકાતા-ઊભરાતા તગારામાંથી પાણી પીએ છે.

મારો પ્યાલો, મારી કૂંડી, મારી મશક, મારું તગારું છલકાઈ જાય છે-ઉભરાઈ જાય છે. આ આખા જ ગીતમાં અંગત સંબંધની વાત છે. યહોવા...

**મારો** પાળક છે. **મને** કશી ખોટ પડશે નહિ.

**મને** શાંત પાણીની પાસે દોરી જાય છે.

**મને** લીલાં બીડમાં સુવાડે છે.

**મારા** આત્માને તાજો કરે છે.

**મારા** માથા ઉપર તેલ ચોળે છે.

**મારો** પ્યાલો ઊભરાઈ જાય છે. ભલાઈ તથા દયા **મારી** સાથે આવશે. હું સદાકાળ સુધી યહોવાના ઘરમાં રહીશ.

શું આપણ-દરેકને ભલા ભરવાડનો આવો અંગત અનુભવ છે?

પ્રભુ ઈસુએ કહ્યું. "પણ જે પાણી હું આપીશ તે જે કોઈ પીએ તેને કદી તરસ લાગશે નહિ, પણ જે પાણી હું આપીશ તે તેનામાં ઝરો થશે અને અનંતજીવન સુધી ઝર્યા કરશે. યોહાન ૪:૧૪.

હવે પર્વને છેલ્લે દહાડે ઈસુએ ઘાંટો પાડતાં કહ્યું કે, જો કોઈ તરસ્યો હોય તો તે મારી પાસે આવીને પીએ. શાસ્ત્રના વચન પ્રમાણે જો કોઈ મારા પર વિશ્વાસ કરે છે તેના પેટમાંથી જીવતા પાણીની નદીઓ વહેશે. યોહાન ૭:૩૭-૩૮.

સાધુ સુંદરસીંગ પોતાની સાક્ષીમાં લખે છે કે હું યાકૂબના કૂવાના કાંઠે બેઠો તે કૂવાનુ પાણી પીધું. પછી આગળ મુસાફરી શરૂ કરી. થોડા વખત પછી મને તરસ લાગી અને પ્રભુ ઈસુનું વાક્ય યાદ આવ્યું. "જે

કોઈ આ પાણી પીશે તને ફરી તરસ લાગશે. પરંતુ જે પાણી હું આપીશ તે જે કોઈ પીએ તેને કદી તરસ લાગશે નહિ." હા, મેં એ જીવનનું જળ ચાખ્યું છે ને હું તૃપ્ત થયો છું. સાધુ સુંદરસીંગ કહી શકે છે, "મારો પ્યાલો ઊભરાઈ જાય છે."

શું તમારા જીવનનો પ્યાલો ઊભરાઈ જાય છે ?

યોહાન ૧૦:૧૦ "તેઓને જીવન મળે અને તે પુષ્કળ મળે (ભરપૂર-ઊભરાતું-છલકાતું) માટે હું આવ્યો છે."

શું આ ગીત આપણે સાચી રીતે ગાઈ શકીએ છીએ ?

"આનંદ ઉર છે રે, મુજને મળિયો તારણહાર." અથવા.

મીઠી મીઠી તે પ્રીત, મેં ચાખી છે.
મારા પ્રભુ ઈસુની પ્રીત, પ્રીત મેં ચાખી છે.
તેની પ્રીતિ તો છે અમૃત જેવી,
મારું ઠારે કલેજું નિત, પ્રીત મેં ચાખી છે."

અમેરિકામાં ન્યુજર્સી સ્ટેટમાં પ્રિન્સ્ટન નામનું શહેર છે. ત્યાં ગેલપ નામની સંસ્થા છે. આ સંસ્થાએ થોડાં વર્ષ પહેલાં "ગેલપપોલ" દ્વારા એ સાબિત કર્યું કે પૃથ્વીની પીઠ ઉપર ધાર્મિકમાં ધાર્મિક દેશ તે ભારત છે. હા, કેટલું બધું સાચું છે ?

આપણા દેશબંધુઓ લાખો અને કરોડોની સંખ્યામાં સત્ય માર્ગને હજી શોધી રહ્યા છે. તેમને આત્મિક ભૂખ અને તરસ છે. પ્રભુ ઈસુએ કહ્યું. "જેઓને ન્યાયીપણાની ભૂખ તથા તરસ છે તેઓને ધન્ય છે; કેમ કે તેઓ ધરાશે."

પરંતુ જો આપણા જીવનનો પ્યાલો જ ખાલી હોય તો બીજાઓને કેવી રીતે આપણે પાણી પીવડાવી શકીએ ?

□

## [9]

## "નિશ્ચે મારી જિંદગીના સર્વ દિવસો પર્યંત ભલાઈ તથા દયા મારી સાથે આવશે."

દાઉદ ભક્તને જીવનમાં ઘણા તડકા-છાંયડાના અને કડવા મીઠાના અનુભવ થયેલા. છતાં એક વાતની તેને ગળા સુધી ખાતરી હતી કે તેના જીવનના સર્વ દિવસોમાં પ્રભુની દયા તથા ભલાઈ તેની સાથે જ હતા. તેથી અહીં એ અંગત અનુભવથી કહે છે કે જરૂર ખાતરીપૂર્વકની અનુભવસિદ્ધ વાત છે.

મારા સર્વ પ્રસંગો તારા હાથમાં છે. ગી. શા. ૩૧:૧૫.

પ્રભુ ઈસુએ દેખતા કરેલા પેલા જન્મથી આંધળાએ એક વાત ખાતરીથી કહી. "એક વાત હું જાણું છું કે હું આંધળો હતો અને હવે હું દેખતો થયો છું." યોહાન ૯:૨૫.

જોન ન્યૂટન પ્રભુથી ભટકી ગયેલ યુવાન હતો પરંતુ પ્રભુની દયાનો તેને અનુભવ થયો પછી તે લખે છે :

"Amazing grace how sweet the sound.
That saved a wretch like me.
I once was lost but now am found.
Was blind but now I See."

ભલા ભરવાડ પ્રભુ ઈસુ ખ્રિસ્તનું હૃદય લોકોનાં દુઃખ જોઈને દ્રવી ઊઠતું. "અને લોકોને જોઈને તેને તેઓ પર દયા આવી. (Compassion-કમ્પેશન) કેમ કે તેઓ પાળક વગરના ઘેટાંના જેવા હેરાન થયેલા તથા વેરાઈ ગયેલા હતાં." માત્થી ૯:૬.

નાઈન નગરની વિધવાનો એકનો એક વહાલસોયો પુત્ર મરણ

પામ્યો હતો. તે હૈયાફાટ રૂદન કરતી હતી. "તેને જોઈને પ્રભુ ઈસુને તેના ઉપર દયા-કરૂણા આવી." લુક ૭:૧૩ અને તેના દીકરાને સજીવન કર્યો.

પોતાના બદલાણ બાદ ચાર્લ્સ વેસ્લી લખી શકે છે :

"ઊંડી દયા શું મુજ પર ? મુજ સમ મુખ્ય પાપી પર ?
પ્રભુનો શું ભારે કોપ મારા પરથી થાય અલોપ ?
મારા તારનાર, તારું ઊર, દયા વડે છે ભરપૂર
સાંભળ પ્રાર્થ, કર અંગીકાર ને પાપો ભૂંસ બેસુમાર."

"કર ખરી સજ્જન તૈયારી, તારણ સુખ લેવા ભારી,
છે દેવ દયામય મોટો, માફીનો છે શું તોટો?"

હા, જેઓએ પ્રભુનો અંગત અનુભવ કર્યો છે તેઓ સર્વ સાક્ષી આપે છે કે, "નિશ્ચે મારી જિંદગીના સર્વ દિવસો પર્યંત ભલાઈ તથા દયા મારી સાથે આવશે."

એક વખત હું ન્યૂયોર્કથી ડેટન નામના શહેરમાં પ્લેનથી જવાનો હતો. તે દિવસે આકાશમાં કાળાં ભમ્મર વાદળો ઘેરાયેલાં હતાં. વરસાદ પડ્યો હતો. પૃથ્વી ઉપર અંધકાર છવાયો હતો. મેં વિચાર્યું કે આજે આવા દિવસે મુસાફરી ના કરી હોત તો સારું. પરંતુ પ્લેનમાં બેઠો. થોડી જ મિનિટોમાં કાળાં ભમ્મર વાદળોને ભેદીને પ્લેન વાદળોની ઉપર ચઢી ગયું. ત્યાં એ વાદળો ઉપર તો સૂર્ય પૂરજોશમાં પ્રકાશી રહ્યો હતો.

એજ પ્રમાણે જીવનમાં ગમે તેવા પ્રસંગો આવે, ભલે ને કાળાં ભમ્મર વાદળો ઘેરાય, પરંતુ તે સર્વ ઉપર પ્રભુ ઈસુ ન્યાયીપણાનો સૂર્ય પૂરજોશમાં પ્રકાશે છે.

નિશ્ચે મારી જિંદગીના સર્વ દિવસો પર્યંત પ્રભુની દયા તથા ભલાઈ મારી સાથે જ છે. પ્રભુની સ્તુતિ થાઓ.

□

## [10]

## "અને હું સદાકાળ સુધી યહોવાના ઘરમાં રહીશ."

નાના શબ્દો કેવાં મહાન અર્થપૂર્ણ વાક્યોને જોડે છે ! યહોવા મારો પાળક છે તેથી મને કશી કોટ પડશે નહિ. હું કંઈપણ ભૂંડાઈથી બીશ નહિ, કેમ કે તું મારી સાથે છે. અને હું સદાકાળ સુધી યહોવાના ઘરમાં રહીશ.

જ્યારે ગામડેથી હું વડોદરા હૉસ્ટેલમાં આવ્યો અને પ્રથમવાર જ લક્ષ્મીવિલાસ રાજમહેલ જોયો ત્યારે હું તેના વૈભવથી બહુ જ પ્રભાવિત થયો હતો. એ વાતને આજે પચાસ વર્ષ વીતી ગયાં છતાં તેની સુંદરતા-ભવ્યતા મારી આંખો આગળ તાજી જ છે.

હવે જ્યારે પૃથ્વી ઉપરના રાજાના ઘરની-મહેલની જો આવી ભવ્યતા છે, એનો વૈભવ જો મનુષ્યને છક કરી દે છે તો રાજાઓના રાજા અને પ્રભુઓના પ્રભુનું ઘર કેટલું બધું ગૌરવવંતુ અને મહિમાવંતુ હશે ! તેનો દબદબો અને વૈભવ કેવાંક હશે તેની આપણે કલ્પના પણ ના કરી શકીએ.

સંત યોહાનને તેના સંદર્શનમાં યહોવાના-પ્રભુના ગૌરવની, મહિમાની કંઈક અંશે ઝાંખી થઈ, જેનું વર્ણન પ્રકટીકરણના પુસ્તકમાં કરેલું છે. "તે મને આત્મામાં એક મોટા ઊંચા પહાડ પર લઈ ગયો, અને મને દેવની પાસેથી આકાશમાંથી દેવના મહિમા સહિત ઊતરતું પવિત્ર નગર યરુશાલેમ દેખાડયું તેનું તેજ યાસપિસ જેવા અતિ મૂલ્યવાન રત્ન જેવું એટલે સ્ફટિકના જેવું નિર્મળ હતું." પ્રકીટ. ૨૧:૧૦-૧૧.

"તેને બાર દરવાજા હતા... તેઓમાંનો દરેક દરવાજો એક એક મોતીનો હતો. અને નગરનો રસ્તો ચોખ્ખા સોનાનો નિર્મળ કાચના જેવો હતો." ભક્તકવિ કહે છે :

"ભક્ત તણી છે શુભ શુભ નગરી, સ્વરના ઊંચા વાસો,
કંચનના રસ્તા પર તેમાં ચાલે છે પ્રભુ દાસો."

તેનો રસ્તો પણ ચોખ્ખા સોનાનો ! મોતીના તો દરવાજા ! તેમાં સૂર્ય કે ચંદ્રના પ્રકાશની જરૂર નથી. કેમ ? કેમ કે દેવનો મહિમા તેને પ્રકાશિત કરે છે અને હલવાન-પ્રભુ ઈસુ ખ્રિસ્ત તેનો દીવો છે. તેના પ્રકાશમાં સર્વ પ્રજાઓ ચાલશે અને પૃથ્વીના રાજાઓ પોતાનું ગૌરવ તેમાં લાવશે. દિવસે તેના દરવાજા કદી બંધ થશે નહિ કારણ કે ત્યાં કદી રાત પડશે નહિ. પ્રકટી. ૨૧:૨૧-૨૫.

ત્યાં હલવાનનું રાજ્યાસન, રાજ્યાસનની આજુબાજુ મેઘધનુષ્ય, રાજ્યાસનમાંથી નીકળતી સ્ફટિકના જેવી ચળકતી જીવનના પાણીની નદી નગર મધ્યે વહે છે. નદીના બંને કિનારે જીવનનું ઝાડ અને આ સર્વ ઉપરાંત તેઓ તેનું મુખ નિહાળશે... પ્રભુ દેવ તેઓ પર પ્રકાશ પાડશે અને તેઓ સર્વકાળ રાજ કરશે.

કેવું અદ્દ્ભુત ! કેવો મહિમા કોણ તેનું વર્ણન કરી શકે ?
કલમો કરું વૃક્ષો તણી, પાનું કરું પૃથ્વી તણું,
શાહી કરું સાગર તણી, વર્ણન કરું એનું ઘણું;
તો પણ અધૂરું એ રહે, પૂરું કદી ના થઈ શકે,
કાંકે નગર સુંદર ઘણું વર્ણન કહો કેમ થઈ શકે ?

આવા પ્રભુના ઘરમાં દાખલ થવાનું કોને મન ના થાય ? દાઉદ રાજાને પ્રભુની દયાની અને ભલાઈની જેટલી ખાતરી હતી તેટલી જ ખાતરી પ્રભુના ઘરમાં હંમેશા માટે રહેવાની હતી. "અને હું સદાકાળ યહોવાના ઘરમાં રહીશ"

આ ઘરનો બાંધનાર અને રચનાર કોણ ? પ્રભુ પોતે. પ્રભુ ઈસુ ખ્રિસ્તે કહ્યું, "હું તમારા માટે જગા તૈયાર કરવા જાઉં છું." યોહાન ૧૪:૨.

કેમ કે જે શહેરનો પાયો છે, જેનો યોજનાર તથા બાંધનાર દેવ

છે તેની તે (ઈબ્રાહીમ) આશા રાખતો હતો. વાંચો હિબ્રૂ. ૧૧: ૮-૧૦.

"ઘર" કેટલો બધો મધુર શબ્દ છે ? 'ઘર' શબ્દ સાંભળતાં જ હૃદયમાં કેવી અજાયબ લાગણીઓનો અનુભવ થાય છે !! ઘરનો વિચાર કરતાં વહાલાં માતાપિતા યાદ આવે જ. એ ઘરમાં વિતાવેલું બાળપણ આંખો આગળ તાજું થાય. નાનાં નાનાં ભુલકાં તરીકે ભાઈ-બહેનો સાથે કેવું રમતાં-ઝઘડતાં-રીસાતાં-મનામણાં કરતાં ! કેટલું આનંદભર્યુ જીવન જીવતાં ! માતાપિતાના ખોળામાં રમી કેવું લાડ કરતાં આ બધું યાદ આવતાં આંખો અશ્રુભીની બને છે. કારણ ? જોન હાવર્ડ પેન નામના મહાપુરુષે લખ્યું છે;

"Mid pleasures and palaces though we may roam,
Be it ever so humble, there's no place like Home."

તેઓ પેરીસ જેવા શહેરમાં રહેવા ગયા. પરંતુ પોતાના ઘરથી ખૂબ ખૂ..બ દૂર હતા. ત્યાં એમને એકલવાયું લાગ્યું. પોતાનું ઘર યાદ આવ્યું અને ઉપર પ્રમાણે કલમ સરી પડી ને લખાઈ ગયું.

"દુનિયાના મોજશોખમાં અને રાજમહેલમાં ભલે તું ફર;
પરંતુ નાનું કે મોટું, પોતાનું ઘર તે ઘર."

ઘર એટલે પ્રેમનું વાતાવરણ. જો પૃથ્વી ઉપરના ઘરમાં આટઆટલો પ્રેમ, આનંદ હોય તો દેવ જે ઘર રચે છે, આપણા માટે તૈયાર કરે છે-બાંધે છે, તેમાં કેવો અજાયબ જેવો પ્રેમ હશે ?

"ત્યાં મંદ વાયુ વાય છે રે ખ્રિસ્તના એ પ્રેમનો;
સ્વર્ગી ઘરે સંતો ફરે, પોકારે છે ત્યાં રે'મનો."

આવા સ્થળે આપણને લઈ જવાની મહાન આશા આપણા તારનાર પ્રભુ ઈસુ ખ્રિસ્તે આપી છે. "હું પાછો આવીશ અને તમને મારી પાસે લઈ જઈશ. જેથી જયાં હું છું ત્યાં તમે પણ રહો." (યોહાન૧૪ : ૨-૩)

ઈબ્રાહીમ-વિશ્વાસનો આદિપિતા આવા ઘરમાં પ્રવેશવાની આશા

રાખતો હતો તેથી, "વિશ્વાસથી તેણે જાણે કે પરદેશમાં હોય તેમ વચનના દેશમાં પ્રવાસ કર્યો....રાવટીઓમાં રહેતો હતો... અને જે શહેરનો પાયો છે, જેનો યોજનાર તથા બાંધનાર દેવ છે તેની આશા તે રાખતો હતો."

તે સ્વર્ગીય કનાનમાં પ્રવેશવાની આશા રાખતો હતો તેથી તેણે શું કર્યું ? એક વાતની ખાતરી કરી લીધી કે હું આ પૃથ્વી ઉપર પરદેશી અને પ્રવાસી છું. આ કાયમનું રહેઠાણ નથી. માટે તો તે તંબુઓમાં ને રાવટીઓમાં રહેતો હતો.

યહોવા કહે, ઈબ્રાહિમ ઊઠ, ચાલ. આગળ જા, એટલે તે પોતાનો ડેરો ઉપાડી આગળ ચાલે.

"સ્વર્ગ ભુવન મારું વ્હાલું ભુવન હાં,
મારે જાવું મારા સ્વર્ગ ભુવનમાં;
હ્યાં હું પરદેશી ને મુસાફીર,
અલ્પ સમય મારે રહેવું જગતમાં..."

માનવજાત ફક્ત આટલું જ શીખે, જીવનમાં ઉતારે તો કેવું સારું ! તો તો પછી પડોશીઓ સાથે કે કોઈની સાથે ઝઘડા જ ના થાય. મારું-તારું કોઈ કરે જ નહિ. અરે, વિશ્વમાં વિશ્વયુદ્ધો પણ ના થાય. જોન બન્યને લખ્યું છે :

"Fullness to such a burden is
That go on pilgrimage.
Here little and hereafter bliss
Is best from age to age...,"

આપણે મુસાફરીએ નીકળ્યા છીએ તેથી આ પૃથ્વી ઉપર હલકા બોજા સાથે મુસાફરી કરીએ. કારણ આવતી પેઢીમાં આશીર્વાદિત થઈશું.

જોન ન્યુટને લખ્યું છે : It was grace that brought me safe thus far and grace will lead me Home. તેની કૃપા મને આટલે સુધી દોરી લાવી છે અને એ જ કૃપા મને છેક ઘેર દોરી જશે.

"અહીં સ્થાપું મુજ એબેન-એઝેર, તુજ સા'યથી અહીં આવ્યો છું.
ક્ષેમકુશળ ઘેર આવવા આશા તુજ કૃપાથી રાખું છું."

૧૯૫૯માં પ્રભુ મને પૃથ્વી પરના કનાન દેશમાં અને યરુશાલેમમાં લઈ ગયા તેથી તેમની સ્તુતિ કરું છું. પરંતુ આ સ્થળે તો અમુક જ જઈ શકે છે. જ્યારે સ્વર્ગીય કનાન અને સ્વર્ગીય યરુશાલેમ-બાપનું ઘર તેમાં જે કોઈ પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામ પર વિશ્વાસ કરે તે સર્વ જઈ શકે છે. હાલેલૂયા !

મહાન સિકંદર વિશે એક વાત છે. જ્યારે મહાન સિકંદર મરણપથારીએ હતો ત્યારે તેણે તેના હજૂરિયાઓને બોલાવ્યા અને કહ્યું, મારું મૃત્યુ થાય અને મારી સ્મશાનયાત્રા નીકળે ત્યારે મારા બંને હાથ બહાર ખુલ્લા રાખજો, જેથી દુનિયા જાણે કે જે મહાન સિકંદર દુનિયા જીતવા નીકળ્યો હતો તે આજે એ જ દુનિયામાંથી ખાલી હાથે જ જાય છે કેટલું મહાન સત્ય !

ભક્ત અયૂબે કહ્યું "મારી માના ઉદરમાંથી હું નાગો આવ્યો હતો અને નાગો પાછો જઈશ." અયૂબ ૧:૨૧.

"કેમ કે આપણે આ જગતમાં કંઈ લાવ્યા નથી. અને તેમાંથી કંઈ પણ લઈ જઈ શકતા નથી." ૧ તીમોથી ૬:૭. તેથી જ પ્રભુ ઈસુએ કહ્યું, પૃથ્વી પર પોતાને સારુ દ્રવ્ય એકઠું ના કરો...પણ તમે પોતાને માટે આકાશમાં દ્રવ્ય એકઠું કરો, જ્યાં કીડા અથવા કાટ નાશ નથી કરતા, ને જ્યાં ચોરો ખાતર પાડીને ચોરી જતા નથી." માત્થી ૬: ૧૯-૨૦. કારણ ? "જ્યાં તમારું દ્રવ્ય છે ત્યાં જ તમારું ચિત્ત પણ રહેશે."

શું આવા ભવ્ય, મહિમાવંત પ્રકાશિત, પ્રભુના પ્રેમથી ઊભરાતા ઘરમાં પ્રવેશવું છે ? ગમે તે પ્રવેશી શકે છે, ગમે ત્યારે પ્રવેશી શકે છે. કારણ કે નગરના દરવાજા કદી જ બંધ થતા નથી. પ્રભુએ ફક્ત એક જ શરત મૂકી છે.

"જે કંઈ અશુદ્ધ છે, અને જે કોઈ ધિક્કારપાત્ર કૃત્યો કરે છે તથા અસત્ય આચરે છે, તે તેમાં કદી પ્રવેશ કરશે જ નહિ." **પ્રકટી. ૨૧:૨૭.**

**તો કોણ પ્રવેશી શકે ?**

"જેઓનાં નામ હલવાનના જીવનપુસ્તકમાં લખેલાં છે તેઓ જ પ્રવેશ કરશે." પ્રકટી. ૨૧:૨૭.

શું તમારું નામ હલવાનના જીવનપુસ્તકમાં લખેલું છે ? શું તમે ભક્તકવિ દાઉદ સાથે ગાઈ શકો છો કે, "હું સદાકાળ સુધી યહોવાના ઘરમાં રહીશ."? □

## "યહોવા મારો પાળક છે"

### ગીતશાસ્ત્ર-૨૩

મારો પાળક છે યહોવા, ને નથી ખોટ કશી<br>
...................................(૨)<br>
ખોટ પડશે નહિ કદી...મારો... (ટેકો)

લીલાં લીલાં બીડમાં તે મને સુવાડે છે,<br>
શાંત પાણી પાસે મને દોરી જાય છે,<br>
વળી મારા આત્માને તે તાજો કરે છે,<br>
ન્યાયીપણાને માર્ગે તે મને ચલાવે છે,<br>
મને ચલાવે છે...મારો...(૧)

જો કે મરણ છાયાની ખીણમાં ચાલું હું,<br>
તું મારી સાથે છે ને ડરીશ નહિ હું,<br>
તારી લાકડી મને દિલાસો દે છે,<br>
શત્રુઓના દેખતાં તું ભાણું પીરસે છે,<br>
ભાણું પીરસે છે...મારો...(૨)

મારા માથા પર તેં પ્રેમથી તેલ ચોળ્યું છે,<br>
પ્યાલો મારો આશિષોથી ઊભરાઈ જાય છે,<br>
ભલાઈ તથા દયા મારી સાથે આવશે,<br>
સદાકાળ સુધી હું તારા ઘરમાં રહીશ,<br>
ઘરમાં રહીશ...મારો...(૩)

(વહાલાં, **'મા'** ને સમર્પણ.)

**-સતીષ રાઠોડ**

# ઈસુ જેવો મિત્ર

૧૯૪૪-૪૮ દરમિયાન મારાં પત્ની અને હું લેનર્ડ થિયોલોજીકલ કૉલેજમાં ધર્મસેવાની તાલીમ લઈ રહ્યાં હતાં ત્યારે મરહૂમ બિશપ પિકેટ સાહેબ કૉલેજની મુલાકાતે પધાર્યા હતા.

અમે તેમને ખાસ મળવા માગતાં હતાં, તેથી તેઓ સાહેબે સાવારના ૭-૩૦ વાગે બોલાવ્યાં. અમે બંને બરાબર ૭-૩૦ વાગે ગયાં. તો તેઓ સાહેબના હાથમાં અંગ્રેજી ભજન સંગ્રહ હતું. અમને કહ્યું કે સવારના મનન માટે બાઈબલ, અન્ય મનનીય પુસ્તિકા ઉપરાંત હું મહાન ગીતો વાંચું છું. અને તેમાંથી મને ઘણી પ્રેરણા મળે છે. એ વાત હજી પણ મને બરાબર યાદ છે અને ઘણી બધી વખત તેને જીવનમાં પણ ઉતારી છે. ઘણા વખતથી પ્રભુ પ્રેરણા કરતા હતા કે આવાં થોડાં મહાન ગીતો તેના લેખકોનાં ટૂંકા જીવનચરિત્રો તથા કેવા સંજોગોમાં એ ગીતો રચાયાં વગેરે ગુજરાતની મંડળીનાં ભાઈબહેનો આગળ રજૂ કરું. તેથી પ્રાર્થના સાથે આ મારો નમ્ર પ્રયત્ન છે. મારી ખાતરી છે કે તેનાથી ઘણા ભાઈ-બહેનોને પ્રેરણા તથા ઉત્તેજન મળશે.

મણિનગર મંડળી ઉપર હું પાળક હતો ત્યારે ગુરુવારની રાત્રિ સભાઓમાં ત્યાંના ભાઈ-બહેનોને આ મનનમાં દોર્યા હતાં.

પરમેશ્વર પિતાની કૃપા બહુ જ અદ્‌ભુત છે. તે દુઃખ અને સંકટોમાંથી ચમત્કારો સર્જી શકે છે. મુશ્કેલીઓને તેના મહિમામાં ફેરવી નાખે છે. દા.ત. અમેરિકાનાં નિગ્રો ભાઈબહેનો. ગુલામીનાં વર્ષોમાં તેમના ઉપર ખૂબ જ દુઃખો પડ્યાં પરંતુ તેમાંથી વિશ્વ વિખ્યાત સુમધુર સંગીત રેલાવ્યું, જેને દુનિયા "નિગ્રો સ્પીરીચ્યુઅલ્સ"ના નામે ઓળખે છે.

આવું વિશ્વ વિખ્યાત ગીતના સંબંધમાં છે. ભજન સંગ્રહમાં ગી. ન. ૨૦૫ "ઈસુ જેવો મિત્ર કોણ છે." તેના કર્તા લેખક છે શ્રી જોસફ

સ્કીવન. તેમનો જન્મ આંયર્લેન્ડના ડબલીન શહેરમાં ૧૮૨૦માં થયો હતો. ૧૮૪૨માં ડબલીન યુનિવર્સિટીમાંથી સ્નાતક થયા. એક ખૂબસૂરત જુવાન કન્યા સાથે તેમનું સગપણ થયું. લગ્નની તારીખ પણ નક્કી કરવામાં આવી પરંતુ લગ્નની આગલી સંધ્યાએ જ એ કન્યા પાણીમાં ડૂબી ગયાં અને મૃત્યુ પામ્યાં.

આ કારી ઘાને સહન કરવા સ્થળ-સંજોગોથી દૂર થવા-ભૂલવા સ્કીવને આયર્લેન્ડ છોડ્યું અને છેક કેનેડા પહોંચ્યા.પરંતુ એ કારી ઘા કેનેડામાં પણ રૂઝાયો નહિ. કહેવત છે કે "દુઃખનું ઓસડ દહાડા" એમ સ્કીવને પોતાનું જીવન પ્રભુને સોંપ્યું. અને એક ધનાઢ્ય કુટુંબના બાળકોને ટ્યૂશન આપીને પોતાનું જીવન વિતાવ્યું. થોડો વખત તેમણે લે ઉપદેશક તરીકે પણ સેવા કરી. ૧૮૬૦માં કેથેરાઈન નામની બીજી એક જુવાન બહેન સાથે તેમનાં લગ્ન નક્કી થયાં, પરંતુ લગ્ન થાય તે પહેલાં જ એ બહેન પણ સ્વર્ગે સિધાવ્યાં. સ્કીવન ભાંગી પડ્યા. તેમના હૃદયનો બોજ વધી પડ્યો-અસહ્ય લાગ્યો. આવા સંજોગોમાં ઘૂંટણો ઉપર પ્રાર્થના સાથે પવિત્ર આત્માની દોરવણીથી આ અદ્‌ભુત ગીત રચવામાં આવ્યું.

"ઈસુ જેવો મિત્ર કોણ છે, જેને કહીએ શોક ને પાપ"...
"નાહિંમત ના થઈએ કદી, પ્રાર્થ વડે જઈ મળીએ બાપ."
"એના જેવો મિત્ર ક્યાંથી દુઃખોમાં જે લે છે ભાગ"

અને એમનું પણ કેવું કરૂણ મૃત્યુ !!

વૃદ્ધાવસ્થામાં મગજની અસ્થિરતાને લીધે તેઓ ઘરની બહાર નીકળી જતા. અને એક વખત પાણીના એક નાના વહેળિયામાં તેઓ પણ ડૂબીને મૃત્યુ પામ્યા. મી.બ્યૂડલી જે કુટુંબના બાળકોને સ્કીવન ટ્યુશન આપતા હતા, તેમણે કહ્યું.

"પાણી, અડધા ફૂટ જેટલું જ ઊંડું હતું. જેમાં સ્કીવન પ્રાર્થના કરવા ઘૂંટણે પડ્યા હોય એ જ સ્થિતિમાં પ્રભુ પાસે ચાલ્યા ગયા."

મૃત્યુ વખતે મિત્રોએ, પડોશીઓએ તેમના વિષે આ પ્રમાણે સાક્ષી આપી.

"તેમનો ચહેરો દેવદૂતના જેવો લાગતો" "તે જેને મળે તે દરેકને પ્રભુ ઈસુના પ્રેમ વિષે ઉપદેશ કરતા." "પોતાની કમાણીની મોટા ભાગની રકમ તેઓ ગરીબ અને દુઃખીઓને આપી દેતા."

હવે પછી જ્યારે જ્યારે એ ગીત આપણે ગાઈએ કે મનન માટે વાંચીએ ત્યારે પ્રભુના સેવક સ્કીવનના જીવન અને સાક્ષી માટે પ્રભુનો આભાર માનીએ. અને આ ગીત દ્વારા પ્રેરણા મેળવીએ.

□

## 'તે દોરે છે-શો શુભ વિચાર' !

અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે શહીદ બની ઈતિહાસમાં અને વિશ્વમાં નામના મેળવનાર રાષ્ટ્રપતિ અબ્રાહમ લિંકનના શાસનકાળનો એ સમય હતો. અમેરિકા આંતરવિગ્રહમાં છિન્નભિન્ન થઈ રહ્યું હતું. આવા કાળમાં એક જુવાન પાળકને ૨૮ વર્ષની ઉંમરે વિશ્વ વિખ્યાત એવું ગીત રચવા ઈશ્વરપિતાએ પ્રેરણા અને દોરવણી આપ્યા. ગીતના શબ્દો છે.

"તે દોરે છે શો શુભ વિચાર !" ભજન સંગ્રહમાં નં. ૪૦૨. (પ્રાર્થના સાથે આં આખું ગીત વાંચો અથવા ગાઓ એવી વિનંતી છે.)

આ અદ્‌ભુત ગીતના લેખક છે. ધ રેવ ડૉકટર જોસફ એચ. ગીલમોર. અમેરિકાના ન્યુ હેમ્પશાયર રાજ્યના રાજ્યપાલના પનોતા પુત્ર. ઈશ્વરપિતાએ તેમને બહુ જ નાની વયે પૂર્ણ સમયની ધર્મસેવા માટે તેડ્યા. જેને તેઓ સંપૂર્ણ આધીન થયા. બ્રાઉન યુનિવર્સિટી તથા ન્યૂટન ઈશ્વર વિદ્યાશાળામાં ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરી પ્રભુ સેવામાં ઝંપલાવ્યું.

માર્ચ ૨૬, ૧૮૬૨ના રોજ ફિલાડેલ્ફીઆ શહેરમાં બેપ્ટીસ્ટ મંડળીમાં પાળક તરીકે પોતાનો પ્રથમ સંદેશો આપ્યો, શાસ્ત્રપાઠ હતો, ગી. શા. ૨૩.

સંદેશાનો વિષય હતો : "તે દોરે છે."

તે શાંત પાણીની પાસે મને દોરી જાય છે.

પોતાના નામની ખાતર.. તે મને દોરે છે.

મરણની છાયાની ખીણમાં તે મને દોરે છે.

મારી સાથે છે.

પ્રભુ તું અમને દોર, પરીક્ષણમાં નહિ પરંતુ ભૂંડાઈથી અમારો છૂટકો કર.

અમેરિકન પ્રજાને અને ખાસ કરીને મંડળીને સંબોધીને રેવ. ગીલમોરે કહ્યું કે આપણો દેશ ભારે કટોકટી અને કસોટીમાંથી પસાર થઈ રહ્યો છે ત્યારે પ્રભુપિતા આપણ સર્વને દોરે.

યહોવાહે અરણ્યમાં ઈસ્રાયલ પ્રજાને જેમ અગ્નિસ્થંભ અને મેઘસ્તંભથી દોરી તેમ આપણને દોરે અને આ કટોકટીમાંથી પાર ઉતારે, ગુલામીના પાપથી મુકત કરે. વગેરે.

સવારની ભક્તિસભામાં આ સંદેશો આપ્યો અને બપોરના જમણ પહેલાં તો આ ગીત રચ્યું. કેટલું અજાયબ ! કેવી પ્રભુપ્રેરણા !

રેવ. ગીલમોરને ઘણી માનદ્ પદવીઓ અને ડીગ્રીઓ એનાયત કરવામાં આવી હતી. ૮૪ વર્ષનું લાંબુ આયુષ્ય ભોગવ્યુ. બહુ જ સફળ અને આશીર્વાદિત ધર્મસેવા બજાવી.

"જિંદગીની સેવા થઈ પૂરી.
સંપૂર્ણ જીત તુજ કૃપાથી
મરણની બીક ન જાણું હું,
તેમાં દોરે છે મુજ પ્રભુ."

ગાતાં ગાતાં સને ૧૯૧૮માં પ્રભુની હજૂરમાં પ્રવેશ્યા.

આવા બારીક સમયમાં પ્રભુએ અમેરિકન પ્રજાને અબ્રાહમ લિંકન જેવા પ્રભુની બીક રાખી રાષ્ટ્ર ચલાવનાર રાષ્ટ્રપતિ આપ્યા અને રેવ. ડૉ. ગીલમોર અને એમના જેવા ઘણા પાળકો આપ્યા. અમેરિકન

પ્રજાને પ્રભુએ ખરેખર દોરી. આંતરવિગ્રહ બંધ થયો. અબ્રાહમ લિંકન ગુલામી નાબૂદ કરવા શહીદ થયા. આજે લગભગ ૧૨૫ વર્ષ પછી બ્લેક અમેરિકન્સ (નિગ્રો) કેવા સ્વતંત્ર નાગરિકો છે? શિકાગો-લોસ એન્જેલેસ, આંટલાંટા જેવા મહાન શહેરોના મેયરો બ્લેક છે. કેટલા બધા કોંગ્રેસ અને સેનેટના સભ્યો છે.

શું તમે કોઈ વ્યસનના કે પાપના ગુલામ છો ? તો આ ગીત પ્રાર્થના સાથે ગાઓ. રોજ વાંચો, તેના ઉપર મનન કરો. પ્રભુ તમને જરૂરથી દોરશે અને એ બંધનમાંથી, પાપની ગુલામીમાંથી મુક્ત કરશે.

કોઈ મહાન વ્યક્તિએ કહ્યું છે કે -

"જો તમે તમારા દોરનારને (પ્રભુને) અંગત રીતે ઓળખો છો, તેના ઉપર તમારી શ્રદ્ધા છે તો તમારે જે કરવાનું છે તે તો ફકત તેની પાછળ જ ચાલવાનું છે?"

પ્રભુ ઈસુએ કહ્યું "જો માણસનો દીકરો તમને સ્વતંત્ર કરશે તો જ તમે ખરેખર સ્વતંત્ર થશો." પ્રભુ ઈસુએ એમ પણ કહ્યું છે કે, "મારી પાછળ આવો."

(લિવીંગ સ્ટોરીઝ ઓફ ફેમસ હીમ્સના આધારે)

□

## "હું છું તેવો જ (તેવી જ) હક્ક વિના આજ"

જન્મથી આંધળા માણસ વિષે ઈસુએ કહ્યું કે, "એણે કે એના માબાપે પાપ કર્યું તેથી નહિ, પણ દેવનાં કામ તેનામાં પ્રગટ થાય માટે એમ થયું. યોહાન ૯:૩

જે ગીત મોટા ભાગે પ્રભુની મેજની સંગત વખતે અથવા "ઓલ્ટર કૉલ" વખતે ગાવામાં આવે છે તે ગીતનાં રચનાર બહેનના જીવનમાં

પણ એવું જ કંઈક બન્યું. :

ગીતના શબ્દો છે : "હું છું તેવો જ... હકક વિના." ભજન, સંગ્રહમાં ૨૭૨, પ્રાર્થના સાથે વાંચો અથવા ગાઓ.

શારલેટ એલિયટનો જન્મ ૧૭૮૯માં ઇંગ્લેન્ડના બ્રીજટન શહેરમાં થયો હતો. બાળપણથી જ સંગીતનો ભારે શોખ. જીવનમાં વિશ્વ વિખ્યાત સંગીતકાર અને કલાકાર બની નામના મેળવવાનાં સ્વપ્નો સેવતાં હતાં. પરંતુ તેત્રીસ વર્ષની ભરજુવાનીમાં અપંગ-પથારીવશ બન્યાં. પોતાની કારકિર્દી માટે સેવેલાં સ્વપ્નો ધૂળધાણી થઈ ગયાં. આ બનાવથી શારલેટના જીવનમાં પોતા પ્રત્યે અણગમો કડવાશ-ગુસ્સો અને ધિક્કાર પ્રવેશ્યાં. મનમાં પ્રશ્ન ઊભો થયો કે જો પરમેશ્વર ખરેખર પ્રેમ જ હોય તો મારા જીવનમાં આવું થવા જ શા માટે દીધું?

આવા વલણથી તેમને પોતાનું જીવન ભારરૂપ થઈ પડ્યું. એટલું જ નહિ પરંતુ કુટુંબ માટે પણ બહુજ મુંઝવણભર્યો પ્રશ્ન ઊભો થયો. કુટુંબમાં બધાં દુઃખી દુઃખી થઈ ગયાં.

પોતાની વહાલી દીકરીને તેના જીવનમાં કંઈક માર્ગદર્શન મળે - તે પ્રભુને ઓળખે-જીવનમાં પ્રેમ, આનંદ-શાંતિનો અનુભવ કરે એ આશાથી જ સ્વીટઝરલેંન્ડના મહાન ઉપદેશક અને વિશ્વ વિખ્યાત સંગીતકાર એવા પ્રભુના સેવક રેવ. ડૉ. સીસર મેલનને પોતાની મંડળીમાં અને કુટુંબમાં મોંઘેરા મહેમાન તરીકે આમંત્રણ આપ્યું.

મે ૯, ૧૮૨૨માં જ્યારે આખું કુટુંબ માનવંતા મહેમાન સાથે સ્વાદિષ્ટ ભોજન લઈ રહ્યું હતું ત્યારે જ શારલેટે પોતાના મનમાં દાબી રાખેલો ગુસ્સો, કડવાશ વગેરેનો ઊભરો કાઢ્યો. કુટુંબના સભ્યો જમણ ઉપરથી દુઃખી થઈને ઊઠી ગયાં. ફકત બે જ ડૉ. મેલન અને શારલેટ, જેઓ એકબીજાની સામસામે બેઠાં હતા.

ઘડીભરના ગંભીર મૌન પછી રેવ. મેલને ખૂજ જ પ્રેમથી શારલેટને કહ્યું. "તમે તમારા જીવનથી ખૂબ જ કંટાળી ગયા છો ખરુંને?"

શારલેટે ખૂબ જ ગુસ્સામાં પ્રત્યુત્તર વાળ્યો, "એટલે તમે શું કહેવા માગો છો ?" રેવ.મેલને કહ્યું, "તમારા જીવનમાં બધી કડવાશ, ગુસ્સો વગેરે તમે ભરી રાખ્યું છે કારણ કે તમારી પાસે બીજો કોઈ જ ઈલાજ નથી."

શારલેટે પૂછ્યું, "તમારી પાસે તેનો શો ઈલાજ છે ?" ત્યાર બાદ રેવ. મેલન અને શારલેટ વચ્ચે ઘણી જ લાંબી વાતચીત થઈ.

મારી પરિસ્થિતિ રેવ.મેલન સમજ્યા છે અને મારા પ્રત્યે ખૂબ જ સહાનુભૂતિ દાખવી છે એ જાણ્યા બાદ શારલેટે પોતાનું હૃદય ખાલી કર્યું.

રેવ. મેલને શારલેટને કહ્યું. "પ્રથમ તમે પ્રભુ ઈસુને તમારા અંગત તારનાર તરીકે સ્વીકારો, અને તમને જીવનમાં જેની જેની જરૂર છે તે બધું જ ખ્રિસ્તમાં તમને મળી રહેશે."

શારલેટે પૂછ્યું, "ખ્રિસ્ત પાસે આવવા મારે શું કરવાનું ? કેવી કેવી તૈયારીઓ કરવાની ?"

રેવ. મેલને કહ્યું, "તમે જેવાં છો તેવાં જ આવો."Just as you are.... શારલેટે કહ્યું Just as I am ? હું છું તેવી જ ? "હા" સામેથી જવાબ મળ્યો. આ પછી પ્રભુ ઈસુનો ત્યાં જ પોતાના અંગત તારનાર તરીકે સ્વીકાર કર્યો., કુટુંબના સર્વની ક્ષમા માગી. આ પ્રસંગે કુટુંબમાં આનંદ આનંદ થઈ રહ્યો.

ચૌદ વર્ષ ખ્રિસ્તમય જીવન જીવ્યા બાદ સુડતાળીસ વર્ષની ઉંમરે શારલેટે આ વિશ્વવિખ્યાત ગીત રચ્યું. તેના જીવનની સાક્ષી રૂપે શારલેટના ભાઈ જેઓ પાળક હતા. તેમણે કહ્યું. કે મારી લાંબી ધર્મસેવામાં હું પ્રભુ માટે જે નથી કરી શક્યો તે શારલેટ આ ગીત દ્વારા કરી શકી છે. ૮૨ વર્ષની ઉંમરે ૧૮૭૧માં તે પ્રભુના આનંદમાં પ્રવેશ્યાં.

એક વડીલ અને પાળકના પ્રેમાળ તથા સહાનુભૂતિવાળા વલણથી કેવું અજાયબ જેવું પરિણામ આવ્યું ! આજે આપણી મંડળીઓમાં કેટલાં બધાં ભાઈબહેનો છે જેઓને શારલેટ માફક પ્રેમ અને સહાનુભૂતિની

જરૂર છે, પ્રેમ અને ઉત્તેજનનાં વચનોની જરૂર છે ! શું તમે પ્રભુ પાસે આવ્યાં છો ? તેને તમારા અંગત તારનાર તરીકે ઓળખો છો ? જો તેમ ન હોય તો ઊઠો, અત્યારે જ આવો શારલેટ સાથે ગાઓ...

"હું છું તેવો જ-તેવી જ-હક્ક વિના આજ" કોઈ જ બાહ્ય તૈયારીઓ કરવાની જરૂર નથી.

"હું છું તેવો જ-તેવી જ અસ્થિર ને દૂર ને મનમાં યુદ્ધ શંકા ભરપૂર.

લઈ બહારની બીક ને આગ જે ઉર, દેવના હલવાન-ખ્રિસ્તનો અવાજ તમને તેડી રહ્યો છે.

"મુજને તેડે તુજ-અવાજ-દેવના-હલવાન-પછી કેટલો આનંદ-આનંદ થશે-પછી પણ શારલેટ માફક ગાઈ શકશો :

"મુજ બંધન-સૌ તોડ્યાં ભારી-જે જોઈએ તે તુજમાં મળનાર દેવના હલવાન.

(લીવીંગ સ્ટોરીઝ ઑફ ફેમસ હીમ્સના આધારે)

□

## "ઈસુના નામને દો મહિમા"

ઘણી બધી વ્યકિતઓ આજીવન સેવા કરીને નામના મેળવે છે. પરંતુ કેટલાંએક એક જ-અજોડ અનુપમ કામ કરીને લોકોનાં મન જીતી લે છે.

"ઈસુના નામને દો મહિમા" એ પ્રખ્યાત ગીતના લેખક એડવર્ડ પેરોનેટના જીવનમાં આવું જ કંઈક બન્યું.

બિશપ ફેસ નામના પ્રભુના સેવક પેરોનેટ વિષે લખે છે કે, "પેરોનેટ" એક જ ગીત ગાનાર પક્ષી. પરંતુ અહા ! કેવું સુમધુર સંગીત, એક જ ગીત દ્વારા રેલાવ્યું !

પેરોનેટે ગીતો-કાવ્યોનાં ત્રણે ત્રણ પુસ્તકો લખ્યાં હતાં, પરંતુ તે બધાં જ હવે લગભગ વિસરાઈ ગયાં છે. ફક્ત આ એક જ ગીતથી પેરોનેટ "અમર" થઈ ગયા.

પ્રભુના એક સેવકે આ ગીત વિષે લખ્યું છે કે જ્યાં સુધી પૃથ્વી ઉપર ખ્રિસ્તની મંડળી છે ત્યાં સુધી આ ગીત ગાશે અને ત્યાર બાદ સ્વર્ગીય મંડળી ગાશે. એડવર્ડના પિતા. રેવ. વિનસેન્ટ પેરોનેટ પણ ધર્મસેવક હતા.

ફ્રાંસના નામાંકિત એવાં પ્રોટેસ્ટંટ કુટુંબમાંથી તેઓ આવ્યા હતા. ફ્રાંસમાં ધર્મના નામે જે સતાવણી થઈ રહી હતી તેમાંથી બચવા તેઓએ ઈંગ્લેન્ડને પોતાનું વતન બનાવ્યું.

પિતા અને પુત્ર બંને જ્યોર્જ વ્હીટફીલ્ડ અને જોન વેસ્લીના સંપર્કમાં આવ્યા હતા અને એડવર્ડ પેરોનેટ તો જોન વેસ્લીની સાથે ઘણી વખત મુસાફરીએ જતા-તેમના કાર્યમાં મદદ કરતા. આવી "ઓપન એર મિટીંગ્ઝ"માં ઘણી વખત તેમનો વિરોધ કરવામાં આવતો. લોકોનાં ટોળાં પથ્થરમારો કરતાં. એક વખતે તો પેરોનેટને નીચે પટકી કાદવ કીચડમાં ઘસડવામાં આવ્યા હતા.

આ ગીતનો દુનિયાની લગભગ બધી જ ભાષાઓમાં અનુવાદ કરવામાં આવ્યો છે. આ ગીતમાં રહેલા ભાવાર્થ-પરાક્રમ-તેની અદ્‌ભુત અસર વિષે ભારતના એક મિશનરી રેવ. ઈ.પી.સ્કોટના જીવનનો આ એક પ્રસંગ અહીં ટાંકવામાં આવે છે.

રેવ. સ્કોટ ભારતનાં જંગલોમાં વસતાં આદિવાસીઓને સુવાર્તા પ્રગટ કરવા માગતા હતા. આવા આદિવાસીઓમાં ન જવા સ્કોટને તેમના ઘણા મિત્રોએ સલાહ આપી હતી પરંતુ રેવ. સ્કોટ પ્રાર્થના સાથે પ્રભુની દોરવણી માગીને ગયા.

ઘણા દિવસની મુસાફરી બાદ રેવ. સ્કોટને જંગલમાં અચાનક એક આદિવાસી ટોળાનો ભેટો થઈ ગયો. તેમના હાથમાં ભાલા તથા બીજાં તીક્ષ્ણ હથિયારો હતાં. રેવ. સ્કોટને લાગ્યું કે હવે મોત હાથવેંતમાં

જ છે, એવું ધારી પ્રાર્થના કરી. ત્યારબાદ પોતાનું વાયોલીન કાઢી આંખો બંધ કરી. "ઈસુના નામને દો મહિમા ને દૂતો લાગો પાય." એ ગીત ગાવા લાગ્યા. છેલ્લો શ્લોક ગાતાં ગાતાં રેવ. સ્કોટે આંખો ઉઘાડી તો શું જોયું ? આ આદિવાસીઓએ પોતાનાં હથિયારો હેઠાં મૂકી દીધાં હતા, અને ઘણાની આંખોમાંથી તો આંસુ વહેતાં હતાં.

આ રીતે આ ગીત દ્વારા તેમનાં હૃદય જીતી રેવ. સ્કોટે અઢી વર્ષ તેઓ મધ્યે પ્રભુ ઈસુના નામે સેવા કરી અને ઘણા આત્માઓ ખ્રિસ્ત ખાતર જીત્યા. જયારે તેઓ ફર્લો ઉપર જતા હતા ત્યારે ઘણાં ભાઈબહેનોએ તેમને ભાવભીની વિદાય આપી અને કહ્યું "અમારી મધ્યે સેવા કરવા ફરીથી જલદી પાછા આવજો."

રેવ. સ્કોટ ફર્લો ઉપરથી પાછા આવ્યા અને મરણ પામતાં સુધી તેમની મધ્યે રહી સુવાર્તા પ્રગટ કરી.

આ ગીતનો એક રાગ છે જેને "કોરોનેશન" કહેવામાં આવે છે. "રાજ્યાભિષેક" આ ગીતનો "કોરોનેશન" રાગ રચનાર, મેસેચ્યુસેટસ પરગણાના ચાલ્સર્ટન શહેરના ઓલીવર હોલ્ડન નામના એક સુથાર હતા :

જાન્યુઆરી ૨, ૧૭૯૨માં પેરોનેટ પ્રભુમાં ઊંઘી ગયા. તેમના છેલ્લા શબ્દો હતો :

"પરમ ઊંચામાં દેવને મહિમા હો, તેના હાથમાં હું મારો આત્મા સોંપું છું." ૧૯૮૪ નું વર્ષ શરૂ કરીએ ત્યારે આ પ્રશ્નો આપણે દરેક જણ પોતાને પૂછીએ.

શું પ્રભુ ઈસુ ખરેખર મારો રાજા છે ?
શું મેં તેના ચરણોમાં સર્વસ્વ ધર્યું છે ?
શું તે મારા કુટુંબનો રાજા છે ?
મારા જીવનમાં - મારા હૃદયની ગાદીમાં
શું તેનો રાજ્યાભિષેક થયો છે ?

"ઈસુના નામને દો મહિમા, ને દૂતો લાગો પાય
રાજમુગટ લઈ આવો બધા,
ને તેને માનો રાય"..."

(લીવીંગ સ્ટોરીઝ ઑફ ફેમસ હીમ્સના આધારે)

□

## "કેવું મધુર ઈસુનું નામ !"

આ સુમધુર ગીતના લેખક જોન ન્યૂટનનો જન્મ જુલાઈ ૨૪, ૧૭૨૫માં લંડનમાં થયો હતો. તેના પિતાજી વહાણના કપ્તાન હતા. જોનનાં મા ઘણાં જ ધાર્મિક હતાં. પોતાના વહાલા દીકરાને પવિત્ર શાસ્ત્ર અને ગીતો શીખવવામાં તેને ખૂબ જ આનંદ થતો. જોન ફક્ત ચાર વર્ષની ઉંમરે તો આખું "કેટેકીઝમ" તે મુખપાઠ તરીકે બોલી જતો કે વાંચતો. આ ધાર્મિક માતાની ઈચ્છા તથા પ્રાર્થના હતી કે પોતાનો વહાલો દીકરો પ્રભુનો ધર્મસેવક બને. પોતાની તંદુરસ્તી સારી ન રહેવાથી પોતાના વહાલસોયા દીકરા જોનને સાત જ વર્ષનો મૂકી આ ધાર્મિક માતા સ્વર્ગે સિધાવ્યાં.

અગિયાર વર્ષની ઉંમરે જોન તેના પિતા સાથે વહાણવટું કરવા નીકળી પડ્યો અને ભૂમધ્ય સમુદ્રની પાંચ વખત સફર કરી. આવી દરિયાઈ મુસાફરીઓ દરમ્યાન જોન દુષ્ટ સોબત અને બિભત્સ સાહિત્યનો ભોગ બન્યો અને પ્રભુથી ઘણે દૂર ભટકી ગયો.

એક વખત આફ્રિકાના ગુલામોના વેપાર કરનાર એક વેપારીના હાથમાં તે સપડાયો અને ગુલામોના ગુલામ તરીકે તેને ઘણાં જ હલકાં કામ કરવાં પડ્યાં. આવા સંજોગોમાં તે દરેક પ્રકારનાં પાપમાં પડ્યો. પરંતુ ઉડાઉ દીકરાને માતા યાદ આવ્યાં. માતાએ આપેલ ધાર્મિક શિક્ષણ, માતાની પ્રાર્થનાઓ અને પ્રભુના સેવક બનવાની માતાની ઈચ્છાએ તેને બેચેન બનાવ્યો. તેનું મન તેને ડંખવા લાગ્યું.

આવા કટોકટીભર્યા જીવનમાં તે "ખ્રિસ્તાનુકરણ" પુસ્તક વાંચતો હતો. આ પુસ્તકે તેના જીવન ઉપર ભારે અસર કરી.

દરિયાઈ સફરોમાં જીવલેણ માંદગીથી તથા દરિયાઈ ભયંકર તોફાનોથી પ્રભુએ તેને બચાવી લીધો હતો તે બધું યાદ આવ્યું અને ઉડાઉ દીકરા માફક તેણે પસ્તાવો કર્યો અને "પિતાના ઘેર" તેના કૃપાસન પાસે આવ્યો.

પોતાનાં પાપનો પસ્તાવો કરી પ્રભુ ઈસુને પોતાના અંગત તારનાર તરીકે સ્વીકાર્યો. માર્ચ ૧૦, ૧૭૪૮.

છ વર્ષ સુધી લીવરપુલમાં તે જયોર્જ વ્હીટફીલ્ડ તથા જોન વેસ્લીના ગાઢ સંપર્કમા આવ્યો. ગ્રીક અને હિબ્રૂ ભાષામાં બાઈબલનો અભ્યાસ કર્યો. કોઈ કોઈ વખત જાહેર સભાઓમાં સંદેશો પણ આપતો.

૧૭૬૪માં તેને દીક્ષા આપવામાં આવી અને ઓલની નામના શહેરમાં ચર્ચ ઑફ ઈંગ્લેન્ડના પાળક તરીકે સેવાઓ પણ આપી. આ ધર્મસેવાનાં વર્ષોમાં પ્રખ્યાત કવિ વિલ્યમ કાઉપરના સમાગમમાં તે આવ્યો.

૧૮૦૫માં જ્યારે તેની આંખોનું તેજ ઘટયું અને બરાબર વાંચી પણ શકતો ન હતો ત્યારે ઘણા મિત્રોએ તેને સલાહ આપી કે હવે ઉપદેશ કરવાનું તથા વાંચવાનું બંધ કરો.

ન્યૂટને જવાબ આપ્યો. "આફ્રિકામાં દુર્ભાષણ કરનાર ગુલામ જ્યાં સુધી બોલી શકે છે ત્યાં સુધી ઉપદેશ કરવાનું કેવી રીતે બંધ કરે ?"

અઠ્ઠાવીસ વર્ષની ફળવંત સેવા બાદ ૧૮૦૭માં લંડનમાં તેમનું મૃત્યુ થયું. અને તે પણ કેવા સંજોગોમાં...

ઉપદેશ કરવા ઊભા થયા. અને બોલ્યા, "પ્રભુ ઈસુ મૂલ્યવાન છે." આમ બે ત્રણ વખત જોરજોરથી બોલ્યા. જેના પડઘા પ્રભુમંદિરમા પડ્યા અને ત્યારબાદ જોન પ્રભુમાં ઊંઘી ગયા.

તેમના સેવાના નક્કર ફળ રૂપે બે મહાન સેવકો બહાર આવ્યા.

કલોડીઅસ બુકાનન વેસ્ટઈન્ડિઝમાં મિશનરી તરીકે ગયા, થોમસ સ્કોટ બાઈબલના ખુલાસા લખનાર મહાન લેખક બન્યા.

પોતાના બદલાણ બાદ આ વિશ્વ વિખ્યાત ગીત રચ્યું જે આપણા સંગ્રહમાં નથી.

"Amazing grace, how sweet the sound,
That saved a wretch like me;
I once was lost but now am found,
Was blind, but now I See."

પ્રભુની અદ્‌ભુત કૃપા કેવી મધુર લાગે છે. એ કૃપાએ મારા જેવા પાપીને તાર્યો. કારણ કે હું જયારે ખોવાયેલો હતો ત્યારે પ્રભુની કૃપાએ મને શોધી કાઢ્યો અને જે આંધળો હતો તે હવે દેખતો થયો.

પોતાની કબર ઉપર શું લખવું તે લખાણ પણ જોને પોતે જ આગળથી તૈયાર કર્યું હતું જે નીચે પ્રમાણે છે.

"જોન ન્યૂટન-કલાર્ક એક વખતે અવિશ્વાસુ, આફ્રિકાના ગુલામોનો ગુલામ, આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની મૂલ્યવાન કૃપાએ તાર્યો, બચાવ્યો, સંભાળ્યો અને જે વિશ્વાસનો નાશ કરવા લાંબો સમય મહેનત કરી તે જ વિશ્વાસને પ્રગટ કરવા નિમાયેલો સેવક."

ધન્ય છે આ ધાર્મિક માતાને અને ધન્ય છે જોન ન્યૂટનને જે સ્વર્ગસ્થ માતાને યાદ કરી, પસ્તાવો કરી ઉડાઉ દીકરાની માફક પ્રભુ પાસે પાછો આવ્યો અને ગાયું :

કેવું મધુર ઈસુનું નામ લાગે વિશ્વાસીને,
ભય હરે, ઘા રૂઝવે તમામ, ને સર્વ શોક હણે,
એ નામ છે મારો ગઢ આધાર, મુજ ઢાલ ને આશ્રયસ્થાન
અખૂટ દ્રવ્યનો છે ભંડાર, કૃપા પૂર મૂલ્યવાન
જયાં સુધી જીવું જગત માંય, તુજ પ્રીતનાં ગાઉ ગાન
ને મારું મરણ જયારે થાય, તાજગી પામે મુજ પ્રાણ.

# "મુજ સાથે રહે"

કેટલી બધી વાર પ્રભુના સેવકોની કદર તેમના મૃત્યુ બાદ થાય છે. આવું જ કંઈક પ્રભુના સેવક રેવ. ડૉકટર હેનરી લાઈટના જીવનમાં પણ બન્યું.

"મુજ સાથે રહે" એ ગીત માટે અમેરિકન પ્રજાનો અભિપ્રાય માંગવામાં આવ્યો. ૩૨૦૦૦માંથી ૭૫૦૦ વ્યક્તિઓએ જવાબ આપ્યા, જેમાં એમણે "મુજ સાથે રહે" એ ગીતને પ્રથમ સ્થાન આપ્યું.

"જીવતા ખડક ખરી આડ"

"ઈસુ મુજ આત્માના વા'લ"જેવાં ગીતોને બીજો નંબર મળ્યો.

આવા મશહૂર ગીતના લેખક રેવ. હેનરી લાઈટનો જન્મ જૂન ૧, ૧૭૯૩માં સ્કોટલેન્ડમાં થયો હતો. બાળપણમાં જ તેઓ અનાથ બન્યા ગરીબીનો સખત સામનો કરવો પડ્યો.

વિદ્યાભ્યાસમાં તેઓ ઘણા જ હોંશિયાર હતાં. કાવ્યો રચી ત્રણ વખત પ્રથમ ઈનામો પ્રાપ્ત કર્યા હતાં.

તેમની ઈચ્છા તો ડૉક્ટર બનવાની હતી.

પરંતુ કૉલેજ જીવન દરમ્યાન-પ્રભુને પોતાનું જીવન સોંપ્યું અને પૂર્ણસમયી ધર્મસેવાનું તેડું સ્વીકાર્યું. ધર્મસેવકના તેડા માટે નીચેના બનાવે લાઈટના જીવનમાં અગત્યનો ફાળો આપ્યો હતો.

પોતાના એક અંગત મિત્ર મરણપથારીએ હતા. પોતાને કંઈ મદદરૂપ થાય તેથી આ મિત્રએ હેનરી લાઈટને બોલાવ્યા. આ બંને મિત્રએ સાથે શાસ્ત્રાભ્યાસ કરી બંનેએ નવા જન્મનો અંગત અનુભવ કર્યો અને પોતાનું જીવન પ્રભુને સોંપ્યું. ત્યાર બાદ થોડા જ સમયમાં આ મિત્રનું મૃત્યું થયું, જેની લાઈટના જીવન ઉપર ઊંડી અસર થઈ.

રેવ. લાઈટે ૨૫ વર્ષ માછીમારો ખલાસીઓ જેવા ગરીબ લોકો મધ્યે ધર્મસેવા કરતાં કરતાં પોતાની જાત ઘસી નાખી અને તેથી ભયંકર માંદગીમાં સપડાયા.

૪-૯-૧૮૪૭ ના રવિવારે તેમની મંડળીમાંથી છેલ્લી વિદાય લેવાનો સમય આવી પહોંચ્યો. મિત્રો અને સગાંવહાલાંઓએ તેમને સલાહ આપી કે નાદુરસ્તીને લીધે તેઓ સંદેશો ન આપે તો સારું. તેના જવાબમાં રેવ. લાઈટે કહ્યું, "કટાઈ જવા કરતાં ઘસાઈ જવું વધારે સારું છે. **"It is better to wareout than to rust out."**

રેવ. લાઈટે આ પ્રસંગે ખૂબ જ ભારે હૈયે તેમનો છેલ્લો સંદેશો પોતાની વહાલી મંડળીનાં ભાઈ-બહેનોને આપ્યો. શ્રોતાજનોનાં હૃદય હચમચી ગયાં.

લોકોની આંખોમાંથી આંસુ વહેતા હતા. કારણ કે પોતાના વહાલા પાળકને તેઓ હવે છેલ્લી વાર સાંભળી રહ્યા હતા. સંદેશા બાદ પ્રભુભોજનનો પવિત્ર સંસ્કાર પાળવામાં આવ્યો.

તે જ દિવસે સાંજના તેઓ ફરવા નીકળ્યા.. ભવ્ય સૂર્યાસ્ત નિહાળ્યો. બાદ તેઓ પોતાના ઘરે પાછા ફર્યા. પોતાના રૂમનું બારણું બંધ કર્યું. અને એકાદ કલાકમાં જ બહાર આવ્યા અને પોતાના એક સગાને આ વિશ્વ વિખ્યાત ગીતની હસ્તપ્રત આપી.

ત્યાર બાદ પોતાનું વહાલું ઈંગ્લેન્ડ છોડયું અને ઈટાલી જવા નીકળ્યા. પરંતુ જીવલણે માંદગીના લીધે તેમને "નાઈસ" નામના શહેરમાં વહાણમાંથી ઊતરી જવું પડ્યું અને નવેમ્બર ૨૦, ૧૮૪૭ના રોજ તેઓ પ્રભુમાં ઊંઘી ગયા. તેમના છેલ્લા શબ્દો હતા : "આનંદ-શાતિ"

આ ગીતમાંથી હજારો ભાવિકોએ આનંદ-શાંતિ-દિલાસો મેળવ્યો છે અને મેળવતાં જ રહેશે.

**મુજ સાથે રહે કે સાંજ તો પડે છે.**

★

## નવલિકા

| | | |
|---|---|---|
| ૧ | વધસ્તંભ અને ચપ્પુ | ૩૦-૦૦ |
| ૨ | સમૃધ્ધ ખ્રિસ્તી જીવન | ૩૦-૦૦ |
| ૩ | ચિરાયેલો પડદો | ૩૦-૦૦ |
| ૪ | સ્ત્રી રત્નો | ૨૦-૦૦ |
| ૫ | ક્વો-વાડીસ | ૩૦-૦૦ |
| ૬ | બારાબ્બાસ | ૩૦-૦૦ |
| ૭ | ધી-રોબ | ૩૫-૦૦ |
| ૮ | કલ્યાણી | ૧૦-૦૦ |
| ૯ | ટૈટસ | ૩૫-૦૦ |
| ૧૦ | માણસ એ કોણ છે | ૧૦-૦૦ |
| ૧૧ | અરમાન નાટય સંગ્રહ | ૪૦-૦૦ |
| ૧૨ | પડદાની પેલે પાર | ૪૦-૦૦ |
| ૧૩ | યાત્રાકારી ભાગ-૧ | ૨૦-૦૦ |
| ૧૪ | ફબીઓલા | ૩૫-૦૦ |
| ૧૫ | નિર્મળા | ૧૦-૦૦ |
| ૧૬ | યોનેકો | ૧૫-૦૦ |
| ૧૭ | યાત્રાકારી ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૧૮ | બેનહર | ૩૦-૦૦ |
| ૧૯ | હૃદય પલટો વિશ્વપલટો | ૧૦-૦૦ |
| ૨૦ | જખમ અને જીવન | ૩૦-૦૦ |
| ૨૧ | શરણાગતિ | ૨૦-૦૦ |

## અન્ય

| | | |
|---|---|---|
| ૧ | યુવાવસ્થા સોનાની ખાણ | ૧૫-૦૦ |
| ૨ | પરિશ્રમની કેડીએ ભાગ-૧ | ૧૫-૦૦ |
| ૩ | પરિશ્રમની કેડીએ ભાગ-૨ | ૧૫-૦૦ |
| ૪ | ઝબકાર અને ઝાંખી | ૨૦-૦૦ |
| ૫ | વેસ્લીયન પ્રણાલી મુજબનું ભક્તિયુક્ત જીવન | ૧૫-૦૦ |
| ૬ | સ્ત્રી-પુરૂષ સંબંધ | ૨૦-૦૦ |
| ૭ | પ્રભુ જીવન કેવી રીતે પ્રાપ્ત કરી શકાય | ૧૦-૦૦ |
| ૮ | પરિવર્તન પામેલા પાત્રો | ૧૫-૦૦ |
| ૯ | ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીનો ૧૫૦ વર્ષનો ઈતિહાસ | ૩૦-૦૦ |
| ૧૦ | ક્ષિતિજને પેલે પારથી | ૨૦-૦૦ |
| ૧૧ | સ્વર્ગ યાત્રા | ૨૦-૦૦ |
| ૧૨ | ઈશ્વરનો સાક્ષાત્કાર | ૨૦-૦૦ |
| ૧૩ | ખ્રિસ્તી કુટુંબ અને ઘર | ૨૦-૦૦ |
| ૧૪ | ઇશ્વર મારા ધંધાના માલિક છે | ૧૫-૦૦ |
| ૧૫ | મારુ ઋણ | ૧૨-૦૦ |

## કોમેન્ટરી

| | | |
|---|---|---|
| ૧ | કાળવૃતાંતનો સંદેશ | ૧૨૫-૦૦ |
| ૨ | પ્રેષિતોના કાર્ય ધ્વારા મળતો ઈશ્વરીય સંદેશ | ૮૦-૦૦ |
| ૩ | ફિલિપ્પીનો પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૪ | ગિરિપ્રવચન | ૪૦-૦૦ |
| ૫ | કરંથિઓનો પહેલા પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૬ | કરંથિઓનો બીજા પત્રનો સંદેશ | ૩૦-૦૦ |
| ૭ | સભાશિક્ષક | ૩૦-૦૦ |
| ૮ | ઉત્પત્તિનો સંદેશ ૧૨ થી ૫૦ | ૪૦-૦૦ |
| ૯ | હિબ્રૂઓના પત્રનો સંદેશ | ૫૦-૦૦ |
| ૧૦ | અયૂબ | ૬૦-૦૦ |
| ૧૧ | યશાયા | ૧૨૫-૦૦ |
| ૧૨ | ગીતોનું ગીત | ૬૦-૦૦ |
| ૧૩ | પિતરનો પહેલો પત્ર | ૧૨૫-૦૦ |
| ૧૪ | વૈદિક ખોજની પરિપૂર્ણતા ઇસુખ્રિસ્ત | ૨૫-૦૦ |

## અન્ય

| | | |
|---|---|---|
| ૧ | દુ:ખ દ્વારા શિક્ષણ | ૧૦-૦૦ |
| ૨ | મને પ્રાર્થના કરતાં શીખવો | ૨૫-૦૦ |
| ૩ | પવિત્ર યુદ્ધ | ૧૦૦-૦૦ |
| ૪ | રશિયા ઇઝરાયેલ અને બાઇબલ | ૪૦-૦૦ |
| ૫ | ક્રોસ કથાના પાત્રો | ૨૦-૦૦ |
| ૬ | તમારા પ્રશ્નોના ઉત્તર | ૨૦-૦૦ |
| ૭ | સૂર-સંદેશ | ૨૦-૦૦ |
| ૮ | મિલેનિયમનો સ્વામી | ૨૫-૦૦ |
| ૯ | એસ્તર | ૨૦-૦૦ |

# લેખકનો પરિચય



રેવ. ડૉ. આર. એમ. રાઠોડસાહેબ બહુમુખી પ્રતિભા ધરાવનાર પ્રભુના સેવક હતા. પ્રભુની યોજના કેવી ગહન અને મહાન હોય છે જે માનવી સમજી શક્તું નથી. ગામડામાં જન્મેલા અને ખેડૂત પરિવારમાં જન્મેલા પ્રભુના સેવકને ગામની સીમાઓ બાંધી રાખી શકી નહિ.

પ્રભુએ તેના સેવક્નો ભરપૂર રીતે તેના મહિમાને માટે ઉપયોગ કર્યો હતો. તેમની સેવા તમામ પાસાંઓમાં ભવ્ય રહી. તેમની સેવાઓની અસર ગુજરાત, ભારત અને વિશ્વના ઘણા બધા દેશો સુધી પહોંચી હતી. તેઓ પ્રખર વક્તા હતા. તેઓ પોતાની સેવા દરમિયાન ખૂબ વ્યસ્ત રહ્યા હતા.

આ બધાની વચ્ચે પ્રભુના સેવકે બે પુસ્તકોની ભેટ ગુજરાતની ખ્રિસ્તી જનતાને આપી છે. જે માટે આપણે સહુ તેમના આભારી છીએ.

તેમના આ પુસ્તક દ્વારા તેમના જ્ઞાનનો લાભ તેના વાચકોને અવશ્ય કરાવ્યો છે. આ પુસ્તક તે જ સાબિત કરે છે કે તેમના પુસ્તક્ને સમાજે પોતાનું કરી લીધુ છે. વળી જે વિષય અંતરગત તેમણે આ પુસ્તક લખ્યું છે અને વિષયને જે રીતે ન્યાય આપ્યો છે તે અભિનંદનને પાત્ર છે.

ગુજરાતની ખ્રિસ્તી સમાજના હાથમાં આ પુસ્તક મૂક્તાં આનંદની લાગણી અનુભવું છું. આશા છે કે આ પુસ્તક વાંચતા જાણે રેવ. ડૉ. રાઠોડસાહેબ તેના વાંચકો સાથે બોલતા હોય તેવો અનુભવ અવશ્ય થશે.

આ પુસ્તક્ને માટે તથા તેના સેવક્ના જીવાઈ ગયેલા જીવનને માટે પ્રભુના નામને માન તથા મહિમા હો.

પ્રભુમાં આપનો
**રેવ. હેમંતકુમાર જે. પરમાર**
સેક્રેટરી

**સાહિત્ય સેવા સદન**
**એલિસબ્રિજ,**
**અમદાવાદ-૩૮૦૦૦૬**


**Published and Distributed by:**

GUJARAT TRACT AND BOOK SOCIETY
Sahitya Seva Sadan, Near Gujarat College,
Ellisbridge, Ahmedabad - 380006. INDIA
**Phone : 26445281 E-mail : gtbs_1852@yahoo.co.in**